: પ્રાપ્તિસ્થાન :

૧. સોમચંદ ડી. શાહ, પાલીતાણા (સૌરાષ્ટ્ર).

૨. ચંપકલાલ ચતુરદાસ. ઠે કાશીપુરા. મુ.બોરસદ વાયા-આણંદ

૩. રસિકલાલ રામચંદ, ૮૦૯/૨ ટંકશાળ, કાળુપુર, અમદાવાદ.

૪. જયપ્રકાશ શાંતિલાલ [illegible] પોળની સામે, ગીરાશની પોળ,
મુ. વડોદરા.

ૐ હ્રીં શ્રીં અર્હં શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

મં ગ લ વ ચ ન

માનવજીવનની મહત્તા એક જ કારણે છે કે જીવનને ઉર્ધ્વગામી અને ઉન્નત બનાવવા માટે સર્વશ્રેષ્ઠ આચારો તથા સર્વશ્રેષ્ઠ વિચારો પ્રાપ્ત કરવા માટે માનવજીવન જ દરેક રીતે સામર્થ્ય ધરાવે છે. આત્માની વાસ્તવિક ઉન્નતિ ચારે ગતિઓમાં કેવળ માનવજન્મમાં શક્ય છે. સુંદર કોટિના આચારો તથા વિચારોનો સમન્વય તે જ સદ્ધર્મ છે તે સદ્ધર્મની આરાધના માનવભવ સિવાય કયાંય શક્ય નથી.

સદ્ધર્મ પ્રત્યે શ્રદ્ધા કદાચ નરકાદિ દુર્ગતિમાં પ્રગટી શકે. સદ્ધર્મનું શ્રવણ, સમજણ ને શ્રદ્ધા દેવલોકના દેવો પ્રાપ્ત કરી શકે. પણ તેનું આચરણ દેવો કરી શકતા નથી. પશુ-પક્ષી આદિ તિર્યંચોને ધર્મનું શ્રવણ શક્ય બને પણ સમજણ પ્રાયઃ તે જીવોને હોતી નથી. માટે જ શ્રી ગુરુમુખેથી શાસ્ત્રશ્રવણદ્વારા શ્રદ્ધા-સમજણ મેળવી તે મુજબ અખંડિતપણે આરાધના માનવભવમાં જ થઈ શકે. આજ કારણે માનવની મહત્તા દરેક ધર્મશાસ્ત્રોએ પોકારી પોકારીને જણાવી છે.

કામપુરુષાર્થની સાધના એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પશુ-પંખી આદિ સર્વના જીવનમાં ચાલુ છે. અર્થપુરુષાર્થની સાધના મુખ્યતયા મનુષ્યો અને દેવોના જીવનમાં રહેલી છે. સર્વસંસારી જીવોએ અનંતભૂતકાળમાં અર્થ, કામની પ્રબળપણે સાધના કરી છે. તેમાં પૂર્વપુણ્યાઈના કારણે જરૂર સંસારીજીવોને સફળતા મળી છે તે પણ પરંપરાએ ધર્મના કારણે.

અનંત ભૂતકાળમાં મોહમૂઢ આત્માએ પુણ્યમાટે ધર્મની આરાધના જરૂર કરી છે. ફક્ત મોક્ષના ઉદ્દેશથી તેણે ધર્મની આરા-

ધના કદિ કરી નથી. પરમતારક શ્રીજિનેશ્વરભગવંતના ધર્મની સફળ આરાધના કેવળ મોક્ષના ઉદ્દેશના જ કારણે છે. જન્મ, જરા તથા મૃત્યુ, રોગ, શોક અને સંતાપ, આધિ, વ્યાધિ તેમજ ઉપાધિ ઇત્યાદિથી પરિપૂર્ણ આ સંસારમા આત્માએ આ ત્રણેય પુરુષાર્થની સાધના દ્વારા અત્યાર સુધી પ્રાપ્ત શું કર્યું ? કેવળ દુઃખ, દુઃખ ને દુઃખજ. જ્યાં ગયો ત્યાં બિચારા તરીકે જન્મ્યો, અશરણ બનીને જીવ્યો ને દીનતાપુર્વક મૃત્યુની ગોદમાં સમાઈ ગયો. ફરી પાછો એજ ક્રમ તેણે ચાલુ રાખ્યો. અસંખ્યકાળ દેવલોકમાં સુખમાં વ્યતીત કર્યો કે અસંખ્યકાળ દુઃખમાં વ્યતિત કર્યો પણ તેની દશા આજ રીતે આરા એ સંસારમાં અત્યાર સુધી રહી છે.

દુઃખના ઉદ્વેગથી, પ્રતિકૂળતાના ત્રાસથી ને અશાતા તથા અરતિની પીડાથી તે જરૂર વ્યથિત તેમજ પીડિત બન્યો છે પણ તેણે દુઃખના કારણરૂપ પાપનો ઉદ્વેગ, ત્રાસ કે તેની પીડા જાણી નથી. દુઃખ એ વાસ્તવિક દુઃખ નથી. પણ પાપ એ વાસ્તવિક દુઃખ છે. દુઃખની પરંપરા એ ભયજનક નથી પણ કર્મની પરંપરા વાસ્તવિક ભયજનક છે. મૃત્યુ એ દુઃખ નથી. જન્મ એ દુઃખ છે. માટે જ ધર્મની આરાધનાનું અંતિમ ધ્યેય કર્મની પરંપરાને ટાળવાનું છે.

જમ્બૂદ્વીપક્ષેત્ર-પ્રતિષ્ઠાનનગરમાં શ્રીતીર્થંકરદેવની [illegible]

અનંતઉપકારી પરમકરુણાસાગર શ્રી જિનેશ્વર દેવના ધર્મની આરાધના જ મોક્ષપ્રાપ્તિ માટેનો એક રાજમાર્ગ છે. આ માર્ગ પર કદમ ભરનાર મુમુક્ષુ આત્માઓને આત્મ સાધના માટે તપ, ત્યાગ, વૈરાગ્ય, સંયમ, સ્વાધ્યાય, ક્ષમા, સત્ય, ધીરતા, ગંભીરતા ઇત્યાદિ સદ્‌ગુણોની પરિણતિમાં સ્થિર રહીને તેની નિર્મળતા તથા અખંડિતતા માટે જાગૃત રહેવું જરૂરી છે.

'પ્રસ્તુત' 'પદ્મસૌરભ' પ્રકાશન મુક્તિની મંગલ સાધનાના માર્ગે પ્રયાણ કરનાર મુમુક્ષુ અધ્યાત્માઓને માર્ગમાં સહાયક બને તેવું અલ્પપાથેય પીરસે છે. પુસ્તકના વિવિધ વિષયો સ્વાધ્યાય રસની અપૂર્વ લ્હાણ કરાવે તેવા છે. લેખક મુનિરાજશ્રીએ લખેલ વિવિધ વિષયો પરના લેખો આરાધક વર્ગને રત્નત્રયીની આરાધનામાં જાગૃતિનો સંદેશ સુણાવી જાય છે.

'મન અને મંત્ર' લેખમાં મનની મહત્તા સમજાવવા સાથે મનને મારનારો મહાન બની શકે છે. એ હકીકત સાથે મનને વશ કરવા માટે શ્રીનમસ્કાર મહામંત્રનો જપ ખૂબ ઉપકારક છે. તે સ્પષ્ટ રીતે જણાવાએલ છે.

'ચૌદપૂર્વનો સાર' તથા 'મહામંત્રનું સામર્થ્ય' આ બે લેખો. શ્રીનમસ્કાર મહામંત્રનો મહિમા અને સ્વરૂપ સમજવા માટે મનનીય અને મહત્ત્વના છે. આ ત્રણેય લેખો મનને મહામંત્રમાં ઓતપ્રોત બનાવવા અદ્‌ભુત પ્રેરણાદાયી છે. યુક્તિઓ તથા વ્યવહારુ દૃષ્ટાંતો દ્વારા મંત્રનો મહિમા સમજાવનાર ત્રીજો લેખ સુંદર રીતે મંત્ર-શાસ્ત્રના રહસ્યને રજુ કરે છે.

'રોગ હજાર ઔષધ બાર' લેખ જૈનદર્શનના જ્ઞાન-ક્રિયારૂપ અનુષ્ઠાનોમાં કેટકેટલી વૈજ્ઞાનિકતા જળવાઈ રહી છે તે સમજાવે છે. તપધર્મના બારે ભેદોમાં હજારો દ્રવ્ય તથા ભાવરોગોને નાશ કરવાનું કેવું સામર્થ્ય છે તે સરસ અનેમ નનીય કથા દ્વારા રજુ કરે છે.

'મંત્રાધિરાજની ઉપાસના' પૂર્વના ૩ લેખોના અનુસંધાનમાં મંત્રાધિરાજની ઉપાસનામાં ઉપકારક અનેક ઉપયોગી શાસ્ત્રીય

હકીકતોનો નિર્દેશ કરે છે. જેમાં લેખક મહારાજશ્રીએ પોતાના વાંચન-મનનનો સાર અને તેનું દોહન ગાગરમાં સાગરની જેમ અહિં સમાવિષ્ટ કરેલ છે. જાપ તથા જપસાધકની યોગ્યતા પર પણ આ લેખમાં ઠીકઠીક પ્રકાશ મહારાજશ્રીએ પાથરેલ છે.

'મનનો માલિક અનાર્વાંગી' લેખ શ્રીહર્ષરાજનો વૈરાગ્ય રાજકુમાર શ્રીદેવને રાજ્ય સોંપતા આપેલી મહત્વની ૪૦ હિત-શિક્ષાઓ, નવકારની મંગલમયતા તારકતા, અને લક્ષજાપનું અનુષ્ઠાન વગેરે રસમય હકીકતોથી સભર છે. કથા પ્રસંગ એવો છે કે વાંચતા નવકાર પ્રત્યેની શ્રદ્ધામાં અવશ્ય ઉમેરો થાય.

'સર્વકલ્યાણકર જાપ' લેખ શ્રીનમસ્કારમહામંત્રનાં જાપની મહત્તા-અનિવાર્યતા અને લાભોને વિશદ રીતે સમજાવી જાય છે. 'નવકારનો મંગલધ્વનિ' લેખ નવકારના મંગલમય સ્મરણના ગૌરવગાનને આલેખે છે. જેમાં એક દીવામાંથી બીજો

સુધાઅંકિં ડકમાં પણ મારઆદી રીતીએય આઠ આત્માર્થી જીવોએ અવશ્ય સમજવા જેવો છે અને તેનો ત્યાગ કરી અનુષ્ઠાનોને પ્રાણવાન બનાવવાની આવશ્યકતા છે.

'આદર્શ વિનય' માં તારક અને ઉદ્ધારક પૂ. ગુરુમહારાજની આજ્ઞાનું પાલન કરનાર સુવિનીત શિષ્યની કથા દ્વારા જૈનશાસનના વિનયગુણને દર્શાવ્યો છે. જૈનશાસનમાં વિનય જ સર્વ ગુણોનું તથા સર્વ પ્રકારની આરાધનાનું મૂળ છે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિનો આધાર ગુરુમહારાજ છે, તેમની પ્રસન્નતા, તેમના પ્રત્યેના બહુમાન પૂર્વકના વિનય ભાવથી પ્રાપ્ત થાય છે, આ ટુંકા લેખમાં તે મહત્ત્વની હકીકત સમજાવી છે.

'સર્વ શ્રેષ્ઠ વિકાસના મંગલમાર્ગે' લેખ આ મહામંત્રના જાપનો પુરુષાર્થ આરાધક આત્માઓને અનેક રીતે ઉપકારક છે. તેમાં તથાભવ્યત્વના પરિપાકના સાધનો-ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતઅનુમોદનાનો નવકારમાં સમાવેશ-સમન્વય કરી નવકાર જાપની અનિવાર્યતા સૂચિત કરે છે.

'સંતોષ સુરતરુ' લેખ સંતોષની પ્રતિષ્ઠા તથા મહત્તા સમજવા ઉપયોગી છે વસ્તુતઃ, ભલાભે સંસારના સર્વપ્રકારના બાહ્ય સુખસાધનો બહુ તો ક્ષણિક સુખ એટલે આરામ આપી શકે પણ શાંતિ તથા જીવનનો સાચો આનંદ, શાતા તથા સમતાનો રસાસ્વાદ સંતોષ ગુણને જ આભારી છે. સંતોષમાં સાત્વિકતા સાધુતા, પવિત્રતા, શાંતિ, સમૃદ્ધિ તેમજ બહારની સદ્‌ગતિ છે સર્વોદિના ઉત્તમ આચારોનો ભંડાર સંતોષ છે. ત્યારે સર્વ પ્રકારના પાપોનો બાપ લોભ છે વિદ્યાપતિ શેઠ સંતોષના કારણે સમૃદ્ધિ પામવા છતાં જે અલિપ્ત રહી શક્યા તે પ્રેરક અને માનવોને છે આજે કેટલા ધનની પાછળ ધમપછાડા કરતા માનવોને

'જ્ઞાનદીપ'માં વિદ્યાપતિનો જીવનપ્રસંગ અનેક રીતે રૂપે આપ્યો છે. વિરતિના સદાચારશિરોમણિ, પાપના ભયથી યુક્ત તથા સદાચારિત્રને કરાવતું જ્ઞાન જ સાચું જ્ઞાન છે. જે જ્ઞાનમાં પુષ્પ પાપની

બંધ, મોક્ષની અને હેય, જ્ઞેય તથા ઉપાદેયની વાસ્તવિક સમજણ નથી તે જ્ઞાનની ફુટી કોડીનીયે કિંમત નથી. તે હકીકત વિદ્વાન મુનિરાજશ્રીએ દ્રષ્ટાંતોપૂર્વક ઘણી સુંદર રીતે આલેખીને સમ્યગ્જ્ઞાનનો મહિમા ગાયો છે.

'ધર્મામૃત' લેખમાં સદ્દધર્મના સ્વરૂપને સમજાવતી પ્રશ્નોત્તરી સરળ અને સચોટ શૈલીએ આલેખાઈ છે.

વિદ્યાર્થીજીવન આજે જે રીતે નાસ્તિકતા, સ્વચ્છંદતા, જડતા તથા વિલાસિતાના માર્ગે વળીને આશીર્વાદરૂપ બનવા ને બદલે દેશ, સમાજ કુલ તથા કુટુંબને શ્રાપરૂપ બની રહેલ છે.

આજના યુવાનની શક્તિઓ સંસારની શોભા બનવાને બદલે જે રીતે સંસારનું કલંક બની રહી છે તેની સામે **'વિનાશના ચાર માર્ગો'** લેખ લાલબત્તી ધરે છે. પાણીના પ્રવાહમાં તાકાત છે પણ એ જો નિરંત્રિત હોય તો સારાયે સંસારને ઉજ્જડ વેરાન બનાવી દે. આજ હકીકતને અનુલક્ષીને મુનિરાજશ્રી વિદ્યાર્થીજગતને ઉદ્દેશીને જે કાંઈ ઉપદેશ આપે છે તે વિદ્યાર્થીઓ, યુવકો, વાલીઓ તથા શિક્ષકો–યાવત સર્વ કોઈને પ્રેરક અને માર્ગદર્શક છે. અજ્ઞાન, પ્રમાદ, અહંકાર તથા કુસંગતિથી વર્તમાનના યુવકોમાં નાસ્તિકતા, સ્વચ્છંદતા, જડતા તેમજ વિલાસિતા આવી રહી છે. જેના પરિણામે સમાજની સંપત્તિરૂપ, ભારતની આવતી કાલની આશા સમાન યુવાન આજ [illegible] આજે બરબાદ બની રહી છે. તે માટે મુનિરાજશ્રીએ [illegible]

રુચિકર બનાવે છે. જે આ 'પ્રસંગ ત્રિવેણી'માં રજુ થયેલ ત્રણ દૃષ્ટાંતો વાંચતા સમજાઈ જાય છે.

'પુનિત પર્વાધિરાજ' લેખમાં પર્યુષણાપર્વ પુર્વની મહાન પુણ્યાઈથી આત્માને પ્રાપ્ત થાય છે. પર્વઆરાધનાનો મહિમા નૂતનશૈલીએ સુંદર રજુ થયો છે.

'મનન મધુ' લેખમા સંવેગ અને વિરાગ એ બે આંતર દિવ્યચક્ષુ વિષે મહત્વની બાબતો શાસ્ત્રીય દૃષ્ટિએ સ્વચ્છ શૈલીએ મુનિરાજશ્રી દર્શાવે છે. ત્યાગ, તપ, દાન, સ્વાધ્યાય, ધ્યાન કોઈપણ ધર્માનુષ્ઠાન ત્યારેજ કાર્યસાધક બને, મોક્ષસાધક બને જ્યારે આત્મા સંસારવર્તી સર્વ અનુકુળ-પ્રતિકૂળ, સુખ-દુઃખ, ઈષ્ટ અનિષ્ટ સર્વપદાર્થો પ્રત્યે સંવેગ અને વૈરાગ્યભાવને ધારણ કરનારો બને છે. વૈરાગ્ય જ સંસારનું અમૃત છે. ત્યાગનું તત્વ છે, આત્માનું ઓજસ અને ચેતનનું ચૈતન્ય છે. વૈરાગ્યભાવ વિનાનો ત્યાગ કેવલ વિડંબણારૂપ છે.

'પ્રસંગરંગ'માં મનન-ચિંતન યોગ્ય સામગ્રીનો રસથાળ રજ થયેલ છે. ત્યાગ-વૈરાગ્ય અને આત્મજાગૃતિની પ્રેરણા આપતો આ લેખ એટલો જ ઉપયોગી થઈ પડે તેમ છે. અંતે 'ધર્મ જાગરિકા'માં સારાયે પુસ્તકનો સાર આવે છે, માનવજીવનની સફળતાનો સુંદર સંદેશ આ ટુંકા છતાં મનનીય લેખમાં સમાવિષ્ટ થઈ જાય છે. એકંદરે ૨૦ લેખાંકોમાં લેખક મુનિવરશ્રીએ પોતાના શાસ્ત્રાભ્યાસ, સ્વાધ્યાય, ચિંતન, મનન તથા અનુભવના પરિપાકરૂપે પ્રાપ્ત થયેલ સદ્બોધ, સરળ તથા શાંતશૈલીએ ભાષા તથા ભાવની ભવ્યતાને જાળવીને અહિં રજૂ કરેલ છે. મુનિવરશ્રી પાસે શક્તિ છે, અભ્યાસ તેમજ અવલોકન છે. ચિંતન અને મનન છે. વિચારોમાં મૌલિકતા તેમજ તાત્વિકતા છે. એ બધાની ઘેરી તથા ગંભીર છાયા તેમના લખાણોમાં જરૂર દેખા દઈ રહી છે.

ખૂબ જામી પડેલું છે. એથી સંઘમાં શ્રદ્ધાબળ તેમજ નિત્ય-નૈમિત્તિક અનુષ્ઠાનોમાં શિથિલતા વ્યાપી રહી છે. ધર્મના વિવિધ અંગોને ઘસારો પહોંચે છે. જૈનશાસન અને શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘના બંધારણને આંચકો લાગી રહ્યો છે.

આજની **શિક્ષણ પદ્ધતિ** આર્યસંસ્કૃતિના, પ્રાચીન વિદ્યાભ્યાસની પદ્ધતિના અને જૈનધર્મના પાયામાં સુરંગરૂપ છે. પાશ્ચાત્ય અનુકરણવાળી **જીવન પદ્ધતિ**માં ધાર્મિકતા અને સાત્વિકતાના ચૂરેચૂરા થઈ રહ્યા છે. આપણી બેસવાની ડાળપર થતાં આ કુહારાઘાતને અટકાવવાની અને આપણને ભવ પાર કરનારા જહાજને પડતા ગાબડા પૂરવાની સૌની ફરજ છે. અમે આપ સૌના સહકારથી એ કાર્ય કરવા માંગીએ છીએ. અમારી આ ગ્રંથમાળા ધીમા પણ નક્કર પગલે પ્રગતિ સાધી સાત્વિક અને તાત્વિક શ્રુત-સાહિત્યના રસથાળ વાંચકોના કરકમળમાં ધરશે. એની વાંચકો અને ગ્રંથમાળાના માનવંતા સભ્યો નોંધ લે

અમારી ગ્રંથમાળા વિદ્વાન લેખકોને ભાવભર્યું આમંત્રણ આપે છે. લેખન માટે ગ્રંથમાળાની શરત એ છે કે લખાણ જિનાગમને બાધક ન હોવું જોઈએ. ભાષા, અવતરણ, પ્રૌઢ અને આકર્ષક હોવી જોઈએ. લેખનમાં નૈતિકતા તેમજ ધાર્મિકતાનું પોષણ થવું જોઈએ.

卐 સમ્પાદકીય 卐

'પદ્મસૌરભ' આ ગુરુસ્મૃતિ ગ્રંથનું સમ્પાદન, મને ધર્મના પગથીએ ચઢાવનાર આબાલબ્રહ્મચારી પરમોપકારી ગુરુદેવ શ્રી મિત્રાનંદ વિજયજી મહારાજની પ્રેરણા થવાથી મેં કર્યું.

તેઓશ્રીએ મારા પર અગણિત ઉપકારો કર્યા છે. તેમાં આ એકનો વધારો થયો. કારણ શ્રુતભક્તિ અને ગુરુસેવાની અમૂલ્ય તક ગુરુદેવશ્રીએ મને આપી.

જૈનશાસનરૂપ નભોમંડળમાં લેખકશ્રીના ગુરુદેવ પૂ પં. પદ્મવિજયજી ગણિવરનું તેજસ્વી સિતારા તરીકે સ્થાન અને માન છે. તેઓશ્રીની પુણ્યયાદમાં આ ગ્રંથનું 'પદ્મ સૌરભ' નામ પસંદ કર્યું છે.

પૂ. મહારાજશ્રીએ જે ચિન્તનસભર સામગ્રી આ પુસ્તકમા આપી છે તેમાંના ઘણા લેખો જૈન સમાજના અગ્રદૂત માસિકોમાં છપાયા હતા. આ લેખોએ સારી લોકચાહના મેળવી હતી. સરળ-સુબોધ શૈલીમાં જીવન રહસ્યોને પ્રકાશતાં આ લેખો પુસ્તકારૂઢ થાય એવી ઘણાઓની માગ હતી આજે વાંચકોના કરકમળમા આ પુસ્તક આવી ગયુ છે તો સૌ કોઇ વાંચન-મનન દ્વારા ભગવાન શ્રીજિનેશ્વરદેવના શાસનના આરાધક બની શિવસુખના ભોક્તા બનો એજ અભિલાષા. સંપાદનની કુશળતા કે અનુભવ ન હોવા છતા 'કામ કામને શિખવે' 'શુભે યથાશક્તિ યતનીયમ્' એ ન્યાયે ગુરુઆજ્ઞા શિરસાવંદ્ય કરી સમ્પાદનની જવાબદારી મેં લીધી

પ્રમાદાદિના કારણે કે પ્રેસદોષથી જિનાજ્ઞા વિરૂદ્ધ કે લેખકશ્રીના આશય વિરૂદ્ધ છપાઇ ગયુ હોય તો તેનો 'મિચ્છામિ દુક્કડં' આપવા સાથે વાંચકોને વિનંતિ છે કે જે કાંઇ ક્ષતિઓ લાગે તે અમને ઉદાર ભાવે જણાવે. બીજી આવૃત્તિમાં અથવા આ ગ્રંથમાળાના બીજા પ્રકાશનમાં અમે એને સાદર સુધારી લઇશું.

૧૫	૨૦	આચ્છાકન	આચ્છાદન
૧૫	૨૧	મોટે ગુનો	મોટો ગુનો
૧૬	૨૧	શરીરમા	શરીરમાં
૨૧	૨૫	કલ્પતાતીત	કલ્પનાતીત
૨૨	૩	શ્રેષ્ટ	- શ્રેષ્ઠ
૨૬	૬	ખન્ને	બન્ને
૨૬	૧૫	રાગષ્દ્વે	રાગદ્વેષ
૨૯	૯	ધર્મપ્રપ્તિ	ધર્મપ્રાપ્તિ
૨૯	૧૯	અટનીમાંથી	અટવીમા
૩૦	૧૧	સામ્રજ્ય	સામ્રાજ્ય
૩૦	૧૮	ગ્મીનવકાર	શ્રીનવકાર
૩૧	૧૨	ચારો	ચારે
૩૮	૧૧	નૈમિત્તક	નૈમિત્તિક
૪૧	૭	અશુધી	અશુથી
૪૧	થી	૪૫ સુધી આત્મભંકરને બદલે	આભંકર વાચવું
૧૦	૧૮	પાશ્ચાત્તાપ	પશ્ચાતાપ
૫૩	૫	ધારકગામાં	ધારણામાં
૫૩	૧૪	ભવ્યાત્માલાઓના	ભવ્યાત્માઓના
૫૩	૧૯	ક્ષેમંકરટનો	ક્ષેમંકરનો
૫૪	૧૬	ભવોદદધિ	ભવોદધિ
૫૭	૨	મદોન્મત	મદોન્મત્ત
૫૮	૮	પરાંડમુખ	પરાંઙ્.મુખ
૫૮	૨૫	ચિત	ચિત્ત
૫૯	૬	મર્વદાષૈઃ	સર્વદાષૈઃ
૫૯	૭	દોષરાદિ	દોષવાદિ
૫૯	૮	આત્મતાત્વે	આત્મતત્ત્વે
૫૯	૯	મગ	મમ
૫૯	૧૧	મહાત્માત્મ	મહામાત્ય
૬૪	૨૧	દ્વાવા	દ્વારા

	૧૦	જ્ઞાન જ્ઞાન	જ્ઞાન જ્ઞાનની
૮૦	૧૪	ગુરુરુદેવ !	ગુરુદેવ !
૮૨	૧૦	અનુંષ્ઠાનોનો	અનુષ્ઠાનો
૮૩	૫	એ વાદ નાદિ	એવા દાનાદિ
૮૪	૧૯	ચોટેલા	ચોટેલો
૮૪	૨૩	ધ્યાન ક્રિયાઓ	ધર્મક્રિયાઓ
૮૫.	૧૦	ધર્મચારણમાં	ધર્મચરણમાં
૮૫	૨૧	વના	વિના
૮૭	૭	પ્રમાદ	પ્રમાદ
"	૭	ખાત્રી	ખાત્રી
૮૯	૧૮	તેજ	તે
૯૦	૧	વિનાસના	વિનાશના
૯૦	૧૧	કેચિદ	કેચિદ્
૯૦	૨૨	વિકાસ	વિકાસ વિકાસ
૯૧	૧	છે છે	છે
૯૧	૪	કુતરો	કુતરું
૯૩	૭	બાકોરા	બાકોરું
૯૪	૧૭	તમરું	તમારું
૯	૪ ૨૧	પ્રમાદનીવિનયથી	પ્રમાદથી વિનયની
૯૫	૭	તે	ને
૯૬	૫૭	નિરાસા	નિસાસા
૧૦૨	૪	લાગે	લાગે છે.
૧૦૪	૭	કહે—	કહે—
૧૦૫	૧૫	ચાંદીના ઢગલા	ચાંદીનો ઢગલો
૧૦૭	૯	ભવ	ભવં
૧૧૫	૧૪	પરમોષ્ઠિ	પરમેષ્ઠિ
૧૨૦	૮	·દ્રવ્ય	દ્રવ્ય
૧૨૧	૧૮	,સયક	સમ્યક
૧૨૨	૨૭	ગુણુદોષન	ગુણુદોષને

'મંત્ર ચૈતન્ય પ્રગટાવીએ'

આપણે શ્રી નમસ્કાર મહામંત્ર ગણીએ છીએ પણ ઘણીવાર નવકારનો પોપટપાઠ થાય છે એમ નથી લાગતું? નવકાર ગણતાં મંત્ર ચૈતન્ય પ્રગટવું જોઈએ તે પ્રગટે છે? મંત્ર ચૈતન્ય ક્યારે પ્રગટ્યું ગણાય? ગણતાં એવો વિશ્વાસ જાગે કે 'પરમ–પવિત્ર પંચ પરમેષ્ઠિના નમસ્કારથી મારા સર્વ પાપોનો નાશ થઈ રહ્યો છે,

જાગે છે આવો વિશ્વાસ? ક્યારેક પણ આવું મંત્રચૈતન્ય પ્રગટ્યું?

આપણને કોઈ કહે, '**તમે પ્રભાવશાળી છો**' તો મોઢું વિકસ્વર થઈ જાય છે ને? '**તમે મૂર્ખા છો**' કહે તો ગુસ્સો આવે છે ખરું ને? આને **શબ્દ ચૈતન્ય** કહેવાય. શબ્દોને અનુસાર ચેતના પ્રગટી, સંવેદના થઈ. ચમત્કાર થયો. તેમ નવકાર મંત્ર ગણતાં શરીર રોમાંચિત મુખ પ્રફુલ્લિત અને હૃદય વિકસ્વર થતું જણાય, તો જ મંત્ર ચૈતન્ય પ્રગટ થયું ગણાય.

શ્રી પંચપરમેષ્ઠિને નમઃ

મન અને મંત્ર ૧

[મન કેટલું સંસારના પ્રયોજનોથી ઘેરાયેલું છે. તેટલું જ અનેક પ્રકારની આધિ વ્યાધિ અને ઉપાધિથી જકડાયેલું છે. તેનાથી પર બનવા માટે મંત્ર જાપ કેવી શક્તિ ધરાવે છે. તેની અહિં સરળ શૈલિએ રજુઆત કરી છે.–સં]

ચોમેર નજર નાખો—સમગ્ર વિશ્વ આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી સંતપ્ત દેખાય છે. આધિ એટલે મનની વ્યાકુળતા, મનના રોગો. ઉપાધિ એટલે આર્થિક, કૌટુંબિક ચિંતા જંજાળ. વ્યાધિ એટલે શરીરના રોગો. સામાન્ય રીતે મનુષ્યો આર્થિક ઉપાધિને મહત્વની ગણે છે. એમાંથી રાહત મેળવવા એને દૂર કરવા માનવ જગત તનતોડ મહેનત કરી રહ્યું છે. સવારે ઉઠે ત્યારથી રાતના સુવે ત્યાં સુધી આર્થિક ઉપાધિના પ્રતિકારની એક સરખી પ્રવૃત્તિ માનવીના જીવનમાં દેખાય છે જરૂર પરંતુ ઊંઘમાં સ્વપ્ના પણ એનાજ આવે. તે ઘણા ખેદની વાત છે કે માનવોને આર્થિક ઉપાધિ વધુને વધુ સંતાપ આપી રહી છે.

માનવ જો સાચા ઉપાયો અજમાવે તો એના ત્રિવિધ તાપ શું ન ઘટે? અને ધીરે ધીરે તદ્દન નાબૂદ થયા વિના રહે ખરા? પણ........?

શારીરિક રોગોના પ્રતિકાર માટે પ્રત્યેક માનવ પ્રતિપળ જાગૃત છે. જાત જાતની ઔષધિઓનું સેવન ખૂબ ખંતથી કરે છે. માનવી ક્યારેય એમાં સહેજ પણ કંટાળતો નથી. નિત્ય નવી ઔષધિઓ શોધાઈ રહી છે. છતાં રોગોનું પ્રમાણ ઘટવાને બદલે વધી રહ્યું છે એ પણ એક હકીકત છે.

શારીરિક વ્યાધિઓ કે આર્થિક ઉપાધિઓ હજી પરિમિત છે. પરંતુ **આધિ–માનસિક રોગો–પાપોની કોઈ સીમાજ નથી.** અને સૌથી વધુ ભયંકર હોય તો આ મનના રોગો છે. આર્થિક ચિંતા કે શારીરિક રોગો માણસના મૃત્યુ સાથે નષ્ટ થઈ જાય છે જ્યારે મનના રોગો માણસના મૃત્યુ પછી પણ સંસ્કાર રૂપે અનેક જન્મો સુધી સાથે જાય છે. એથી જ દેખાય છે કે કોઈ બાળક જન્મથી જ શાન્ત પ્રકૃતિવાળો હોય છે. તો કોઈ ભયંકર ક્રોધી, તો કોઈ મહાભિમાની હોય છે. વળી કોઈ મહાકામી હોય છે.

કામ, ક્રોધ, લોભ, માન, મદ, મત્સર, ઈર્ષા, રતિ, અરતિ, મિથ્યાત્વ, સ્વાર્થભાવના, આદિ મનના અગણિત રોગ છે. એ પ્રત્યેકના સૂક્ષ્મ, સૂક્ષ્મતમ ભેદોનો તેમજ ચંચલતા, અપ્રસન્નતા, દીનતા, ભયભીતતા, તુચ્છતા, અસ્થિરતા, અવશતા વગેરેનો પણ મનના રોગોમાં સમાવેશ થાય છે.

શારીરિક રોગોની ઉત્પત્તિનું કેન્દ્ર આ મનના રોગો છે. આહારનું કુપથ્ય, ખાનપાનની અનિયમિતતા, અનાચાર, અસંયમ, સ્વચ્છંદવૃત્તિ, ઈંદ્રિયોની નિરંકુશતા વગેરે કારણો છે પણ તે ગૌણ કારણો છે. પહેલાં જ્યારે મન રોગી બને છે. ત્યારે તનની તંદુરસ્તીમાં પણ ખામી આવે છે. રોગીષ્ટ મનમાં અનેક પ્રમાણોમાં વિચિત્રતાઓ વિકલ્પ જાળ ઉભા થાય છે. અને એની નિર્મળ [illegible] મનનું જીવન વેરાન જંગલ જેવું અનકાર બની જાય છે. મનના [illegible] આ ભાવનાઓ રોગો પેદા જ કર્યા કરે છે.

મનના માનવીને શોધવા જઈએ તો સોમાં બે પાંચ મળે કે ન પણ મળે.

ભૌતિક વાદના ઝંઝાવાતે માનસિક આરોગ્યના—પવિત્રતાના પાયા ડગમગાવી મૂક્યા છે. દુઃખના ડુંગરો તૂટી પડે તોય ડગમગે નહિ. ગમે તેવા પ્રલોભનો સામે સચ્ચાઈ કે ભલાઈની એક કાંકરી ખસે નહિ. એવું વજ્ર કરતાં કઠિન અને મેરુની જેમ અડોલ મન આજે સામુથી દુઃખના પ્રસંગે ડામાડોળ બની જાય છે. તુચ્છ સ્વાર્થ સાધવા ખાતર પરમાર્થને ખુલ્લી રીતે ઠોકર મારતા અચકાતું નથી. એટલું જ નહિ એમાં ગૌરવ અનુભવાય છે.

વળી વિચારોમા ક્ષણે ક્ષણે પરિવર્તન. ઈન્દ્રિયોના વિષયોમાંજ ભટકવું. પ્રારંભેલું કાર્ય પાર પાડ્યા વિનાજ અધવચ્ચ મૂકી દેવું. કામ, ક્રોધ, લોભ, મદ, વગેરેની નિરંતર પરવશતા વગેરે માનસિક નબળાઈ ના રોગો આજે સહજ બની ગયા છે

બાહ્યપદાર્થોના મોહમાં—આકર્ષણમાં ફસાયેલા મનુષ્યોના મનની સ્થિતિ હંમેશા નબળી રહે છે. વિનશ્વર વસ્તુઓમાં લુબ્ધ બનેલું મન અસ્થિર હોય એમાં નવાઈ નથી.

મનની આવી નાજુક સ્થિતિમાં એની સારવાર પણ ખૂબ અઘરી બને છે. ભલભલા યોગીઓ પણ પોતાની મન આગળ નાસીપાસ થાય છે. આનંદઘનજી મહારાજને કહેવું પડે છે.—મના! કિસ વિધ મૈં સમજ્યુ?......મનડું કિમ હી ન બાઝે! જિમ જિમ જતન કરીને રાખું તિમ તિમ અળગું ભાજે......

હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા કહે છે:—મનરૂપી માંકડું આખા વિશ્વમાં રખડવા ટેવાયેલું છે. મુમુક્ષુ આત્માર્થીઓએ ઘણા ઘણા પ્રયત્ને પણ એને અંકુશમાં રાખવું જોઈએ. મોક્ષમાર્ગની આરાધનામાં મનનું સ્થૈર્ય, મનનું ધૈર્ય, મનની નિર્મળતા, અને મનનું બળ સહાયક અને પ્રગતિકારક બને છે.

પૂર્વભવોના સંસ્કારોવશ, જડવસ્તુઓના પ્રલોભનોથી, આશા અને વાસનાથી કે મોહ મમતાથી સાવ નિર્બળ બનેલા રોગી મનને સ્વસ્થ બનાવવાના ઉપાયો છે. ઘણા સચોટ ઉપાયો છે. તેમાંનો એક મહાન ઉપાય મંત્રજાપ છે.—નમસ્કાર મહામંત્રનો જાપ છે. ગમે તેવા રોગોના હુમલાથી ઘેરાયેલા—ઘાયલ થયેલા મનને તંદુરસ્ત બનાવવાની સર્વ ઔષધિઓ—જડીબુટ્ટીઓ નવકાર મંત્રના જાપમાં છે. અશુભ-અપ્રશસ્તભાવોમાંથી શુભ—પ્રશસ્ત ભાવો તરફ મનને વાળવાની શક્તિ મંત્રજાપમાં છે: બંધ—મોક્ષમાં વિચિત્ર રીતે ભાગ ભજવતાં મનનું વક્રગમન અટકાવી એને સન્માર્ગગામી બનાવવામાં શ્રીનવકાર મંત્રનો જાપ અજબ રીતે સહાય કરે છે. માનવીના સુંદર ભાવીનું સર્જન પણ એ કરે છે. તેથી જ ધર્મારાધનામાં જાપયોગને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. કોઈક સંતોએ કહ્યું, મન જે સ્વસ્થતા અનુભવે છે તે સ્વસ્થતા વિધિપૂર્વક કરેલા નવકારના જાપથી અનુભવાય છે. માનસિક સ્વસ્થતા એ શારીરિક સ્વસ્થતાનું પણ કારણ છે. તેથી જાપયોગ મન સાથે તનને તંદુરસ્ત બનાવવાનું અનેરું સાધન બની જાય છે. મન એ શરીરનો ચાલક છે. જાપ એ મનનો સાત્વિક ખોરાક છે. મનુષ્યના ઉત્થાન, [illegible] નિયમિત જાપ અનિવાર્ય છે. તેમ છતાં [illegible] [illegible] કરવાની, [illegible] [illegible] [illegible]-

ચૌદપૂર્વનો સા . . . .ર

શ્રી નવકાર મહામંત્ર ચૌદપૂર્વનો સાર છે. એનો અર્થ એ છે કે નવકારનો વિસ્તાર તે ચૌદપૂર્વ. કોઈપણ વિષયના સંક્ષેપ કે વિસ્તારની ખૂબી ઉપર જ તે વિષયનું મહત્વ અંકાય છે.

ચૌદપૂર્વનું અગાધજ્ઞાન માત્ર નવપદોમાં (નવકારના) કેમ સમાવી શકાય? એ શંકાનું સમાધાન નીચેની કથામાં મળી રહેશે.

ચાર ગોઠીયા મિત્રો હતા. તેઓ ભણવા માટે કાશી ગયા. ત્યાં બાર વર્ષ રહીને દરેકે એક એક શાસ્ત્રમાં નિપુણતા-માસ્ટરી મેળવી, એકે **આયુર્વેદમાં,** બીજાએ **ધર્મશાસ્ત્રમાં,** ત્રીજાએ **નીતિશાસ્ત્રમાં** અને ચોથાએ **કામશાસ્ત્રમાં.** ચારે મિત્રોએ વિચાર કર્યો કે આપણું આપણું જ્ઞાન જગત આગળ મૂકીએ અને ધન મેળવીએ. એ માટે ચારેએ નિર્ણય કર્યો કે દરેકે પોતપોતાના વિષય પર સવા લાખ શ્લોક પ્રમાણ ગ્રંથ લખવો.

આ સાંભળી વિદ્વાન રાજા સમજી ગયો કે એક એક વિષય ઉપર લાખ લાખ શ્લોકો રચ્યા છે એટલે વિષયને વિસ્તારવાની શક્તિ તો આ પંડિતોમા અજબ છે, પરંતુ એનો સંક્ષેપ કરવાની શક્તિ-કળા જોઉં તો ખબર પડે કે પંડિતોને પોતપોતાના વિષયનું જ્ઞાન કેટલું મંઝીન છે

રાજાએ પંડિતોને કહ્યું—'રાજ્ય કારભારના અનેક કામોમાં હું ચાર લાખ શ્લોક ક્યારે સાંભળુ ? માટે કંઈક સંક્ષેપ કરો તો વિચાર કરું.

પંડિતો:—અમે એનું અર્ધું કરી નાખીએ.

રાજા:—'તોય બે લાખ શ્લોક સાભળવાનો સમય મને ક્યાંથી ?'

પંડિતો:—'સારું. દસ દસ હજાર કરીએ.'

રાજા:—'એ પણ ઘણું વધારે કહેવાય'

પંડિતો:—'એક એક હજારમા અમે એનો સાર લખી નાખીએ'

રાજાએ વિચાર્યું કે એક લાખને એક હજારમાં ઉતારવાની શક્તિ છે. તો હજી જોઉં કે કેટલો સક્ષેપ કરી શકે છે?

રાજા:—'હજી કાંઈક ઓછું કરો.'

પંડિતો:—'સો સો શ્લોકો?'

રાજા:—'હજી ઓછું કરો.'

પંડિતો:—'દસ દસ શ્લોકોમાં એનો સાર આપીએ'

રાજા:—'તોય ચાલીસ શ્લોકો થાય. એટલું બધું યાદ ન રાખી શકું.'

પંડિતો:—'ઠીક ત્યારે એક એક શ્લોકમા અમારા ગ્રંથનો નિષ્કર્ષ આપી દઈએ.'

રાજા:—'બહુ સરસ! પણ આટલી મહેનત કરીને તમે જે ગ્રંથો બનાવ્યા, તેનો નિષ્કર્ષ તમે મને આપો તે હું કંઠસ્થ રાખી

શકું તો સારું. ચાર શ્લોક યાદ રાખવા ભારે પડે, માટે તમે જો એક એક પાદમાં એને સંકોચી શકો તો મારે એક શ્લોક યાદ રાખવો પડે અને તે હું સહેલાઈથી યાદ રાખી શકું.

પંડિતો:–ઠીક, અમે એક શ્લોકમાં અમારા ગ્રંથોનું તત્ત્વ તમને આપીએ છીએ, તે સાંભળો,

પંડિતો ત્યાંને ત્યાંજ એક એક પાદમાં પોતાના ગ્રંથોનું રહસ્ય બોલી ગયા :—

જીર્ણે ભોજનમાત્રેયઃ કપિલઃ પ્રાણિષુદયા ।
બૃહસ્પતિરવિશ્વાસઃ પાંચાલઃ સ્ત્રીષુ માર્દવમ્ ॥

આયુર્વેદશાસ્ત્રના પારગામી આત્રેય નામના પંડિતે પહેલા પાદમાં આયુર્વેદશાસ્ત્રનો સાર બતાવ્યો કે 'આરોગ્ય માટે પહેલાં ખાધેલું ભોજન પચ્યા પછી નવું ભોજન કરવું. ધર્મશાસ્ત્રના વિશારદ પંડિત કપિલે બીજા પાદમાં ધર્મનો સાર પ્રાણીદયા બતાવી. અર્થશાસ્ત્રના નિપુણ પંડિત બૃહસ્પતિએ ત્રીજા પાદમાં અર્થશાસ્ત્રનો સાર બતાવ્યો કે મનના વિષયમાં કોઈનો વિશ્વાસ ન કરવો.

વિશ્વાસ-શ્રદ્ધા જોઈએ. આપણો રોજનો જીવન વ્યવહાર પણ શ્રદ્ધાથી જ નભે છે, આપણે શ્રદ્ધાથી જ જીવીએ છીએ, આપણે બેઠા છીએ તે જમીન નીચે ઉતરવા માંડશે તો? સૂર્ય ચંદ્ર ધડ ધડ તૂટી પડશે તો? આવી શંકા કદી આપણને થતી નથી, કારણ આપણને ખાત્રી છે કે સૂર્ય નીચે નહિ પડે, પૃથ્વી નીચે નહિ જ ઉતરે.

કોઈ આવીને ડીંગ મારે કે 'અરે! ભૂતકાળમાં ઘણા સૂર્ય-ચંદ્ર તૂટી પડયા, તો આપણે માની લઈએ? ના, ન જ માનીએ, એવો જ વિશ્વાસ આપણને શ્રીનવકારમંત્ર પ્રત્યે, શ્રીઅરિહંતાદિ પરમેષ્ઠિ પ્રત્યે પ્રગટવો જોઈએ. મંત્ર, દેવ, ગુરૂ, તીર્થ નિમિત્તજ્ઞ. સ્વપ્ન અને ઔષધ આ સાત ચીજો મનુષ્યને એની ભાવના-શ્રદ્ધા-વિશ્વાસ પ્રમાણે ફળે છે જેવી ભાવના તે મુજબ સિદ્ધિ મળે છે.

ખાતાં ખાતાં કેવળજ્ઞાન?

ધાન્યના ધનેરા બની ચૂકેલા આપણને તપની વાત કડવી લાગે છે. ખાવું એ દેહનો ધર્મ છે. પણ અનાદિ અભ્યસ્ત આહાર સંજ્ઞા અને ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી આત્મા એમા રસ અનુભવે છે પોતાનું અણાહારી સ્વરૂપ તદ્દન ભૂલી ગયો છે. કુરગડુ મહામુનિ ૫૦૦ તપાસો વગેરે મહાપુરૂષોએ ખાતાં ખાતા કેવળજ્ઞાન લીધું. આપણને ખાતાં ય ક્યાં આવડે છે?

ખાતાં આવડે છે?

૧ શાસ્ત્રે કહેલા છ કારણે જ ખાવો છો?
૨ અણાહારી સ્વરૂપનો વિચાર કરીને ખાવો છો?
૩ દેહને ભાડું આપવાની ભાવનાથી ખાવો છો?
૪ જીભડીને કોઈ દલાલી ખટાવતા નથી ને?
૫ સુપાત્રમાં દાન આપીને ખાવો એને?
૬ એંઠા મોઢે બોલતા નથી ને?
૭ ભાણામાંથી ભાવતી વસ્તુનો ત્યાગ કરો છો?
૮ ધન્ના શાલિભદ્રાદિ મહાપુરૂષોને યાદ કરીને ખાવો છો?
૯ અભક્ષ્ય અનંતકાયનો ત્યાગ કરો છો?
૧૦ થાળી ધોઈને પીવો છો?

મહામંત્રનું સામર્થ્ય . . . ૩

"મણિમન્ત્રૌષધીનામચિન્ત્યં સામર્થ્યમ્"

મણિ, મંત્ર અને ઔષધિઓમાં ન કલ્પી શકાય એટલું સામર્થ્ય છે. ભડભડતા અગ્નિની નજીકમાં જો **ચંદ્રકાંત** મણિ મૂકવામાં આવે તો અગ્નિ ચંદન જેવો શીતળ બની જાય છે. તેની દાહકશક્તિ નિરોધિત થાય છે. ત્યાં જો **સૂર્યકાંત** મણિ લાવવામાં આવે તો ચંદ્રકાન્ત મણિની હાજરી હોવા છતાં સૂર્યકાંત મણિના સહારાથી અગ્નિ પોતાનું બાળવાનું કાર્ય કરવા લાગે છે. **જલકાંતમણિ** પાણીના જોરાવર પૂરને પણ અટકાવી દઈ જળમાં માર્ગ કરી આપે છે.

દેવાધિષ્ઠિત **ચિંતામણિ** રત્નથી દારિદ્ર્યનું દારુણ દુઃખ નષ્ટ થાય છે. ચિંતવેલું તેનાથી પ્રાપ્ત થાય છે. સર્વશ્રેષ્ઠ ભૌતિક [illegible] આપવાનું સામર્થ્ય એ મણિમાં રહેલું છે. **પારસ**મણિનો લોઢાની સાથે સંપર્ક થતાંજ લોઢું સુવર્ણ બને છે. સર્પના [illegible] (નાગ) ને તથા સર્પાદિના ભયંકર વિષને [illegible] દૂર કરી દે છે. એ મણિરત્નને [illegible]

નાંખે છે. **સંજીવની** વનસ્પતિ ગાઢમૂર્ચ્છાવાળાને પણ તરત જાગૃતિમાં લાવે છે. એના ભક્ષણથી આખું રૂપ પલટાઈ જાય છે.

જડીબુટ્ટીમાં પણ રૂપપરાવર્તન કરાવવાનું સામર્થ્ય આદિ ગુણો રહેલા છે. **ચિત્રાવેલી** નામની વનસ્પતિ ઘીના ગાડવા નીચે રાખવામાં આવે તો ઘી અખૂટ બની જાય છે, વનસ્પતિઓના વિધિયુક્ત રસમિશ્રણથી વેધકરસ બને છે, કે જે રસનું એક એક ટીપું તાંબાના કે લોઢાના ટુકડાને કે પતરાને સુવર્ણના બનાવી દે છે. બ્રાહ્મીના સેવનથી જન્મથી જડમતિવાળો માણસ પણ તેજસ્વી બુદ્ધિવાળો બને છે, કતકચૂર્ણ પાણીમાં પડતાની સાથે જ ગમે તેવા મેલા પાણીને એકદમ સ્વચ્છ બનાવે છે.

લાગલાગટ ચોસઠ પ્રહર સુધી લસોટાયેલી **ચોસઠપ્રહરી પીપર** અને એક હજાર વખત ભાવના અપાયેલી **સહસ્રપુટી** અભ્રકના સેવનથી માનવીની કાયાનું નૂર ફરી જાય છે. કાયાકલ્પ થઈ જાય છે, **વનસ્પતિઓનું આ સામર્થ્ય** શું અચિન્ત્ય નથી? પરંતુ મણિ અને ઔષધિઓનું આ સામર્થ્ય બહુ સ્થૂલ છે. ભૌતિક કાર્યસિદ્ધિ પુરતી જ તેમની શક્તિઓ સીમિત છે.

આર્યાવર્તમાં પ્રાચીન કાળથી શારીરિક રોગોની ચિકિત્સા ચાર વિભાગમાં વહેંચાયેલી છે (૧) **મંત્ર ચિકિત્સા** (૨) **નિસર્ગ ચિકિત્સા** (૩) **ઔષધ ચિકિત્સા** (૪) **શસ્ત્ર ચિકિત્સા**. પ્રથમ નંબરે રોગોનો પ્રતિકાર મંત્ર પ્રયોગથી કરવામાં આવતો હતો. મંત્રોમાં એ તાકાત હતી. અને એને જપનારા સત્વશાળી મંત્રસિદ્ધ પુરુષો હતાં, કે જેઓ ધાર્યું કાર્ય સિદ્ધ કરી શકતા.

બીજા નંબરે કુદરતી ઉપચારો દ્વારા (નેચરોપેથી) રોગોનો પ્રતિકાર થતો. ત્રીજા નંબરે ઔષધિઓ દ્વારા આરોગ્ય પ્રાપ્ત થતું અને ચોથા નંબરે શસ્ત્રક્રિયા (વાઢકાપ) દ્વારા રોગચિકિત્સા થતી હતી. આ રીતે મંત્રનું સ્થાન અને સામર્થ્ય શારીરિક દૃષ્ટિએ પણ મોખરે હતું.

માનવ શરીર એ ધર્મનુ અનન્ય સાધન છે. એમ માનીને મંત્ર-ચિકિત્સા વગેરેથી રોગોને દૂર કરવાનું કાર્ય પણ આધ્યાત્મિક લેખાતું. આજે પણ સાત્ત્વિક વૃત્તિવાળા પુરુષો મંત્રજાપ વડે આધ્યાત્મિક લાભો પામવાની સાથે શરીરનું આરોગ્ય, લાવણ્ય, કાંતિ, રોગોની સામે પ્રતિકાર કરવાનું બળ વગેરે મેળવી શકે છે.

ભયંકર સર્પદંશથી ચઢેલા વિષને ઉતારનાર મંત્રશક્તિ છે. મંત્રો વીંછીનાં વિષને પણ નાબુદ કરે છે. ઝેરી કાંટાઓ મંત્રોચ્ચારના પ્રભાવે બહાર આવે છે, કેટલાક મંત્રો જ્ઞાનની વૃદ્ધિ કરનારા કેટલાક વક્તૃત્વકળાને વિકસાવનારા, કેટલાક સુખસમૃદ્ધિ ને વૈભવ આનારા, કેટલાક કાવ્યશક્તિ અને વાદશક્તિમાં સફળતા અપાવનારા હોય છે.

ભૂત-પ્રેત-પિશાચ આદિના ભયને ટાળનાર મંત્રો પણ હોય છે. યશ-કીર્તિ-પ્રતિષ્ઠાને ફેલાવનારા અને દેવોને પણ વશ કરનારા મંત્રો હોય છે. વિદ્યાઓનો પણ મંત્રમાં સમાવેશ થઈ શકે. આવા મંત્રો અને વિદ્યાઓ [illegible] સંખ્યામાં આ ભારતમાં હતી. [illegible]

છે. શબ્દ ભાષાવર્ગણાના પુદ્‌ગલો છે. પુદ્‌ગલની શક્તિ પણ અપરિમિત છે. આપણે જાણીયે છીએ તેથી અનંતગુણી છે. જ્ઞાની ભગવંતો કહે છે કે આપણે બોલીયે છીએ તે શબ્દો થોડા સમયોમાં ચૌદરાજ લોક વ્યાપી બને છે આજના વિજ્ઞાને પણ અનેક રીતે આ વાતને પુષ્ટિ આપી છે

નવકારના ૬૮ અક્ષરોની ગોઠવના વિશિષ્ટ પ્રકારની સંકલના છે, એ સંકલનાની ખૂબીથી નવકાર શબ્દરૂપ નહિ પણ મહામંત્રરૂપ મહાશાસ્ત્રરૂપ, મહાતીર્થરૂપ, દેવસ્વરૂપ બની ગયો છે એની સંકલનાએ સર્વશાસ્ત્રોને પોતાનામાં આવરી લીધા છે અલ્પ શબ્દોમાં મહાઅર્થ એમાં સમાઈ ગયો છે. આપણા માનસિક ભાવોપર અચિન્ત્ય અસર કરવાનું સામર્થ્ય એમાં છે. મહામંત્રનો જાપ કરી જુઓ તો તરતજ એની પ્રતીતિ–અનુભવ થશે. મંત્રના પુનઃ પુનઃ ઉચ્ચારણને જાપ કહેવાય છે. અશુદ્ધ જીવન વ્યવહાર મંત્રજાપથી વિશુદ્ધ થતો જાય છે રોજ એકસોને આઠવાર નમસ્કાર મહામંત્રનો જાપ કરો તમારી રાજસ તામસ વૃત્તિઓ સાત્વિક ભાવમાં પલટાશે. આત્મનિર્મળતાનો અનુભવ થશે. જીવનમાંથી વિઘ્નો વિદાર લેશે. મંગલ તમારી સામે આવશે. અસહાય–અલ્પસહાય માનવ બીજા લાખ પ્રયત્ને જે કાર્ય ન કરી શકે તે આ પરમોચ્ચ તત્વોના સહારાથી સિદ્ધ કરી શકે છે.

આ મહામંત્ર આત્મગુણોનું આચ્છાદન કરનાર કોઈપણ કર્મને ભસ્મ કરી નાખનારો મહાનલ છે.

—૦—

—: મોટો ગુનો :—

આ દેવદુર્લભ માનવ જન્મમાં આત્મા. પરમાત્મા અને સર્વાત્માઓના વિસ્મરણ જેવો બીજો કોઇ મોટો ગુનો નથી. આત્મા, પરમાત્મા અને સર્વાત્માઓના સંસ્મરણમાં બીજા સૌનેનું વિસ્મરણ થાય એમાં ખાસ કાંઈ ગુમાવવા જેવું નથી.

વૈદ્યનું મોં મલકી ગયું. આશાની પાળે ઉભા રહી વૈદ્યરાજે 'ગુરુદેવ! ગુરુ પરંપરાથી મળેલી અણમોલ જડીબુટ્ટીઓ મારી પાસે છે. એક એક રોગ ઉપર હજાર હજાર દવાઓ જાણું છું...

ગુરુમહારાજ કહે: 'બસ! એટલી જ? વૈદ્યરાજ! હું પણ વૈદ્ય છું. મારી પાસે કેવી દવાઓ છે તે જાણો છો? મારી પાસે હજાર રોગોની એકજ દવા છે. તમારી પાસે રોગ થયા પછી મટાડનારી દવાઓ છે મારી પાસે ભવિષ્યમાં પણ રોગ ન એવી દવા છે.

વૈદ્યરાજે કહ્યું, ગુરુદેવ! એવી કઈ દવા છે? કૃપા કરી મને બતાવો ગુરુદેવે કહ્યું મેં મારા શિષ્યોને બારે પ્રકારના તપ આચરવાનું કરવાનો હુકમ કર્યો છે. તેઓ રોજ એકવાર ભોજન કરે છે. સાદો અને પરિમિત ખોરાક લે છે. પર્વતિથિએ ઉપવાસ કરે સ્વાધ્યાય-ધ્યાન અને જપની ઉપાસના કરે છે. તેથી મારો કે શિષ્ય માંદો પડતો નથી. વૈદ્યરાજ! મારી દવા આ છે. મારા શિષ્યો પોતેજ પોતાના વૈદ્ય બની ગયા છે.

આ સાંભળી વૈદ્ય ગુરુચરણોમાં નમી પડ્યા. તપરૂપી ઔષધ [illegible] પામવા બદલ તેમણે હર્ષ વ્યક્ત કર્યો.

અનંત અનંત આત્માઓ આ તપ સંજીવનીથી આરોગ્ય પામ્યાં છે. પામે છે અને પામશે. આ મંગલ વાણી જ્ઞાનના ... વૈદ્યના કાનમાં ગુંજી રહી.

[illegible]

'મંત્રાધિરાજની ઉપાસના'... ૫

[આ પ્રકરણમાં ઉપાસના દ્વારા પ્રગટની મૌલિક વિશેષતાઓ, જાપના પ્રકારો, જપ અંગે જાણવા લાયક, સાધકની અઢાર ચર્યાનું રહસ્ય, મંત્રપંચાંગી વગેરે માર્મિક વસ્તુઓ શબ્દદેહ પામી છે વાચનમાં રસપ્રદ હોવા છતાં ઉપાસકો અમલ માટે જેટલું વધુ લક્ષ આપશે તેટલી જ શીઘ્રતાએ પ્રગતિ સાધી શકશે.-સં૦]

નમસ્કાર મહામંત્ર એ સર્વોપરિ મંત્ર છે. જગતભરમાં આ મંત્રથી અધિક પ્રભાવશાળી કોઈ મંત્ર નથી. 'આ મંત્રની સમ્યગ્ ઉપાસનાથી ઈષ્ટફળની અવશ્ય સિદ્ધિ થાય છે, એવી સચોટ શ્રદ્ધા પૂર્વક પંચપરમેષ્ઠિઓ-પ્રત્યે આત્મસમર્પણ કરી શ્રીનમસ્કાર મહામંત્ર જપનારમાં આકર્ષક વ્યક્તિત્વ, આંખોમાં તેજ, વાણીમાં બળ વચનસિદ્ધિ અને ચહેરા પર વિલક્ષણ કાંતિ ઝગમગતી દેખાય છે.

સાધક ધીર અને ગંભીર બની જતો હોઈને આમ જનતા ઉપર તેનો સારો પ્રભાવ પડે છે સંપર્કમાં આવતા લોકો તેનાથી પ્રભાવિત થાય છે, અને તેની આજ્ઞાને આધીન રહીને વર્તે છે. અને સન્માર્ગમાં પ્રગતિશીલ બને છે.

સાધકને પોતાના અંતરમાં 'મંત્ર ચૈતન્યની' હાજરીનો અનુભવ થાય છે, અને કોઇ પ્રકારની અલૌકિક આધ્યાત્મિક શક્તિનો પ્રાદુર્ભાવ થયો હોય તેવો આંતરિક અનુભવ થાય છે. પાપકાર્યો તરફ તિરસ્કાર છૂટે છે. સત્કાર્ય તરફ સહજ આકર્ષણ જામે છે. કોઇ અઘટિત કાર્ય પોતાના હાથે થઈ જાય તો ભારે ખેદ અને પશ્ચાત્તાપ થાય છે. દુઃખમાં દીનતા કે સુખમાં છકેલપણું યા આફતમાં અધીરતા વગેરે નબળાઇઓ નવકારના સાધકમાંથી નાબૂદ થાય છે. એક વિશિષ્ટ પ્રકારની કુણાશ, કોમલતા, દયાર્દ્રતા તેના હૃદયમાં પ્રગટે છે. ભવિષ્યમાં બનારા બનાવોની પહેલેથીજ મનમાં આગાહી-ભાસ થાય છે. સામા માણસનો ચહેરો જોઈનેજ તેના ગુણદોષ જાણી

શકાય છે, પોતાની સૂક્ષ્મદ્રષ્ટિથી અને મંત્રપૂત બુદ્ધિથી બીજાના ગુણદોષો, વિચારો, આચરણો પારદ્રષ્ટાની માફક તે જાણી શકે છે. પોતાના પવિત્ર વિચારોનો બીજાના અંતઃકરણમાં સહેલાઈથી પ્રવેશ કરાવી શકે છે,

આ મહામંત્રનો સાધક જ્યાં રહે છે ત્યાં આસપાસનું વાતાવરણ ખૂબ શાંત અને સાત્વિક બની જાય છે તેના સંનિધાનમાં લોકોને પણ શાંતિ, સાત્વિકતા અને પવિત્રતાનો રસ ચાખવા મળે છે. શરીરમાં સ્ફુર્તિ તેમજ સુગંધ, મનમાં ઉત્સાહ, સ્વભાવમાં ગંભીરતા વગેરે ચિન્હો સાચા સાધકમાં પ્રગટ્યા વિના રહેતા નથી.

જાપના પ્રકારો:- કમલબંધ – હસ્તજાપ – માળાજાપ વગેરે જાપના પ્રકારો છે

કમલબંધ જાપ:—આ જાપને સર્વોત્તમ કહ્યો છે. આઠ પાંખડીઓવાળા કમળની (આલેખેલા અથવા હૃદયમાં કલ્પેલા) મધ્યમાં કર્ણિકાના સ્થાને "**નમો અરિહંતાણં**" એ પ્રથમ પદ, ચાર મુખ્ય દિશાઓની ચાર પાંખડીઓમાં ક્રમશઃ નવકાર મંત્રનું બીજું, ત્રીજું, ચોથું, પાંચમું પદ અને વિદિશાઓમાં બાકીના ચાર પદો સ્થાપીને કમળબંધ જાપ કરાય છે. શરૂઆતમાં નવકાર મહામંત્રના અક્ષરોના [illegible]

હૃદયની સમશ્રેણીમાં રાખી જાપ કરવો. પહેરેલા વસ્ત્ર કે પગ સાથે માળાનો સ્પર્શ ન થવા દેવો.

અજપાજાપ :—હજારો કે લાખોની સંખ્યામાં મંત્ર જાપ થયા પછી જાપ સિવાયના કાર્યો કરતી વેળાએ પણ મંત્રાક્ષરોનું અંતરમાં રટન ચાલુ રહે અથવા હાથમાં માળા વગેરે ફરે નહિ તે અજપાજાપ કહેવાય છે. મંત્ર જાપનો અભ્યાસ વધી જાય છે, ત્યારે તથા પ્રકારના અનુભવનારને આ અજપાજાપ સિદ્ધ થાય છે.

ત્રિવિધ જાપ :—(૧) કેવળ મનોવૃત્તિથી ઉત્પન્ન થયેલો અને માત્ર પોતે જાણી શકે તે રીતે થતો પહેલો 'માનસ જાપ' શાંતિ પુષ્ટિ આદિ ઉત્તમ કાર્યો માટે થાય છે.

(૨) અન્ય વર્ણ (સ્પષ્ટ શબ્દ) ન સંભળાય એ રીતે મંત્રાક્ષરો બોલીને જાપ કરવો તે બીજો 'ઉપાંશુ જાપ' છે.

(૩) બીજાઓ સાંભળી શકે તે રીતે કરાતો ત્રીજો 'ભાષ્યજાપ'

લિખિત જાપ :— મંત્રને હજારોની, લાખોની સંખ્યામાં, લખવો. આ લિખિત જાપ ઘણો જ લાભકારી છે. લિખિત જાપમાં ચિત્ત અત્યન્ત એકાગ્ર બને છે. હૃદય પવિત્રતાથી ભરપૂર બને છે. એકજ આસને લાંબો કાળ બેસવાનો અભ્યાસ થાય છે. ઇંદ્રિયો સ્વવશ બને છે. મંત્ર લખવાના સમયે મંત્રોચ્ચારણ કરતાં રહેવું જોઈએ. જપધ્યાનમાં પ્રથમ પ્રવેશકને આ લિખિત જાપ અતિ સહાયક બને છે.

જપ અંગે જાણવા લાયક :—

જપની રીત:— (૧) સ્તોત્ર-પ્રાર્થના:—જપની પૂર્વે શ્રીજિનેશ્વર દેવની ગંભીર ભાવથી ભરેલી પ્રાર્થના-સ્તવના કરવી આવશ્યક છે. તેનાથી સાધકમાં સાત્વિક ભાવનું ઉદ્દીપન-આવિર્ભાવ થાય છે.

(૨) જાપની દિશા:—જાપ માટે પૂર્વ યા ઉત્તર દિશા પસંદ કરવી. દિશાનો પણ પ્રભાવ રહેલો છે. જપમાં કલ્પનાતીત સહાયતા દિશા દ્વારા મળે છે.

(૩) જાપનો સમયઃ–શ્રી નમસ્કાર મહામંત્ર ગણવા માટે બ્રાહ્મ મુહૂર્તનો (સવારે સૂર્યોદય પહેલાં ચાર ઘડી) સમય તથા સાંજે ગોધલીનો સમય અતિ શ્રેષ્ઠ છે. તે વખતે નવકારનો જાપ કરવો જોઈએ. પ્રાતઃકાળે માણસનું મન કોરા કાગળ જેવું સ્વચ્છ હોય છે. ગોરજનો સમય પણ વ્યગ્રતા વિનાનો હોય છે. તે વખતે ન બની શકે તો પોતાને અનુકૂળ એવા અન્ય સમયે કરવો. રોજ નિયત સમયે જાપ થાય તો જાપમાં સ્થૈર્ય, એકાગ્રતા શીઘ્રપણે અનુભવી શકાય છે.

(૪) જાપનું સ્થળઃ-જાપ માટે સ્થાન એકાંતવાળું પસંદ કરવું. બીજાઓની અવર જવરવાળા કે ઘોંઘાટ–વ્યાક્ષેપવાળા સ્થાને ચિત્તનું સ્થૈર્ય ટકી શકે નહિ. હંમેશ માટે નિયત સ્થાને જાપ થાય તે ખાસ સાચવવું. વારંવાર સ્થાન બદલવું નહિ. નિયત સ્થાને કરેલો જાપ બહુ લાભદાયી થાય છે.

(૫) જાપની મુદ્રાઃ–પદ્માસન વગેરે કોઈપણ સુખે બેસી શકે એવા આસને બેસી જાપ કરવો, કરોડરજ્જુ સીધી રાખવી, દરરોજ નિયત સંખ્યામાં જાપ ચાલુ રાખવો. વચમાં આંતરું ન પડે તે ખાસ લક્ષમાં રાખવું. નિયત સંખ્યામાં જાપ પૂર્ણ કર્યા પછી જ ઉઠવું.

અંગુલીના અગ્રભાગથી અને મેરુના ઉલ્લંઘનથી કરેલો જાપ પ્રાયઃ અલ્પફલ આપનારો થાય છે.

આહારચર્યા :— આરાધક આત્માની આહારચર્યા તો ખૂબ વ્યવસ્થિત જોઈએ. મન અને શરીર બન્ને સાધનામાં ખૂબ સહાયક છે. 'અન્ન તેવું મન અને તન' સાધનામાં ઉપયોગી મન અને તનનું ઘડતર શુદ્ધ, સાત્ત્વિક, નિયમિત અને નિરવદ્ય-નિર્દોષ આહારથી થવું જોઈએ. એથી મહામંત્રના જાપનું ગૌરવિક ફળ આપણને દેખાશે.

આહારચર્યાની બેદરકારી કોઈને કોઈ પ્રકારના અજીર્ણનું કારણ બને છે. અજીર્ણના કારણે વીર્યનું ઉર્ધ્વીકરણ થવાને બદલે અધોગમન થાય છે. વીર્યના અધોગમનથી કોઈપણ યૌગિક આત્મિક સાધનામાં ચિત્ત લાગતું નથી. યોગ સાધનામાં વીર્યનું ઉર્ધ્વગમન થવું જોઈએ. વીર્યને ઉર્ધ્વગામી બનાવવા અજીર્ણનો સૂક્ષ્મ અંશ પણ નાબૂદ થવો જોઈએ. અને એ માટે આહારચર્યામાં ખૂબ કાળજી રાખવી પડે. જ્યાં સુધી મળ-મૂત્રમાં સહેજ પણ દુર્ગંધ દેખાય ત્યાં સુધી સૂક્ષ્મ અજીર્ણનો અંશ છે એમ સમજવું.

યોગસિદ્ધિનું થર્મોમિટર એ છે કે યોગીના નયણ અને વચણમાં પવિત્રતા નિર્મળતાનો સંચાર થતો જાય.

યસ્ય દૃષ્ટિઃ કૃપાવૃષ્ટિઃ ગિરઃ શમસુધાકિરઃ ।

અર્થાત્ જ્ઞાન ધ્યાનમાં મગ્ન યોગીની દૃષ્ટિમાંથી કૃપાનું અમી વરસતું હોય અને વચનમાં સમતા, મધુરતાનું અમી નીતરતું હોય.

માદક પદાર્થો-માંસ, મદિરા, કંદમૂળ, બહુબીજનો ત્યાગ થવો જોઈએ. જ્ઞાનતંતુઓને વિષમ-તંગ બનાવનાર બીજા પીણાઓનો ત્યાગ આરાધનામાં સ્થિર બનવા અનિવાર્ય છે.

તળેલી ચીજો, ક્ષારવાળી વસ્તુઓ, મેંદાની વાનગીઓ, મન અને ઇન્દ્રિયોને વિકારી બનાવે છે. શરીરને જડ બનાવી મૂકે છે. તીખા તમતમતા મસાલા રાજસ-તામસ ભાવના પોષક છે. અજીર્ણમાં સહાયક છે. તેનો પણ શક્ય તેટલો ત્યાગ કરવો જોઈએ.

રાત્રિ ભોજન તદ્દન બંધ કરવું. સાંજે આહાર લેવો પડે તો તે સૂર્યાસ્ત પહેલાં અને અલ્પ પ્રમાણથી કામ ચલાવી લેવું જોઈએ.

તમાકુ, પાન, બીડી છીંકણી વગેરે વ્યસનો પણ ચિત્તમાં વિક્ષેપ નાખે છે. **ચિત્તની એકાગ્રતાને સુરક્ષિત રાખવા** ઉપરની સૂચનાઓનો અમલ અતિ આવશ્યક છે.

મંત્રપંચાંગી :–કોઈ પણ મંત્ર હોય તેમાં મંત્રઋષિ. મંત્રછંદ, મંત્રદેવતા, મંત્ર વિનિયોગ અને મંત્રન્યાસ આ પાંચ અંગો અવશ્ય હોય છે. આ પાંચ અંગ વિનાના મંત્રને શુદ્ધ મંત્ર કહી શકાય નહિ.

(૧) મંત્રઋષિ : નવકાર મંત્રના ઋષિ શ્રી **સુધર્માસ્વામી** છે. કે જેઓએ વર્તમાન શાસનમાં સૂત્રરૂપે મંત્રનો પ્રથમ સાક્ષાત્કાર કર્યો અને બીજાઓને આપ્યો.

(૨) મંત્રછંદ — એક ચૂલિકા તથા પાંચ અધ્યયનાત્મ ગાથા છંદ છે.

(૩) મંત્રદેવતા — અર્હં — અરિહંતાદિ પંચપરમેષ્ઠિએ આરાધ્ય તત્વો છે.

(૪) મંત્ર વિનિયોગ — (પ્રયોજન) સર્વ પાપોનો મૂળથી નાશ અને મંગળનું આગમન, મંગળની પ્રાપ્તિ.

(૫) મંત્રન્યાસ — અંગન્યાસ વજ્રપંજર સ્તોત્ર, કરન્યાસ આવર્ત જાપ આદિ.

જાપ સાધકના લક્ષણો :–

(૧) ઉપશાંત — કષાયોના તાપથી રહિત [illegible]

(૨) એકાગ્રચિત્ત — [illegible]

(૩) સુનિશ્ચિત — [illegible]

મનનો માલિક બનાવીએ . . . ૬

[શ્રી નમસ્કાર મહામંત્રના જાપ વિષે અનેક શાસ્ત્રવિધાનો આપણે સાંભળીએ છીએ. 'નવલાખ જપંતા નરક નવારે' એવું વિધાન આવે છે તેમ 'લાખ એક જાપ જન ગુણ્યે પૂરા જપે પદવી પામે અરિહંત કેરી' એવું પણ સાંભળવા મળે છે. પણ અહિ પ્રશ્ન થશે કે નવલાખ નવકાર ગણવા છતા માત્ર નરક ટળે અને એકજ લાખ નવકાર ગણતા તીર્થંકર નામકર્મ બંધાય એ શું બરાબર છે? પ્રશ્ન થવો વ્યાજબી છે. એનો ઉત્તર પણ સચોટ, મુદ્દાસર છે. નવલાખ કરતા એકલાખ સંખ્યાની દ્રષ્ટિએ ભલે ઓછા હોય પણ એ એકલાખ નવકાર ગણવાની વિધિ અદ્ભૂત છે શાસ્ત્ર કહેલી વિધિ પ્રમાણે લાખ નવકારની સાધનાનો લાગ દુષ્કર છે. ઘણા વિરલ આત્માઓ તેમા સફળ બને છે. એની ક્વોલીટી (Quality) ઉંચી છે. શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે એક લક્ષ બને, મંત્રાક્ષરોમા પૂરી એકાગ્રતા અને પંચ પરમેષ્ઠિઓમા તન્મયતા આવે, તેને જ શ્રીતીર્થંકરનામકર્મ જેવું મહાન ફળ મળે. આ રીતે વિધિપૂર્વક લક્ષ જાપની સાધના, અધ્યવસાયોની નિર્મળતા કરી તીર્થંકર નામકર્મના ઉપાર્જનમા પ્રબળ નિમિત્ત બને છે.

લાખ નવકારની સાધનામાં વ્યગ્રતા અને વિધિપૂર્વકની એકાગ્રતા કેવા વિભિન્ન ફળોનું સર્જન કરે છે. તે રાજા **શ્રીદત્તની** આ કથા વાંચતાં સમજાશે.—સં.)

કાંપીલ્યપુરનગર. શ્રીદર્પ રાજા. એને શ્રીદત્તપુત્ર. રાજા પરાક્રમી હતો. તેમ દિગ્વિજયનો ભારે શોખીન હતો. એકવાર એ દિગ્વિજય માટે નીકળ્યો. અનેક રાજાઓને જીત્યા, પણ કામરૂપ દેશનો રાજા બાકી રહી ગયેલો. શ્રીદર્પે સૈન્ય સાથે કામરૂપ દેશ તરફ પ્રયાણ કર્યું. ત્યાંનો રાજા પણ પરાક્રમી હતો. એ યુદ્ધના મોરચે આવી ગયો. ઘોર યુદ્ધ જામી પડ્યું

યુદ્ધના રમણે ચઢેલા સૈનિકો ખરી રંગતમાં આવી ગયા હતા. તે વખતે અચાનક શ્રીહર્ષના મનમાં દયાની લાગણી ઉત્પન્ન થઈ. યુદ્ધમાં નિર્દોષ સૈનિકોનો સંહાર થાય એ એને ખટક્યું.

દુશ્મન રાજાની સામે એણે પ્રસ્તાવ મૂક્યો – સૈનિકોનો સંહાર અટકાવી માત્ર આપણે બન્ને દ્વંદ્વ યુદ્ધ ખેલીએ. દુશ્મન રાજા પણ એમાં સંમત થયો. સેનાઓ એક બાજુએ ખડી ગઈ. બન્ને રાજાઓ વચ્ચે દ્વંદ્વ યુદ્ધ શરૂ થયું. બન્ને રાજાઓ પરાક્રમી હતા. કોઈનોય જય કે પરાજય થતો નથી. છેવટે યુદ્ધ બંધ કરવું પડ્યું અને બન્ને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

કામરૂપ દેશના રાજાને જીત્યા વિના પાછા ફરવું પડ્યું તેથી શ્રીહર્ષના હૃદય પર ઊંડી અસર થઈ. બાહ્યશત્રુ સાથેના યુદ્ધમાં મળેલી નિષ્ફળતાએ આંતરશત્રુ સાથે સંગ્રામ ખેલવાની પ્રેરણા જગાડી.

રાજ્યની નવીન નદીઓમાંથી બહાર નીકળી રાજા શ્રીહર્ષ [illegible] સંન્યાસમાર્ગ ઉપર આવી ગયા. [illegible] પવિત્ર સ્મરણ [illegible] હૃદયમાં [illegible].

દેવે કહ્યું – રાજન્! શ્રીનમસ્કાર મહામંત્રના લક્ષજાપમાં સંપૂર્ણ એકાગ્રતા આવે, પંચપરમેષ્ઠિમાં તન્મયતા થાય અને સર્વ જીવોના કલ્યાણની કામના તીવ્ર બની જાય તો તીર્થંકરનામકર્મ બંધાય. મધ્યમ એકાગ્રતાથી વિદ્યાધર ચક્રવર્તીપણું પામે અને અલ્પ એકાગ્રતાથી એકછત્રી રાજ્યનો માલિક બને. તારે ઉપદ્રવના કારણે જાપમાં અલ્પએકાગ્રતા રહી. તેથી તું એકછત્રી રાજ્યનો માલિક થઈશ.

ત્યારબાદ હેમપ્રભદેવ. શ્રીદેવને કાંપીલ્યપુર લઈ ગયો ત્યાં ફરી તેનો રાજ્યાભિષેક કર્યો. શ્રી નવકારમંત્રની સાધનાના પ્રભાવે કામરૂપ દેશનો રાજા તથા બીજા અનેક રાજાઓ તેના સેવક બન્યા.

એકછત્ર સામ્રાજ્ય ભોગવી, નવકારના ધ્યાનમાં મૃત્યુ પામી રાજા શ્રીદેવ માહેન્દ્રદેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી મનુષ્યભવ પામી મોક્ષપદ પામશે,

કલ્પવૃક્ષથી પણ અધિક, ચિંતામણિરત્નથી પણ વધુ કિંમતી પ્રાણીમાત્રના સર્વ ધનના આભૂષણ [illegible] શ્રીનવકારને આરાધી મનનો માલિક બનાવી દઈએ તો આ જગતમાં કશું જ અસાધ્ય કે દુઃસાધ્ય નથી.

શ્રીનવકારમંત્રના પ્રભાવે પતિતોમાંથી પાવન બનેલા શ્રીદેવ [illegible]

વ્યાપાર (ક્રિયા) વધતો જાય છે. આધ્યાત્મિક જીવનની પ્રગતિમાં દાન કરતાં પૂજા પૂજા કરતાં સ્તોત્ર, સ્તોત્ર કરતાં ધ્યાન અને ધ્યાન કરતાં લય વિશેષ ઉપયોગી છે. છતાં એ ધ્યાનની પૂર્વે દાન, પૂજા, સ્તોત્ર, અને જપ પોતાની ભૂમિકા મુજબ સેવવા ખાસ જરૂરી છે તો જ દાનથી માંડીને ધ્યાન સુધીમાં અંગો યથાર્થ અને પરિપૂર્ણ ફળ આપે છે. આમાંના એક પણ અંગની ઉપેક્ષા કરવાથી ધર્મ સાધના શુષ્ક બને છે. દાનાદિ દરેક અંગોના સુમેળપૂર્વક થતી સાધના રસમય બને છે. સાચો સાધક એક અંગની ઉપેક્ષા કરતો નથી. પૂજા અને સ્તોત્રને આપણે જીવનમાં કંઈક સ્થાન આપ્યું છે. પરંતુ એટલે-થી જ અટકી જવાનું નથી **મનની વિશુદ્ધિના પરમ અંગો જપ અને ધ્યાનને** પણ નિત્યના જીવનમાં મહત્ત્વનું સ્થાન આપવું જોઈએ. આધ્યાત્મિક જીવન મહેલના એ ચારે પાયાઓ એક સરખા મહત્ત્વના અને આદરણીય છે.

આવવાની સંભાવના છે ત્યાં સુધી એના પ્રતિકારની આવશ્યકતા પણ છે જ અને તે પ્રતિકારનું અમોઘ સાધન શ્રીનમસ્કારમહામંત્રનો મંગલજાપ છે.

પારસમણિના સંયોગથી લોઢું સોનું બને છે. એક પ્રગટેલા દીપકથી બીજા અનેક અપ્રગટ દીપકો પ્રગટ થાય છે. પંચ પરમેષ્ઠિઓ લોકોત્તર પારસમણિ છે. પ્રગટ દીપકો છે. આપણા આત્માની સુવર્ણ રૂપતા, સિધ્ધ સ્વરુપતા અને જ્યોતિ સ્વરૂપતા તેમનાં પુણ્યનામસ્મરણથી પ્રગટે છે.

૦ લાકડાનું બળ વધારે કે અગ્નિના કણનું? વાદળનું બળ વધારે કે પવનનું? હજારો ઉંદરનું બળ વધારે કે બીલાડીનું? હજારો સર્પનું બળ વધારે કે એક મયૂરનું? હજારો હાથીઓનું બળ વધારે કે એક સિંહનું? એમ પાપનું બળ વધારે કે નમસ્કાર મહામંત્રનું? જે પાપનો નાશ નવકારમહામંત્રથી ન થઈ શકે એવું કોઈ પાપ નથી. એવું પાપ કરવાની તાકાત જગતના કોઈ જીવમાં નથી. એક બાજુ પાપ છે. અને બીજી બાજુ નમસ્કારમંત્ર છે. એ બન્નેની સરખામણીમાં નમસ્કારમંત્રનું જ બળ વધી જાય છે. કારણ કે ત્રણે કાળના અરિહંતાદિ પંચપરમેષ્ઠિઓના અનંત સુકૃતોની અનુમોદના એકાગ્રતા પૂર્વકના એક જ નવકારના જાપથી થઈ શકે છે.

અંધકારમાં દીપક ન હોય, સાગરમાં જહાજ ન હોય, આકાશમાં સૂર્યનો પ્રકાશ ન હોય અથવા સૂર્ય કે ચંદ્ર ન હોય, [illegible]

દાનાદિ ચારે પ્રકારનો ધર્મ આપણામાં હોય તો પણ તે અધૂરો છે. જ્ઞાન, તપ, સંયમ પણ અપૂર્ણ છે. પંચપરમેષ્ઠિમાં તે પરિપૂર્ણ છે. પરમેષ્ઠિઓના શરણે જવાથી આપણા દાનાદિ ધર્મો કેમજ દાનાદિ ગુણો પૂર્ણતા પામે છે.

શ્રી નમસ્કારમંત્ર એ સંકટ સમયની સાંકળ છે એમ માનીને આપત્તિના સમયે ઝટ યાદ આવે એ રીતે જાપ કરી નવકારને સિદ્ધ કરી લેવો જોઈએ

• નવકારની સાધના વડે સાધક જે પરમોચ્ચ આલંબનોનો સંપર્ક સાધે છે. તે આલંબનો સૂર્યની જેમ સહજ ભાવે નિમિત્ત બની સાધકના આત્માની શુદ્ધિ કરે છે.

પરમેષ્ઠિમંત્રના જાપથી આલોક અને પરલોકના સર્વ સુખો મળે છે. એવા ઉપદેશમાં યુક્તિઓ, હેતુઓ તથા દૃષ્ટાન્તો ઘણું જ છે માત્ર હવે તેમાં આપણો પોતાનો અનુભવ ઉમેરવાનો છે પૂર્વકાળના દૃષ્ટાન્તોમાં કદાચ કોઈ અજાણ જીવને શંકા થવાનો સંભવ છે. માટે આપણે પોતે જ નવકાર ગણી દૃષ્ટાન્તરૂપ બનવું જોઈએ.

ભક્તિ, શ્રદ્ધા અને એકાગ્રતાથી નમસ્કાર મહામંત્રને ગણનાર જંગલના ભિલ-ભિલડી મરીને રાજા-રાણી થયા. શુદ્ધ મને નવકાર ગણતી સતી શ્રીમતીને સર્પ પુષ્પની માળા બની ગયો. અમરકુમાર મરણાંત કષ્ટમાંથી ઉગરી ગયો. સમળીએ મરતાં મરતાં નમસ્કાર મહામંત્રને મુનિના મુખથી સાંભળ્યો તેથી મરીને સુદર્શના રાજકુમારી થઈ. સુરસુંદરીને પિશાચ અને ચોરો પણ ભક્ત બની ગયા. શિવકુમારને સુવર્ણપુરુષની સિદ્ધિ થઈ. દમયંતીને જંગલમાં પણ મંગળ થયું. નવકારને સાંભળતાં સર્પ મરીને ધરણેન્દ્ર બન્યો. આગડ રાજપુત્ર થયો. હુંડિક યક્ષ દેવગતિ પામ્યો. ચંડપિંગળ ચોર ઉત્તમ કુળમાં રાજપુત્ર થયો. જિનદાસ શ્રાવકે નવકારથી આખા નગરને મહાના ઉપદ્રવથી ઉગાર્યું. રાત્રિએ પૌષધમાં રહેલા અક્ષસેન શ્રાવકે

ઉચ્ચારેલા પરમેષ્ઠીમંત્રના મંગલધ્વનિથી ચાર ચોરો જાતિસ્મરણ જ્ઞાન પામી વૈરાગ્ય વાસિત થયા. નવકારમંત્રના શિલા ઉપર કોતરેલા અક્ષરો જોઈને વાનર જાતિસ્મરણ જ્ઞાન પામ્યો અને અનશન કરી દેવગતિગામી બન્યો. આવાં અનેક દૃષ્ટાંતો નમસ્કાર મંત્રના મહામહિમાને સાબિત કરતાં શાસ્ત્રોમાં ટંકાયાં છે. શ્રદ્ધાળુ આત્માઓએ તેનું આલંબન લઈ એકાગ્ર બની, પરમભક્તિથી નવકારમંત્રને સ્મરવો જોઈએ. સમગ્ર જૈનશાસનના સારભૂત નવકાર પ્રત્યે જો હાર્દિક પ્રેમ ન જાગ્યો તો તપ સંયમાદિ સફળ કેમ થશે? જેઓને નવકારના અચિંત્ય ફળોમાં શ્રદ્ધાની કચાશ હોય તેઓને ખાસ ભલામણ છે કે એકવાર નવકાર ગણવાની પ્રક્રિયાને આદરપૂર્વક અપનાવે અને નવકારના અદ્ભૂત પ્રભાવની પોતાના જાત અનુભવથી ખાત્રી કરે. અને ઉપર કહેલાં અનેકાનેક દૃષ્ટાન્તોમાં એકનો ઉમેરો કરી વિશ્વકલ્યાણના કાર્યમાં વેગ આપે.

卐

ઉત્કૃષ્ટ ભાવના

દુઃસ્થાં ભવસ્થિતિં સ્થેમ્ના સર્વજીવેષુ ચિન્તયન્
નિસર્ગસુખસર્ગં તેષ્વપવર્ગં વિમાર્ગયન્

ચાર ગતિમાં રહેલા સર્વ જીવો માટે ભવસ્થિતિ, સંસારવાસ [illegible] એ દુઃખનો હેતુ છે, અત્યંત દુઃખદાયક છે, એ રીતે [illegible] દુઃખમય સ્થિતિનો નિશ્ચયપૂર્વક વિચાર કરતો [illegible] ભાવના ભાવે કે 'સર્વ જીવો સંસારના સર્વ દુઃખોથી મુક્ત બની જ્યાં સ્વાભાવિક રીતે નિરતિશય સુખ છે એવો મોક્ષ પ્રાપ્ત કરો.' [illegible]

શ્રી નવકારનો મંગલ ધ્વનિ . . . ૮

વસંતપુરનગર, ત્યાં આધ્યાત્મિકતાની વસંત સદૈવ ખીલેલી રહેતી. એ નગરનો વાસી ક્ષેમંકર શ્રાવક બાલ્યકાળથી જ આધ્યાત્મિકતાનો પરમ ઉપાસક અને સાત્વિક શિરોમણિ હતો. તત્વજ્ઞાનનો તેને ભારે રસ હતો. ધર્મકથા કરવામા તે કદી થાકતો નહિ.

ઉત્સાહ-ઉમંગ કે કર્તવ્ય બુદ્ધિ હોય છે ત્યા થાક જણાતો નથી. ઉત્સાહની મંદતા કોઈ પણ કાર્યમાં થાકનો અનુભવ કરાવે છે.

ક્ષેમંકર યુવાન હતો છતા ઉન્માદી ન હતો. જ્ઞાન-વિજ્ઞાનનું કૌશલ્ય ધરાવતો છતા ઉદ્ધત ન હતો. ઉછળતી યુવાનીમા જ તેને જ્ઞાનની પ્રૌઢતા અને સદાચારનો પ્રકાશ લાધી ગયા હતા.

વિનય અને વિવેકથી ચળકતી બે આંખોથી તેની મુખમુદ્રા ઓજસ્વી દેખાતી હતી.

ગાંભીર્યના અખૂટ ધનથી તે ખૂબ સમૃદ્ધ હતો. ભૌતિક સંપત્તિ તો એની સદાયની દાસી હતી, છતાં શ્રીમંતાઈનો ગર્વ એને સ્પર્શી શક્યો ન હતો.

એના ગુણોની સુવાસથી ખેંચાઈને એની આસપાસ કલ્યાણ મિત્રોનું ટોળું જામતું. એની તથ્ય-પથ્ય-મિત વાણીએ મિત્રોને મારૂ આકર્ષણ કર્યું હતું. એની વાણીમાં સહજ માધુર્ય હતું.

ઉત્તમપુરુષોમાં આચારની પવિત્રતા, હૃદયની કોમળતા, વાણીની મધુરતા, પાપભીરુતા, જનપ્રિયતા વગેરે અનેક વિશેષતાઓ જન્મસિદ્ધ હોય છે.

પરમશ્રાવક ક્ષેમંકર પોતાના સાધર્મિકો અને સ્નેહીઓ સમક્ષ ક્યારેક સંસારની કટુતા રજુ કરે તો ક્યારેક સંયમની મધુરતા જણાવે, ક્યારેક અર્થ-કામની સ્વાર્થઘેલા ખૂલ્લી કરે તો ક્યારેક જીવોના હિતની ભાવના સમજાવે, ક્યારેક નવતત્વની રસલ્હાણ લુંટાવે

જો હી હૈ રૂપ તેરા વો હી હૈ રૂપ મેરા
પડદા પડા હૈ બીચમેં આકર કે ઉડા દેના

ઓહો! જેવું પરમાત્માનું સ્વરૂપ તેવું જ મારા આત્માનું સ્વરૂપ, જેવા દ્રવ્ય–ગુણ પર્યાય પરમાત્માના તેવા જ મારા આત્માના!

અરે પરમાત્માએ સાધક દશામાં પ્રાણી માત્રના કલ્યાણની ભાવનાના ગીત ગાયા અને હું એમનો સેવક સ્વમાં જ પૂરાયો ! સ્વાર્થમાં જ અટવાયો ! પરમાત્માએ જીવમાત્રના જીવત્વ સાથે પ્રીતિ જોડી અને હે આત્મા તું જીવમાત્રના જીવત્વને ભૂલી જડનો પ્રેમી બન્યો!

આત્મન્! તારે સગાઈ–નિકટતા જીવ સાથે કે જડ સાથે ?

જોજે! જડ પ્રત્યે વૈરાગ્ય કેળવજે, ઉદાસીન બનજે પણ જીવો પ્રત્યે ઉદાસીન ન બનીશ !

જીવ ! તારો અનંતકાળ સંસારભ્રમણમાં એળે ગયો! તેં કર્મ દુશ્મન સાથે મિત્રતા કરી ! તારા શુદ્ધ સહજાત્મસ્વરૂપને કદી ન વિચાર્યું ! ભવચક્રના દુઃખમય પરિભ્રમણને તું ભૂલીશ નહિ ! જોજે પ્રમાદ અને અજ્ઞાન નામના મોહગોટ્ટાઓ ધર્મપુરુષાર્થની અમૂલ્ય તકને લૂંટી ન જાય !

જાગ...જાગ...જાગ! ભાવનિદ્રાને આધીન ન થા...ધ્યાન પૂર્ણ થયું. શ્રીનવકારમંત્રને જપી ક્ષેમંકર પોઢી ગયા.

અજ્ઞાનના અંધકારને ભેદી નાંખે, કષાયોને કરમાવી દે, કર્મ મજાને ઓગાળી નાંખે, મોહનિદ્રામાંથી જગાડી દે, એવી એ ધર્મ-કથા હતી.

ક્ષેમંકરે જીવના અનંત ભવભ્રમણનો કરુણ ઇતિહાસરજુ કર્યો. મોહની ક્રૂરતા અને પાપની પાશવલીલા ચીતરી. જીવની વિપર્યસ્ત દશાનું સચોટ ભાન કરાવ્યું.

શ્રોતાઓની આંખો પશ્ચાત્તાપના અશ્રુથી ભીની થઇ, આત્માની કરુણ સ્થિતિ ઉપર કલ્પાંત થયા. સ્વાત્માને મોહ–અજ્ઞાનના પંજામાંથી છોડાવવાના મનોરથ જાગ્યા અને જગતના સર્વ જીવો પણ કર્મ–શત્રુના ફંદામાંથી મુક્ત બનો એવી ભવ્ય ભાવના પ્રગટી, આખીએ સભા ધર્મધ્યાનના નિર્મળ નીરમાં ઝીલવા લાગી.

ધર્મચર્ચાનું પ્રબળ નિમિત્ત પામી ક્ષેમંકરનું ધર્મધ્યાન પણ તીવ્ર બન્યું. અધ્યવસાયો વિશુદ્ધ વિશુદ્ધતર બનતા ચાલ્યા. અજ્ઞાનના પડદા ચિરાયા અને એ મહાશ્રાવકને નિર્મલ અવધિજ્ઞાન પ્રગટ થયું.

અવધિજ્ઞાનના દિવ્યપ્રકાશમાં ક્ષેમંકરે પોતાના નાનાભાઇ આત્મંકરનું જીવન અવલોક્યું. આયુષ્યકર્મની સ્થિતિ નિહાળી, માત્ર ૭ મહિનાનું જ આયુષ્ય બાકી રહેલું જોયું અને તે થંભી ગયો.

આત્મંકરનું જીવન જિનધર્મના રંગે રંગાયેલું હતું. પૂર્વ મહાપુરૂષોના જીવનમાંથી તે નિત્ય નવી પ્રેરણાઓ મેળવતો અને જીવન આરસમાં સુદર–નાજુક સંસ્કાર શિલ્પતે કોતરતો.

માનવ જીવન એટલે જાણે સંગેમરમરનો એકનંબરી આરસ! આત્મા જો કુશળ શિલ્પી બને તો એ આરસમાં આદર્શ જીવનનું શિલ્પ સર્જાય, બાકી ભોગ–વિલાસના ચીંથરાં ધોવામાં એ આરસ વેડફાય તેમાં એની શી વિશેષતા?

આત્મંકરની ભાવોચિત દિનચર્યા આદર્શ હતી પણ હજી તેને આત્મશ્રેયના ઘણા સોપાન ચઢવાના બાકી હતા.

આત્મહિતના દ્રષ્ટા ક્ષેમંકરે એને અલ્પાયુષી જાણી કહ્યું, આત્મંકર! હવે તું રોજ પૌષધ કર...તારું શ્રેય: એમાં જ છે...તું આત્મહિત તરફ જરાય દુર્લક્ષ ન કર...જીવનના છેલ્લા શ્વાસ સુધી કંચન-કામિનીની આળપંપાળ ન શોભે.

આ પ્રમાણે ક્ષેમંકરે વારંવાર ભાર પૂર્વક કહ્યા કર્યું! આથી બાજુમાં બેઠેલા ક્ષેમંકરના મિત્ર બ્રહ્મસેનને આશ્ચર્ય થયું.

"આત્મંકર હંમેશાં ધર્મ કરણીમાં-રત જાગ્રત રહે છે. પર્વતિથિએ પૌષધ કરવાનું કદી ચૂકતો નથી. તો રોજ પૌષધ કરવાનો આગ્રહ શા માટે કરો છો?" બ્રહ્મસેને જિજ્ઞાસાથી ક્ષેમંકરને પૂછ્યું.

"બ્રહ્મસેન! એ જે આરાધે છે તે બિંદુ છે. સિંધુ જેટલું આરાધન બાકી છે એ તું કેમ ભૂલી જાય છે?"

"પરંતુ, રોજ પૌષધ લઈને બેસશે તો એનો ઘરસંસાર કેમ નભશે?"

"બ્રહ્મસેન! તે હું સમજું છું, છતાં એને રોજ પૌષધનો આગ્રહ કરું છું તેમાં ગૂઢ રહસ્ય છુપાયેલું છે."

'તે રહસ્ય શું?'

'એનું આયુષ્ય હવે માત્ર બે મહિનાનું જ બાકી છે.'

હેં...! અવધિજ્ઞાની અને જિજ્ઞાસાની મિત્ર બ્રહ્મસેનની આંખો [illegible] ફાટી.

પણ તમે શી રીતે જાણ્યું કે આત્મંકરનું આયુષ્ય છ માસનું છે? અભયસેને પૂછ્યું.

'દેવ ગુરુ ધર્મનો પ્રભાવ અજબ હોય છે.' ક્ષેમંકરે કહ્યું.

'શું એવું કોઈ અતિશય જ્ઞાન થયું છે?' અભયસેને પૂછ્યું.

'હા' ક્ષેમંકરે કહ્યું.

'કયું જ્ઞાન? શું નામ?' અભયસેને આતુરતાથી પૂછ્યું.

'અ...વ...ધિ...' ક્ષેમંકરે કહ્યું.

અહો! નિષ્કામ અને નિર્મમભાવથી કરેલી ધર્મ સાધનાનો કેવો અજબ પ્રભાવ! અભયસેનનો પ્રમોદભાવ ખીલી ઊઠ્યો.

બીજાના સુકૃતને જોઈ, ગુણોને નિહાળી પ્રમોદભાવનું હૃદય હર્ષથી નાચી ઊઠે છે. સૌ કોઈ એક જ રીતે, એક જ માર્ગે સુકૃતના શિખરે, ગુણોની ટોચે પહોંચી શકે એ હકીકત છે.

બીજાના દોષ જોવાથી આપણને શું મળે? ગુણ કે દોષ? લાભ કે માર? આબાદી કે બરબાદી? ઉન્નતિ કે અવનતિ?

"જો તમારી આ વાત સત્ય ઠરી તો હું પર્વતિથિએ પૌષધની આરાધના કરી છોડીશ નહિ" અભયસેને કહ્યું.

(૪)

છ મહિના વીતતા શી વાર! આત્મંકરનો અંતિમકાળ નજીક આવી રહ્યો છે. પરંતુ એને મૃત્યુનો લેશ માત્ર ભય નથી. મૃત્યુનો ડર તો એને લાગે કે જેણે જીવનને પાપાચરણની મેલથી કાળું કર્યું હોય. સ્વાર્થની જ સાધનામાં વીતાવ્યું હોય!

ક્ષેમંકરની આગાહીનો આજે દિવસ છે.

જીવનમાં કરેલી ધર્મસાધનાએ અને પરસંગનિરાશાએ આત્મંકરને સમાધિની ભેટ ધરી છે. આજે તે પૂર્ણ જાગ્રત છે. આરાધનામાંજ મગ્ન છે.

મરણસમે પોતાનો હેલો પરખવો અને વિદાયની પરીક્ષાનું ટાણું જીવનમાં કેવો આનંદ રહે?

આત્મંકરે પૌષધની પવિત્ર સાધના સાથે ચિત્તમાં પંચપરમેષ્ઠિને વસાવ્યા. સર્વ સાંસારિક સંબંધોને વોસિરાવી દીધા, વિશ્વજંતુઓ સાથે ક્ષમાની આપ-લે કરી, તેઓ સાથે મૈત્રી બાંધી.

પરભવની મુસાફરીએ જતા વ્હાલા બંધુને વિદાય આપવા ક્ષેમંકર સજ્જ થયો, આત્મંકરને સંથારો પાથરી આપી અંતિમ આરાધના કરાવે છે,

મારો સહોદર ! એને સદ્‌ગતિનો પથિક બનાવી દઉં, દુર્ગતિઓની દુર્દશાઓમાંથી ઉગારી લઉં ! મુક્તિના માર્ગે ચઢાવી દઉં.

આત્મંકરની જીભે નવકારમંત્રનું રટન ચાલતું હતું, હૃદય સર્વ જીવો સાથેના આત્મસમભાવનું દર્શન કરી રહ્યું હતું, એની આંખો ઘેરાવા લાગી.

જનસમુદાયે નવકારનો મંગલધ્વનિ ગજાવ્યો, જોત જોતામાં આત્મંકરનો આત્મા પાર્થિવ દેહ છોડી ગયો...દેવોની દિવ્યનગરીનો વાસી બની ગયો.

વસંતપુરમાં આત્મંકરના અવસાનની વાત પ્રસરી ગઈ. નગરજનોમાં શોક છવાયો. મહાસેન ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યો, સાધર્મિકના વિરહે એના પથ્થરદિલને પીગળાવી નાખ્યું.

ક્ષેમંકરને શોક રહિત જોઈ મહાસેને કહ્યું. શું ધર્માત્મા પથ્થરદિલના હશે?

જિનધર્મની પ્રીતિ ગાઢ બની, બ્રહ્મસેન પૌષધવ્રતનો રસિયો બન્યો, પર્વતિથિએ કદી પૌષધ ચૂકે નહિ, સંસારિક પ્રવૃત્તિઓથી પરાંઙમુખ થઈ ધર્મધ્યાનમાં મગ્ન બની જતો અને રાત્રીના સમયે પણ ઘણી વાર કાઉસ્સગ્ગમાં ઊભો રહેતો.

(૫)

દિન પછી દિન ગયા. વર્ષ પછી વર્ષ વીત્યાં. બ્રહ્મસેનની આર્થિક સ્થિતિ કથળી ગઈ.

કર્મની કેવી વિચિત્રતા ! આધ્યાત્મિકતાની સપાટીએ બેઠેલા આત્માનું પણ ભૌતિક અધઃપતન સર્જી દેતાં કરમને કશી શરમ નહિ.

પરંતુ વાંધો નહિ ! એ ઊંચી ભૂમિકાએ આવની ભૌતિક ભીંચિનને પીડતી નથી. શાંતિને હરતી નથી.

રાજકુમારોના મનમાં કુબુદ્ધિ જાગી. કોઈ પર્વના દિવસે બ્રહ્મસેનનું ધન લુંટવાનો–માલ તફડાવી લેવાનો તેઓએ નિર્ણય કર્યો.

સંસારની કેવી વિચિત્રતા ! વિશ્વના ચોગાનમાં કૃતઘ્નતાનું આ કેવું તાંડવનૃત્ય ! સ્વાર્થની કેવી પરાકાષ્ઠા અને પાશવલીલા !

એકના હાસ્યમાં બીજાનું રુદન ! એકના મહેલમાં બીજાની જેલ ! એકના મરણમાં બીજાનું જીવન !

કૃષ્ણપક્ષની અંધારી રાત હતી. ચતુર્દશીનો પૌષધ લઈ શ્રાવક બ્રહ્મસેન ધ્યાનમાં ઊભો હતો.

હૃદયને વજ્ર બનાવી ચારે રાજકુમારોએ બ્રહ્મસેનના ઘરમાં પ્રવેશ કર્યો, ધીમે ધીમે ઠીક ઠીક માલ મિલ્કત ભેગી કરી.

બ્રહ્મસેને ધ્યાન પૂર્ણ કર્યું. કુમારોને જોયા, ઓળખ્યા, તેના મનમાં વિકલ્પ–" અરેકુમારોને મેં આશરો આપ્યો, જોઈતું મન આપ્યું. જીવન સુખી બનાવ્યું, છતાં આ ઘોર પાપાચરણ...?"

પણ બ્રહ્મસેને એ વિચારધારાને ત્યાંજ અટકાવી દીધી. અરે! હું તો પૌષધ વ્રતમાં છું. મન-માન, કુટુંબ-કબીલા બધું વોસિરાવ્યું, પછી આ બધી સંપત્તિ કોની ? ભાગ્યને એણે દગો દીધો છે, શું મને પણ એ દગો નહિ દે ? નશ્વર વૈભવ ખાતર આર્તધ્યાન કરી કલ્યાણકારી પૌષધવ્રતની વિરાધના શા માટે કરવી ? પરની ચિંતાનો વિચાર છોડી બ્રહ્મસેન પાછો ધ્યાનસ્થ બની ગયો.

"હં...યક્ષસેન આપણને સંભળાવી દેવા માટે કોઈ મંત્ર જપતો લાગે છે, જરા ધ્યાન દઈને સાંભળીએ."

રાજકુમારોએ કાન સરવા કરી સાંભળવા માંડ્યું. તેમને લાગ્યું કે આપણે આવા મધુર મંગળ શબ્દો ક્યાંક સાંભળ્યા છે ..પણ ક્યાં...? ઊહાપોહ શરૂ થયો, ઊંડા ચિંતને અજ્ઞાનના પડદા ભેદી નાખ્યા, ત્યારે રાજકુમારોને જાતિસ્મરણ જ્ઞાન થયું.

કેવી અજબ શક્તિ મહામંત્ર શ્રી નવકારની !

મંત્રાક્ષરોના દિવ્ય ધ્વનિનો કેવો આ પ્રભાવ !

મોહનું કાતિલ ઝેર ઉતારવાનું કેવું કૌવત એના શબ્દ રત્નોમાં ! પૂર્વ જીવન જોઈ કુમારો વિચારે છે—પૂર્વે ઉજ્જવળ ચારિત્ર જીવન જીવનારા ! નમસ્કાર મહામંત્રને જપનારા !... સમાધિમૃત્યુ—પંડિત મૃત્યુથી દેવલોકમાં પહોંચનારા ! અહિં રાજકુળમાં અવતરનારા અમે આજે આટલા આપના પ્રત્યે જ કૃતઘ્ની બની કેવું ઘોર કૃત્ય આચરનારા બન્યા છીએ ? ધિક્કાર છે અમારા કલંકિત જીવતરને...

આત્મનિંદા ..આંતર મનોમંથનમાંથી ત્યારે કુમારોએ માખણ તારવ્યું—સઘળા સંસાર પર ઉદાસીન ભાવનું—વૈરાગ્ય વૃત્તિનું.

પૂર્વ જન્મમાં આચરેલા ચારિત્રના મહામાર્ગે પ્રયાણ કરવા માટે રાજકુમારો તત્પર બન્યા.

આવતી કાલે થયેલા તેઓના શુભ સંકલ્પની અનુમોદના દેવોનાં પણ ચિત્ત ડોલી ગયાં. આયુષ્ય જેમને દેવો હાજર થયા. ત્યારે કુમારોએ સાધુ વેષ અંગીકાર કર્યો. તરત મુનિઓની સ્તુતિ કરી દેવો સ્વસ્થાને જવા લાગ્યા. દેવોની દિવ્ય ભોગશક્તિ કરતાં મુનિઓની ત્યાગશક્તિને તેઓનું હૈયું નમી પડ્યું. ગતિનો સમય દેખાતો ત્યારે તરત મુનિવરો સ્થિર ધ્યાનમાં ઊભા રહી ગયા.

(૮)

બ્રહ્મસેન તો શ્રી નવકારમંત્રના જાપમાંજ લયલીન છે. પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાનમાં ખોવાઈ ગયો છે, તેઓના ગુણ પુષ્પો ચુંટવાની મસ્તી માણી રહયો છે, નથી તેને ચોરોનું ભાન, નથી ધનદોલતનું ભાન કે નથી દેવોના આવવા કે જવાનું ભાન !

રાત્રિનો અંધકાર ગયો, અરુણોદય થયો અને પ્રકાશ પથરાયો. બ્રહ્મસેનનું ધ્યાન પુરું થયું. હજી તે ચારે કુમારો (ચોરો) ત્યાંજ દેખાયા. સહેજ ઝીણી નજરે નિરીક્ષણ કરતાં તે ચોંકી ઊઠયો ! ઓહો ! કેવી વિચિત્રતા ! સાધુવેષમાં ચોરીનું પાપ ? પરમાત્માના પુનિત વેષને આ કુમારો આવા મલિન આચરણથી કલંકિત કરી રહ્યા છે...કુમારો પ્રત્યે લાગણીવશ બની બ્રહ્મસેને પૃછયું

'અરે મહાનુભાવો ! તમે કોણ છો ? સાધુવેષમાં રહી આવું અઘટિત કામ શા માટે કરો છો ?'

ધ્યાન પુરું કરી ચારમાંથી એક મુનિ બોલ્યા "હે કરુણાવંત ! અમારી પહેલેથી પૂરી હકીકત સાંભળો એટલે આપના મનનું સમાધાન થશે..."

ચોરી માટે આવવું...ધન માલની ગાંસડીઓનું બાંધવું... તેજ વખતે મહામંત્રના મંગલ શબ્દોનું કાને પડવું...[illegible] [illegible] થવું...પાપનો [illegible] પશ્ચાત્તાપ...સંયમની તીવ્ર ભાવના [illegible] પૃથ્વી પર આગમન...દેવોએ આપેલા સાધુવેષનો સ્વીકાર [illegible] [illegible]...[illegible] રાત્રિના [illegible] [illegible]

(૯)

વિશાખાપુરી નામે એક નગરી છે. જાણે અલકાપુરીનો અવતાર !

ત્યાં રાજા કેશરી રાજ્ય કરતો હતો.

નીતિનિપુણ, યુદ્ધકુશળ અને પ્રજાવત્સલ કેશરીના રાજ્યમાં સુખશાંતિના સાગર ઉભરાયા હતા. નરનારીના વૃંદ એ સાગરમાં રંગવિહાર કરતાં હતાં.

અમે ચારે ભૂપાળ કેશરીરાજાના પુત્રો હતા. કલા-કૌશલ કેળવવામાં અમારું શૈશવ વીત્યું. યૌવનના આગમને અમે આશી [illegible] ત્યાં એકાએક કાળ પિશાચ આવીને અમારા પિતાજીને ઉપાડી ગયો...

રાજકુળ અને નગર આખું [illegible] બન્યું.

પિતાજીના દેહને અગ્નિદાહ દીધો અને અમે દેહની રાખ સંગમમાં પધરાવવા રવાના થયા.

અમને તે વખતે અમારા જીવન નદીના પૂર જેવું અને યૌવન વિજળીના ઝબકારા જેવું લાગ્યું. [illegible] [illegible] અને જીવની અસ્થિરતા આસી સંસારની [illegible] [illegible] વિચાર કરતાં કરતા અમે એ ચાર નદીના તટે પહોંચ્યા.

ત્યાં અમને એક દૃશ્ય જોવા મળ્યું એ દૃશ્ય જોતાં જ [illegible] [illegible] દેહની [illegible] આવી.

એક [illegible] [illegible] [illegible] હતા. [illegible] [illegible] [illegible] [illegible] હતા પર [illegible] [illegible] [illegible] હતા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હોય !

હે [illegible] ! [illegible] [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

મુનિ શાંત રસના સાગર હતા. અમારી સૌમ્ય મુદ્રા કોમળ વાણી. અને નિર્દંભ જિજ્ઞાસાને પારખી તેમણે પ્રત્યુતરમાં કહ્યું:

કુમારો ! સ્થિરચિત્ત બની સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારો. આંતરદૃષ્ટા બનો. સ્થૂલદૃષ્ટિ બહારના જડ પદાર્થ પર ઠરે છે. માત્ર જડ પદાર્થનો જ એ માપક ગજ બને છે. સૂક્ષ્મદૃષ્ટિ—પારદર્શક છે. જડની ભીતરમાં રહેલા ચેતનને પણ તે જોઈ શકે છે.

શરીરમાં રહેનારો, શરીરનો માલીક આત્મા કેટલો મલિન છે તે જુઓ !

શરીરને ગમે તેટલીવાર પાણીથી કે સોડાથી સાફ કરો તો પણ ફરી ફરી મલીન થવાનો તેનો જાતિ સ્વભાવ છે. તમને પણ તે અનુભવસિધ્ધ છે.

જેમ જેમ કેવળ દેહ અને વસ્રોને ઉજળાં બનાવવા પ્રયત્ન કરીયે છીએ, તેમ તેમ આપણો આત્મા વધુ મલિન બનતો જાય છે. આ કડવું પણ સત્ય છે. તેને સ્વીકાર્યા વિના છુટકોજ નથી.

આત્માને ઉજ્જવળ નિર્મળ બનાવવાની મહેનત હંમેશાં મહેણી નિવડે છે. એકવાર સંપૂર્ણ ઉજળો થયા પછી આત્મા કદી મેલો થતો નથી. તો કુમારો ! શરીર અને વસ્ત્રોને ઉજળા કરવાનું કાર્ય કરવું કે આત્માને ? આત્માને નિર્મળ કર્યા પછી બધાંજ દુઃખોનો અંત આવી જાય છે. બધા સંતાપો ટળી જાય છે.

મુનિવરની હિતકારી વાણીએ અમારા ચારે ભાઈઓના હૃદય ધર્મ-ભાવનાથી ભીંજાયા. વૈરાગ્યના અંકુરો ફુટયા. અમે ચારે ભાઈઓએ તે મહામુનિના તારક ચરણોમાં જીવન સોંપ્યુ.

દેવ ગુરુની અનંતકૃપાના બળે જ્ઞાન-વિજ્ઞાનમા, તપ-ત્યાગમાં, ધ્યાન-ધારણામાં, સમતા-સમાધિમા અમારો ઠીક ઠીક વિકાસ થયો.

જીવનભર ચારિત્રધર્મનું નિરતિચાર પાલન કરવા અમે મથતાં. પંચ પરમેષ્ઠીઓ પ્રત્યે સમર્પણ ભાવે નમસ્કાર મહામંત્રના જાપમાં લીન બની જતા...અંત સમયે પંડિત મરણ પામી અમે ચારે દેવલોકમાં ગયા અને ત્યાથી ચયવી આ જન્મમાં રાજકુળમા અવતર્યા. ત્યાર પછીની હકીકત આપ જાણો જ છો.

આ પ્રમાણે જ્યેષ્ઠમુનિએ પૂર્વભવનો વૃત્તાન્ત બ્રહ્મસેનની આગળ સંભળાવ્યો.

બ્રહ્મસેનનું ચિત્ત ચમકી ઊઠયુ.

ચારે ભવ્યાત્માઓના અપૂર્વ પરાક્રમને તેણે હૃદયથી આવકાર્યું. ચારે મહાત્માઓના જીવન-આરિસામાં પોતાનુ જીવન-સ્વરૂપ નિહાળ્યું. પોતાના સત્વ વિહોણા મુગ્ત જીવન પર તેને સુગ ચઢી

અહો! શ્રીનમસ્કાર મહામંત્રની એકજ રણભેરીથી આ ચારે સુભટો કર્મશત્રુ સામે જંગ ખેલવા ઊભા થઈ ગયા! જ્યારે હું વર્ષોથી દેવગુરુનો ઉપાસક, અવધિજ્ઞાની મહાશ્રાવક ક્ષેમંકરનો ધર્મમિત્ર...હજી સંસારની માયાજાળમાં મહાલું છું...?

(૧૦)

બ્રહ્મસેનનો વૈરાગ્ય સતેજ થયો. તેજ ક્ષણે મોહથી મનને મુક્ત બનાવ્યું અને ચારે મુનિઓ સાથે એણે પણ ચારિત્ર જીવનના પુનિત પંથે મંગળ પ્રયાણ કર્યું.

ધર્મના રંગે રંગાયેલા બ્રહ્મસેનનાં સ્વજનો વિરાગીઓને વિદાય આપી પાછા વળ્યા.

પલ્લીવાસી આબાલવૃદ્ધોને જાણે એક અતિ નિકટના સ્નેહીનો ચિરવિરહ પડતો લાગ્યો.

સૌ વળાવી આવ્યા અને સાથે સાથે પોતાના જીવનમાં પણ એ પંથે પ્રયાણ કરવાના મનોરથો લેતા આવ્યા.

તે મનોરથોને સફળ બનાવવા નમસ્કાર મહામંત્રના પ્રબળ પ્રવહણને પણ તેઓએ અપનાવ્યું.

પલ્લીની કુટીરે કુટીરે "નમો અરિહંતાણં નમો સિદ્ધાણં..." ના મંગલધ્વનિ ગાજી ઊઠ્યા.

પાંચ પુણ્યાત્માઓએ સંસારની શેતરંજ સમેટી લીધી... સિદ્ધશિલા પર શોભાયમાન થયા. સાથે સાથે જનહૃદયમાં પણ પંચપરમેષ્ઠિના પ્રેમને પૂરતા ગયા.

મહામૂલો બોધ

સાધનાની પૂર્ણતાને વરેલા અને સાધનાના માર્ગે ચાલી રહેલા શ્રી પંચપરમેષ્ઠિઓના નામ અને નમસ્કારને ગણતા અક્ષરો મંત્ર રૂપ બની જાય છે. પછી, એ બારાખડીના અક્ષરો રહેતા નથી પણ મંત્રદેવતા બને છે. ભવોદધિતારક તીર્થનું કામ બજાવ્યા કરે છે.

સફળતાનાં સોપાનો ૯

[જિનશાસનમાં સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્‌ક્રિયાને મોક્ષનો માર્ગ કહ્યો છે, પરંતુ જ્ઞાન આવ્યા બાદ સમ્યક્‌ક્રિયાની આરાધનામાં કેટલીક વાર અનેક વિક્ષેપો આવે છે. આ માટે સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્‌ક્રિયારૂપ આરાધનાની સાધનાના માર્ગનું અહીં નિરૂપણ કર્યું છે. [illegible] દોષોને ટાળવા મુમુક્ષુ ઇચ્છશે આ લેખ લક્ષપૂર્વક વાંચવો જરૂરી છે —સં૦]

સત્ક્રિયાથી રાગાદિની મંદતા

ખેદ વગેરે આઠ દોષવાળું ચિત્ત મોક્ષમાર્ગની સાધનામાં પ્રતિકૂળ છે, સાધનામાં આરાધનાનો આધાર ચિત્તની પ્રસન્નતા ઉપર છે. ખેદ આદિ દોષોથી ચિત્તની નિર્મળતા-પવિત્રતા હણાય છે. માટે તે દોષોને બરાબર સમજી તેને પ્રયત્નપૂર્વક દૂર કરવા એ પ્રત્યેક સાધકનું કર્તવ્ય બને છે. ખેદ આદિ ચિત્તના દોષોના પરિહારપૂર્વક થતી ક્રિયા સત્ક્રિયા બને છે. રાગદ્વેષના પરિણામને મંદ પાડવાનું તથા નિર્મૂળ કરવાનું સામર્થ્ય સત્ક્રિયામાં જ છે. આમ રાગાદિની મંદતાથી આત્મામાં જ ધર્મનો ઉદય [illegible] છે. દોષોના [illegible] ક્રિયા અને ચિત્તના [illegible] ક્રિયા [illegible] રાગ-દ્વેષની મંદતા દેખાડે છે, પરંતુ [illegible] [illegible] તેમાં હોતી નથી. તેથી તે [illegible] દોષો દૂર થશે. આમાં ઉપર [illegible] [illegible] છે

ક્રિયાઓ થાય તો રાગદ્વેષની તીવ્રતા ઘટે છે, મંદતા આવે છે. ચિત્તમાં પરમ શાંતિનો સહજ અનુભવ થાય છે.

ચિત્તના દોષો

(૧) ખેદ દોષ–થાકવાળું ચિત્ત: મુસાફરીથી થાકેલા મુસાફરને થાકના યોગે બીજી પ્રવૃત્તિ ગમતી નથી, તેમ ખેદ દોષથી પૂર્વક્રિયાના થાકને લીધે નવી ક્રિયામાં ઉત્સાહ હોતો નથી. કદાચ થાકેલા ચિત્તથી કોઈ શુભ ક્રિયા પ્રારંભવામાં આવે તો પણ એ ક્રિયાની સમાપ્તિ સુધી ચિત્તની એક સરખી એકાગ્રતા ટકતી નથી. જેટલી ખેતીમાં (ધાન્યના પાકમાં) પાણીની આવશ્યકતા માનવામાં આવે છે, તેટલી જ શુભક્રિયામાં ચિત્તની એકાગ્રતા આવશ્યક માનવામાં આવી છે.

(૨) ઉદ્વેગ દોષ–આળસુ ચિત્ત: કષ્ટસાધ્ય ક્રિયા કરતાં ચિત્ત આળસુ બને છે. એવા ચિત્તથી ક્રિયા કરવા છતાં સુખનો–આનંદનો અનુભવ ન કરી શકાય. ઉદ્વેગવાળા આત્માને વાસ્તવમાં શુભ ક્રિયા પ્રત્યે વિદ્વેષ હોય છે. તેથી શુભક્રિયામાં તે વેઠ ઉતારે છે. આ દોષ ભવિષ્યમાં યોગીકુલમાં જન્મનો બાધક બને છે.

(૩) ક્ષેપ દોષ–અસ્થિરચિત્ત:

આપનારું બને છે. આસંગદોષથી શ્રી ગૌતમસ્વામીજીનો ગુરુભક્તિનો ગુણ–રાગ તે જ ગુણસ્થાનકમાં સ્થિરતા કરાવનારો થયો, પરંતુ મોહના નાશ દ્વારા કેવળ જ્ઞાન પ્રાપ્ત કરાવનારો ન થયો.

સાધનામાં અનુકૂળ ચિત્ત

ઉપર કહેલા ખેદાદિદોષોથી રહિત, તેમ જ શાંત કે જેમાં સુખ-દુઃખની લાગણીઓના બહુ ઉછાળા ન હોય, રાગ–દ્વેષ કે મોહની અતિમાત્રા ન હોય અને ઈચ્છાઓ પરિમિત હોય. દા. ત. સારી રીતે દમેલું, ઇન્દ્રિયોના વિષયોથી પરાંડમુખ. **ઉદાર**–વિશાળતા ભર્યું. માતા, પિતા, કળાચાર્ય, દીન, દુઃખી, અંધ, તપસ્વી, અતિથિ વગેરેને ઔચિત્યપૂર્વક દાનની બુદ્ધિવાળું. **ગંભીર**–સાગરની જેમ અતિઊંડું, ચિત્તમાં પડેલી કોઈ પણ વાતને બીજાઓ ન જાણી શકે એવું, ઉત્સુકતા, આતુરતા વિનાનું. **ધીર**–સંકટો આપત્તિઓમાં પણ નિર્ભય. **પરાર્થનિયત**–સતત પરોપકારની ભાવનાથી ભરેલું. **સંક્લેશવર્જિત**–કષાયોની કલુષિતતા વિનાનું, શમાવાળું. **શુભસ્વપ્નને દેખવાવાળું**–સફેદ અને સુગંધી પુષ્પો, વસ્ત્ર, છત્ર, ચામર, જિન-મંદિર, જિનમૂર્તિ, વગેરેનાં સ્વપ્નાં દેખવું અને સાગરના મોજાંની જેમ શુભ ગુણથી ઉછળતું ચિત્ત સાધનામાં અનુકૂળ મનાયું છે.

પરિણામે શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ, ચૈત્યવંદન, વ્યાખ્યાનશ્રવણ, શાસ્ત્રવાંચન, સામાયિક આદિ સઘળા શુભ અનુષ્ઠાનો રસપૂર્વક આરાધી શકાય છે. તેથી તે અનુષ્ઠાનો ભાવ-અનુષ્ઠાન બને છે. અને તેનું સાનુબંધ (ઉત્તરોત્તર અધિક અધિક) ફળ પ્રાપ્ત થાય છે.

ભવ ભવનું ભાથું

શાસ્ત્રાભ્યાસો જિનપતિનતિઃ સંગતિ સર્વદાર્યૈઃ;
સદ્વૃત્તાનાં ગુણગણકથા દોષવાદે ચ મૌનમ્'
સર્વસ્યાપિ પ્રિયહિતવચો ભાવના ચાત્મતત્ત્વે
સમ્પદ્યન્તાં મમ ભવભવે યાવદાપ્તોઽપવર્ગઃ ॥

મહાન ધર્માત્મા મંત્રી વસ્તુપાળે પ્રતિદિન ભાવેલી આ ભાવના પ્રત્યેક જૈન માટે આદર્શ આરિસો છે. મહાત્માની આ ભાવનાના નિર્મળ-નિષ્કલંક આરિસામાં પોતાના પ્રતિબિંબને સ્પષ્ટપણે જોવાથી પોતામાં રહેલાં માલિન્યને જોઈ શકાશે અને દૂર કરી શકાશે

'જ્યાં સુધી મને અપવર્ગ-જન્મ-જરા-મરણાદિનો સર્વથા નાશ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રત્યેકભવમાં-૧. શાસ્ત્રોનો અભ્યાસ-શ્રવણ-મનન-પરિશીલન, ૨. ત્રિભુવનતારક અરિહંતોને નમસ્કાર ૩. હંમેશ આર્યપુરુષોનો સમાગમ-સત્સંગ ૪. સચ્ચારિત્રપાત્ર પુરુષોના ગુણ-ગણનું કથન-ગાન ૫ કોઈના પણ દોષકથનમાં મૌન ૬ સર્વને પ્રિય અને હિતકર વચન ૭ અને આત્મતત્ત્વમાં ભાવના, આત્મસ્વરૂપમાં રમણતા જીવમાત્રના હિતની ભાવના, આત્મતત્ત્વમાં સતાં ષટ્કારકોની વિચારણા-પ્રાપ્ત થાઓ.'



આદર્શ વિનય ૧૦

એક આચાર્ય મહારાજ હતા. તેઓ સમર્થ જ્ઞાની અને બહુ ગુણવાન હતા. તેમને અનેક વિનયી શિષ્યો હતા. તેમાં એક શિષ્ય ઘણો જ વિનયવાન હતો. ગુરુની કોઈપણ આજ્ઞાનું પાલન કરવા હંમેશ તૈયાર!

અશુભકર્મના ઉદયે આ વિનીત શિષ્યના આખા શરીરે કોઢ રોગ થયો. શરીરની ચામડી ખવાવા લાગી અને તેમાંથી દુર્ગંધ-રસી વગેરે ઝરવા લાગ્યું, પીડાઓ પણ થવા લાગી. છતાં શિષ્ય ઉપશમભાવમાં જ મગ્ન અને ધર્મ આરાધનામાં લીન રહેતો હતો. એવી અવસ્થામાં પણ ગુરુઆજ્ઞાના પાલનમાં સહજ પણ ખામી ન આવવા દે.

ગુરુ મહારાજને શિષ્યની દશા—પીડાઓ જોઈ ખૂબ કરુણા ઉપજે છે. તેઓ શિષ્યને રોગ મુક્ત કરવાના ઉપાયો શોધે છે. શ્રુતજ્ઞાનના બળે ગુરુમહારાજે જાણ્યું કે અમુક જાતિનો નાગ કરડે તો આનો કોઢ રોગ નાબુદ થઈ જાય.

કેટલાક દિવસો વીત્યા. એક વાર અચાનક ઉપાશ્રયની નજીકમાં જ એક કાળો નાગ ગુરુની નજરે પડ્યો. તરત જ ગુરુમહારાજે કોઢ રોગવાળા શિષ્યને આજ્ઞા કરી—ઉઠ અને પેલા નાગનું મોઢું પકડી જો દાંત કેટલા છે તે ગણી કાઢ !

ગુરુમહારાજની આજ્ઞાને તહત્તિ કરી શિષ્ય તરત જ ઊભો થયો અને નાગનું મોં પકડ્યું. નાગ [illegible]

[illegible]

શિષ્યે નમ્રતાપૂર્વક કહ્યું–ગુરુદેવ ! હજી દાંત ગણવાના બાકી છે.

ગુરુએ કહ્યું–હવે દાંત ગણવાની જરૂર નથી

શિષ્યે તરત જ નાગને છોડી દીધો. તેના શરીરમાં નાગનું ઝેર પ્રસર્યું, ઉલટી થવા લાગી ખૂબ ઉલટીઓ થઈ અને સાથે સાથે રોગનું મૂળ પણ એમાં નીકળી ગયું. થોડા જ દિવસમાં કોઢ રોગ જડ મૂળથી નાબૂદ થયો.

ગુરુની આ વિનીત શિષ્ય પર અપાર કૃપા વરસી એ કૃપાના બળે શિષ્યને ઘણું જ્ઞાન મળ્યું ગુરુના વચનને મંત્રતુલ્ય માની તેને આરાધ્યું. ઉત્તમ ચારિત્ર પાળી શિષ્યે આત્મોદ્ધાર સાધ્યો.

જિનશાસનમાં વિનયને ધર્મકલ્પવૃક્ષનું મૂળ કહ્યું છે. મૂળ વિના ઝાડ ટકે ખરું ? ના, એમ વિનય રૂપી મૂળ વિના ધર્મવૃક્ષ ટકે નહિ. વિનય વિના ગુરુજનોના કૃપાપાત્ર ન થવાય ગુરુકૃપા વિના જ્ઞાનનો મર્મ ન પમાય, ધર્મ–અધર્મ ન સમજાય, ધર્મપ્રાપ્તિ ન થાય અને ધર્મ વિના સુખ, શાંતિ, સદ્‌ગતિ, કે મોક્ષ કશું જ ન સંભવે !

આમ આ કથા એક આદર્શ વિનયની પ્રતિતિ કરાવી જાય છે. વિનયનો મર્મ અને પરાકાષ્ટાનું દિગ્દર્શન કરાવી જાય છે.

જય થાઓ ! વિજય થાઓ !

સર્વશ્રેષ્ઠ વિકાસના મંગલ માર્ગે ૧૧

[આત્માના સર્વશ્રેષ્ઠ વિકાસના પરમસાધનો–ચારશરણનો **સ્વીકાર, દુષ્કૃતગર્હા** તથા **સુકૃત અનુમોદના** જેમાં સંકળાયેલ છે તે મહામંત્ર નવકાર વિષે તાત્વિક વિચારણા તથા તે મંત્રાધિરાજનો મહિમા દર્શાવતો આ લેખ સર્વ કોઈ વાંચે અને વિચારે.–સં૦]

સામાન્ય રીતે જીવન વિકાસના અનેક દૃષ્ટિબિંદુઓ છે. કોઈ વિષયસુખોની સગવડમાં, સમૃદ્ધિ અને વૈભવની પૂર્ણતામાં જીવન વિકાસ માને છે. કોઈ ભોગવિલાસ અને સ્વૈરવિહારને વિકાસ સમજે છે. કોઈ સ્ત્રી, પુત્ર–પુત્રીઓ વગેરે વિશાલ કુટુંબ અને સ્વજનોના પરિવારથી જીવનને વિકસેલું માને છે. કોઈ વ્યાપાર ઉદ્યોગની કુશળતામાં વિકાસ જુએ છે, ત્યારે કેટલાકની વિકાસ સીમા મનગમતાં ખાનપાન, એશ આરામ કે ગીતગાનની મસ્તીમાં આવી જાય છે. આ બધાં ભૌતિક, ઐહિક વિકાસનાં દૃષ્ટિબિંદુઓ છે. આ વિકાસની પાછળ પારાવાર પ્રયત્નો થઈ રહ્યા છે, છતાં એ પૂર્ણતા પામી શકતો નથી. આ બધી દિશાઓમાં વિકાસ સાધ્યા પછી પણ સુખનો અનુભવ થવાને બદલે દુઃખની ઝાંખી લાગે છે.

વિકાસનું વાસ્તવિક દૃષ્ટિબિંદુ :—

સંપૂર્ણ વિકાસની યોગ્યતા નથી, ભવ્ય જીવોમાં વિકાસની યોગ્યતા રહેલી છે. એ યોગ્યતાને શાસ્ત્રીય પરિભાષામાં **'તથાભવ્યત્વ'** કહેવાય છે. તથાભવ્યત્વના વિકાસ પરિપાક વિના આત્માનો ઉદ્ધાર શક્ય નથી અને તે ભવ્યત્વનો પરિપાક પ્રબળ પુરુષાર્થ વિના શક્ય નથી એ પુરુષાર્થ એટલે વિશિષ્ટ એવા ત્રણ સાધનોનું સેવન–આરાધન. એ સાધનો છે. **૧ અરિહંતાદિ ચાર શરણનો સ્વીકાર. ૨ દુષ્કૃતની ગર્હા. ૩ સુકૃતની અનુમોદના.**

જેમ કેરીને ઘાસમાં નાખીને પકવવામાં આવે છે તેમ ઉપર્યુક્ત ત્રણે સાધનોના સેવનથી ભવ્યાત્માની સહજ યોગ્યતા વિકસે છે. એટલે કે તથાભવ્યત્વનો પરિપાક થાય છે. શ્રીનમસ્કાર મહામંત્રના જાપ દ્વારા ઉપર્યુક્ત ત્રણે સાધનોનું સેવન થતું હોવાથી આધ્યાત્મિક વિકાસના સર્વશ્રેષ્ઠ અને સુગમ ઉપાય તરીકે મહત્વનું સ્થાન શ્રીનવકારમહામંત્રને પ્રાપ્ત થાય છે.

શ્રીનવકારમંત્રના પ્રથમપદના જાપથી પહેલા **અરિહંતશરણનો** સ્વીકાર થાય છે. બીજા પદના જાપથી બીજા **સિદ્ધશરણનો** સ્વીકાર થાય છે. ત્રીજા ચોથા અને પાંચમા પદના જાપથી આચાર્ય ઉપાધ્યાય સાધુરૂપ ત્રીજા **સાધુશરણનો** સ્વીકાર થાય છે. આ પાંચે પરમેષ્ઠિ ભગવંતોને ભાવથી નમસ્કાર કરવો એ પણ તેમના શરણનો સ્વીકાર છે. પંચ પરમેષ્ઠિઓને નમવાનો ભાવ એ એક મહાન ધર્મ છે. એથી

આઠમા અને નવમા પદમાં સર્વ મંગલોનું અનુમોદન છે તેમજ નમસ્કારની મહામંગળમયતા સૂચિત છે. આ બે પદોના જાપથી પંચપરમેષ્ઠિઓના અનંત સુકૃતોની, ઉદાત્ત ભાવનાઓની, પવિત્ર પ્રવૃત્તિઓની અનુમોદના થાય છે. આ રીતે ભવ્યત્વના પરિપાકનું જે ત્રીજું સાધન સુકૃતની અનુમોદના એ પણ સધાય છે.

આ દૃષ્ટિથી વિચાર કરતાં નવકાર એ ભવ્ય આત્માના યોગ્યતાને વિકસાવવાનો અસાધારણ ઉપાય બની જાય છે. નવકાર ગણવાની પ્રક્રિયા એ યોગ્યતાના વિકાસની મહાન પ્રક્રિયા છે. નાનકડો પણ નવકાર આત્મ વિકાસનું મહાન કાર્ય સિદ્ધ કરવામાં પરમ સહાયક બને છે. જે ક્ષણે શ્રી નવકાર મંત્રને ગણવાની શરૂઆત થાય છે, તે ક્ષણથી જ અંતરમાં યોગ્યતાના વિકાસની, કર્મક્ષયની, આત્મ-નિર્મળતાની પ્રક્રિયા શરૂ થાય છે. આ પ્રક્રિયા આપણી આંખોથી નથી, માત્ર સૂક્ષ્મબુદ્ધિથી સમજી શકાય છે.

ભવ્યત્વના પરિપાક માટે શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ એ વિશિષ્ટ [illegible] છે. ચરમ પુદ્ગલપરાવર્ત કાળમાં દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદનાના પરિણામપૂર્વક થતો નવકાર જાપનો પુરુષાર્થ અચિન્ત્ય ફળદાયી બને છે. આ અમોઘ ઉપાય [illegible] તેમજ પરિણામે અનેકાનેક [illegible] – [illegible] સર્જન કરે છે. આ પુસ્તકમાં પૂજ્ય [illegible] પુણ્યનું [illegible] બીજ રહેલું છે જે પુસ્તકમાંથી [illegible] તેમનો [illegible] થાય છે. [illegible] ડૉ. [illegible] [illegible] [illegible] પ્રો. [illegible] વગેરે [illegible] ની [illegible] અને [illegible] ની [illegible] રહે છે. આ રીતે શ્રી નવકાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ની પૂર્ણતામાં પરિણમે છે.

પરિણામ આવી જતો નથી કિન્તુ અનેકવાર અભ્યાસ કરવાથી તે પરિણામ જાગ્રત થાય છે અને ક્રમે ક્રમે વૃદ્ધિ પામે છે. આજે આપણને દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદનાના પરિણામની મહત્તા સમજાય છે તેનું કારણ પણ પૂર્વના અનેક જન્મોમાં તે માટે કરેલો અભ્યાસ છે. આ જન્મમાં જો એ અભ્યાસ ચાલુ રહેશે તો તે પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામશે. એ પરિણામપૂર્વક ચાર શરણનો સ્વીકાર અચૂકપણે ભવ્યત્વને વિકસાવે છે. આ રહસ્યાર્થની ભાવનાપૂર્વક શ્રીનવકારમંત્ર ગણાય તો શીઘ્ર ફળદાયી બને એ નિઃસંદેહ હકીકત છે.

આ રીતે નવકાર મંત્ર દ્વારા આધ્યાત્મિક વિકાસમાં પ્રગતિ સાધતો આત્મા ખૂબજ જાગૃત બની જાય છે. '**આત્મા-પ્રવૃત્તો અતિજાગરૂક :**' આ મહાસૂત્ર યથાર્થપણે જીવનમાં જીવવા માટે છે. વિશ્વના ભાવો પ્રત્યે સહજ રીતે વિમુખ અને ઉદાસીન રહી આત્મ નિરીક્ષણ અને આત્મ સંરક્ષણ એ જ એક એનો જીવનમંત્ર બને છે. જેમ જેમ ઊંડું આત્મનિરીક્ષણ થતું જાય છે તેમ તેમ અંતરમાં ભરાયેલા સૂક્ષ્મ અતિક્રમ દોષોનું સ્પષ્ટપણે દર્શન થતું જાય છે. નિજનું આત્મમંદિર જૂના પુરાણા ખંડેરો જેવું બિભત્સ લાગે છે. બીજી બાજુ મુનિજનોના ગુણોની મઘમઘતી સુવાસથી આત્મા મસ્તી અનુભવે છે, સાચું આત્મનિરીક્ષણ ગુણવાન પુરુષોના ગુણોની કદર કર્યા વિના રહેતું નથી. મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે : **નવકાર** કેસરીનવ્વ......

સંતોષ સુરતરૂં ૧૨

(માનવના જીવનમાં દુઃખની હારમાળ લાગેલી હોય છે. એમાં માનવનું અસંતોષી મન એ દુઃખોને વધારી મૂકે છે. નાના ગણાતા દુઃખો પણ મોટું સ્વરૂપ ધારણ કરે છે. માનવ જો મનનો લોભ મૂકી સંતોષી બની જાય તો એના દુઃખનો પૂર્ણ વિરામ આવી જાય અને જીવનમાં સુખના શ્રીગણેશ મંડાય. સંતોષગુણ વિદ્યાપતિ શેઠને કલ્પવૃક્ષની જેમ નિત્ય કેવા સુખ-ફળો આપી જાય છે તે વાંચો. સં.)

શ્રીસરસ્વતી અને સંસ્કારિતાના ત્રિવેણી સંગમ સમું **પોતનપુર નગર**. ત્યાં **શુરરાજ** વિદ્યાપતિ નગરશેઠ. શેઠને શૃંગાર સુંદરી નામે પત્ની. શૃંગારનો ભંડાર, શીલની, મૂર્તિ અને ગ [illegible]

આ લક્ષ્મી એકાંતે દુઃખ આપનારી છે. એ જાય એમાં મુંઝવણ શી ?

'લક્ષ્મીનો ત્યાગ સુખની ખાણ છે. લક્ષ્મીનો રાગ દુઃખની ખાણ છે.'

શૃંગારસુંદરીની સત્ય નીતરતી આ વાત શેઠને ખૂબ ગમી ગઈ. શુભસ્ય શીઘ્રમ્ એ ન્યાયે તે જ દિવસથી સાતે ક્ષેત્રમાં છૂટે હાથે દાન દેવા માંડયું. લક્ષ્મીનો મોહ છૂટયા પછીનું આ દાન ખૂબ શોભતું હતું.

દિવસો વીતતાં શી વાર? નવ દિવસ વિત્યા. દશમા દિવસે સવારે દમ્પતીએ જિન મંદિરમાં જઈ પ્રભુ સન્મુખ વ્રત-નિયમો કર્યાઃ—

○ 'નિત્ય જિનપૂજા કરવી. ○ બે ટંક પ્રતિક્રમણ કરવું. ○ નિત્ય એકાસણું કરવું. ○ સુપાત્રે દાન આપીને જમવું. ○ રોજના જરૂરી વાસણો એક એકથી વધુ ન રાખવા. ○ વસ્ત્રજોડી એક એક રાખવી. ○ આભૂષણ જાત પહેર્યાં છે તેજ રાખવા. ○ મહિનામાં વીસ દિવસ બ્રહ્મચર્ય પાળવું. ○ મહિનો ચાલે એટલા ધાન્યથી વધુ ધાન્યનો સંગ્રહ રાખવો નહિ. ○ [illegible] રાખવા નહિ.'

'શેઠ! મંગળના પ્રભાવથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. હુશીયારીથી વધે છે. ચતુરાઈથી સ્થિર થાય છે અને ચારિત્રયથી પ્રતિષ્ઠા પામે છે. સાત સાત પેઢી સુધી સ્થિર-સુસ્થિર થાય છે'

'હે નરરત્ન! તમે મને ચતુરાઈથી સ્થિર કરી છે અને હવે તમારા સચ્ચરિત્રયથી તમારે ત્યાં પ્રતિષ્ઠા પામીશ.

પણ શેઠ હવે લક્ષ્મી-બલાને ઘરમા ઘાલવા માગતા નથી. સર્પ કાચળીનો ત્યાગ કરે છે પણ ઝેરની કોથળી તો એની દાઢમા સલામત હોય છે. એ રીતે શેઠે લક્ષ્મીની મૂર્છાનુ ઝેર સલામત રાખી લક્ષ્મીનો ત્યાગ કર્યો હતો? ના. લક્ષ્મીના ત્યાગ સાથે જ લક્ષ્મીની મૂર્છાનું ઝેર પણ શેઠે ઓકી નાખ્યું હતું લક્ષ્મી અને લક્ષ્મીની મૂર્છાના ત્યાગનો અલૌકિક આનંદ શેઠ અનુભવી રહ્યા હતા. લક્ષ્મીના સહાય વિના જીવન જીવવાનું ખમીર ચ ગારસુંદરીના શબ્દોએ પ્રગટાવી દીધું હતું તેથી શેઠે લક્ષ્મીદેવીને સાફ શબ્દોમાં કહી દીધું:–'હવે તું મારે ઘેર ન જોઈએ' લક્ષ્મીદેવી શેઠનો આ પડકાર સાંભળી સડક થઈ ગઈ એનું અંતર શેઠની સાત્વિકતાને નમી પડ્યું. લક્ષ્મીદેવીએ વિદાય લીધી અને બીજે જ દિવસે સવારે શેઠ-શેઠાણીએ પરિગ્રહ પરિમાણમાં ગણેલી અલ્પમૂડી સગા-સ્નેહીઓને આપી દીધી અને માત્ર જિનપૂજાના ઉપકરણો લઈ એ નગર છોડ્યું. ત્યાંથી ચાલતાં ચાલતાં મધ્યાન્હ થયું. થાક લાગ્યો હતો તાપ તપી રહ્યો હતો. વગડામાં એક ઘટાદાર ઝાડ નીચે વિશ્રામ કર્યો. પરિશ્રમના કારણે બન્ને નિદ્રાવશ બની ગયા. ગર્ભશ્રીમંતાઈની સોડમા સુનેલા દંપતીના જીવનમાં આ પ્રથમ પદયાત્રા હતી.

- કર્મની લીલા વિચિત્ર છે.
- પુરૂષનું ભાગ્ય અકળ હોય છે.
- ધર્મનો પ્રભાવ અચિન્ત્ય મનાયો છે.

એ સ્થાનની નજીકમાં જ એક મોટું નગર હતું. ત્યાંનો રાજા અપુત્રીઓ હતો. તે અચાનક મરણ પામ્યો. રાજ્યગાદીના વારસદારની

શોધ માટે મંત્રીઓએ પંચદિવ્ય કર્યા. હાથીએ નગર બહાર આ વગડામાં આવી નિંદ્રાધીન વિદ્યાપતિશેઠના કંઠે માળારોપણ કર્યું. મસ્તકે સુગંધી જળનો કળશ નમાવ્યો. ઘોડાએ હેખારવ કર્યો. શેઠ શેઠાણી જાગી ગયા. શેઠના કંઠે મનોહર પુષ્પમાળા છે, મસ્તકે અભિષેક થયો છે, વાજિંત્રનાદ ગાજી રહ્યો છે. હાથી ઉપર અંબાડી સજેલી છે. છત્ર ગોઠવાયું છે. ચામર વીંઝાય છે. મંત્રીવર્ગ નતમસ્તકે ઊભો છે. આ બધું જોઈ શેઠ ક્ષણવાર વિચારમૂઢ બની ગયા.

'પધારો, રાજ્યપાટ સંભાળી લ્યો.' મંત્રીઓએ હાથ જોડી નમન કરતાં કહ્યું.

'ઘરના બાળ્યા વનમાં ગયા વનમાં લાગી આગ' આ કહેવત શેઠને યાદ આવી. ખરેખરા લક્ષ્મીએ તો મારી પૂંઠ પકડી છે પણ મારે હવે આત્માનું જીવન જીવવું છે. એની આડે લક્ષ્મી વિઘ્નરૂપ છે. માટે એ ન જોઈએ. શેઠ આમ મનોમન વિચાર કરી કહ્યું–મંત્રીજનો! સાંભળો. હું એક સામાન્ય મુસાફર છું. રાજ્ય ચલાવવાની લાયકાત મારામાં નથી, પ્રજાપાલનની કુશળતા નથી. મેં પરિગ્રહનું પરિમાણ-સંક્ષેપ કર્યો છે. તેથી રાજ્ય સ્વીકારી શકું તેમ નથી.

બનું પણ આપણા સૌના રાજા ભગવાન શ્રી જિનેશ્વરદેવને ગણાવીએ. એ રાજરાજેશ્વરની આજ્ઞા પ્રમાણે આપણે વર્તીશું. માટે ભગવંતની પ્રતિમાને સિંહાસન ઉપર પધરાવો અને રાજ્યાભિષેક કરો. મંત્રીઓએ વિધિપૂર્વક પ્રભુપ્રતિમાનો અભિષેક કર્યો તે પછી વિદ્યાપતિશેઠને પણ પાદપીઠ ઉપર બેસાડી અભિષિક્ત કર્યા

ત્યારબાદ ભવ્ય સમારોહપૂર્વક પ્રભુપ્રતિમા સાથે વિદ્યાપતિશેઠ અને શૃંગારસુંદરીનો નગરપ્રવેશ થયો. નિસ્પૃહી, નિરભિમાની અને મહાન પ્રભુભક્ત રાજાની પ્રાપ્તિથી લોકોના હૃદયમાં આનંદનો સાગર ઉભરાયો હતો. સંતોષ સુખના રમણે ચઢેલી પ્રજાએ કરેલો સત્કાર અવર્ણનીય હતો. જિનેશ્વરદેવના બિંબને રાજ્યસિંહાસન ઉપર વિરાજમાન કર્યું. વિદ્યાપતિશેઠ પાદપીઠ ઉપર બેઠા અને રાજ્યમાં જિનેશ્વરદેવની આણ વર્તાવી. શ્રી તીર્થંકરદેવના બહુમાનથી સુપ્રસન્ન થયેલા સમકિતદૃષ્ટિ દેવોએ પુષ્પવૃષ્ટિ કરી અને ધનથી ભંડાર ભરી દીધાં. વિદ્યાપતિ શેઠે પ્રજાને કરમુક્ત કરી. પ્રજાએ સુરાજ્યનો રસાસ્વાદ ચાખ્યો. ભગવાન જિનેશ્વરદેવના નામથી અને એમની સર્વ કલ્યાણકર આજ્ઞાના પાલનપૂર્વક શેઠે રાજ્ય કર્યું. યથા રાજા તથા પ્રજા એ ન્યાયે પ્રજા ધર્મશીલ બની. રાજરાજેશ્વર શ્રી જિનેશ્વરદેવની નિશ્રાએ રાજ્ય પાલનની ફરજ અદા કરી નિસ્પૃહી, નિરભિમાની વિદ્યાપતિ શેઠે સદ્‌ગતિ સાધી.



(આજે જ્ઞાનવિજ્ઞાનની વાતો ઘણી થઈ રહી છે પરંતુ તે સમ્યગ્જ્ઞાન ન હોવાથી પરિણામ કટુતામાં પરિણમે છે. સમ્યગ્જ્ઞાન વિના વાસ્તવિક વિકાસ થઈ શકતો નથી. સુવિશદ્ શૈલીમાં દૃષ્ટાંતો સહિત સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ અહીં પથરાયો છે. સં.)

જ્ઞાનવિજ્ઞાનનો આ યુગ ગણાય છે. આજે અક્ષરજ્ઞાન વધવા માંડયું છે, વાંચન અને લેખન પ્રગતિશીલ બન્યું છે. વાકચાતુર્ય ખીલ્યું છે અને નવી નવી વૈજ્ઞાનિક શોધોએ માનવમનને આશ્ચર્યમુગ્ધ કર્યું છે, ખૂબ જ આકર્ષ્યું છે.

પણ ભીતરમાં ડોકિયું કરીને જુઓ! આંતરિક જીવનશુદ્ધિ ઘસાતી જાય છે. સાત્ત્વિક વિચારોનું પૂર ઓસરતું જાય છે. સદાચાર ઘટતો દેખાય છે. તપોબળ ક્ષીણ થતું જાય છે. પ્રમાણિકતા ખાડે જ ડૂબવા પડવા માંડી છે. અહંભાવનું તાંડવ વ્યાપી રહ્યું છે. ધર્મનાં અવગણના થઈ રહી છે. પરલોક દૃષ્ટિ વિસરાતી જાય છે.

જીવનના જે પ્રાણ, હીર કે નૂર ગણાય તેનું બલિદાન થતું દેખાય છે ને?

સુખનો, શાંતિનો, સમાધિનો, પ્રસન્નતાનો સાચો અનુભવ કરવો છે?

સદ્વિચાર અને સદાચારથી જીવવું છે? હા, તો સાચા જ્ઞાન-વિજ્ઞાનને શોધો, ઓળખો અને જીવનસ્પર્શી બનાવો.

ગોળ કે સાકરને પારખ્યા કે ચાખ્યા વિના એની મીઠાશનો અનુભવ નથી થતો એટલું જ નહિ પણ ગોળ કે સાકરની ભ્રમણામાં કેટલીક વાર ભયંકર કડવાશનો અનુભવ થાય છે.

મુંબઈમાં થોડા સમય પહેલા એક ઘટના બની. એક ભાઈને ડબા ભરવાનો વ્યવસાય. એક દિવસ એને ત્યાં મહેમાન આવ્યા. બીજી બાજુ એક ભાઈ ડબા ભરાવવા લાગ્યો. એમાં સફેદ રંગના સાકર જેવા ગાંગડા હતા. ડબા મૂકીને તે ભાઈ પૈસા લેવા પાછો ગયો.

આ બાજુ ઓસરીમાં ટહેલતા મહેમાને એક ગાંગડો સાકર સમજીને મોંમાં મૂક્યો.

તરત જ તમ્મર ખાઈને મહેમાન ભોંય પર પડ્યા. થોડી વારમાં તો એમના રામ રમી ગયા.

કારણ? એ ગાંગડા સાકરના ન હતા પણ કોઈ ભયંકર જીવલેણ ઝેરી પદાર્થના હતા.

પદાર્થ ઓળખવાની ભૂલ કોઈવાર ભયંકર ભૂલ બની જાય છે. માણસને આ રીતે સીધો મૃત્યુના મોંમા ધકેલી દે છે.

આપણે જો જ્ઞાન-વિજ્ઞાનને ઓળખવામાં ભૂલ કરશું તો આપણો ધર્મ-આર્યસંસ્કૃતિ મૃત્યુના મોંમાં મૂકાશે.

જ્ઞાન-વિજ્ઞાન આત્માનો મુખ્ય ગુણ છે. એનો મહિમા અને ઉપયોગિતા સૌને માન્ય છે. સમ્યગ્જ્ઞાન વિનાનો ક્રિયાવૈભવ કે લબ્ધિઓ એકડાં વગરનાં મીંડા જેવો છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ,

આશ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ આ નવ તત્ત્વોમાં વિશ્વ-વ્યવસ્થાનો વિચાર સમાઈ જાય છે. આ નવે તત્ત્વોને યથાર્થ સ્વરૂપે જાણવા તે સાચું **જ્ઞાન.** એ જ્ઞાન જ્યારે વિશિષ્ટ કોટિનું બને ત્યારે એને **વિજ્ઞાન.** કહેવાય છે.

તત્ત્વ ચિંતકોએ સમ્યગ્જ્ઞાન-વિજ્ઞાનને **સૂર્ય, અમૃત, આભૂષણ, પરમ, અંજન, ધન, નયન, સાગર** અને **શરદ્પૂનમના ચંદ્ર** વગેરેની ઉપમાઓ આપીને એ જ્ઞાન-વિજ્ઞાનનું મહત્ત્વ અને ઉપયોગિતા આપણને સમજાવી છે.

રાત્રિનો અંધકાર સૂર્યના પ્રકાશથી નષ્ટ થાય છે, તેમ અનંત અનંતકાળથી આત્મમાં વ્યાપી ગયેલા અજ્ઞાન અંધકારને દૂર કરનારું સમ્યગ્જ્ઞાન સૂર્યથી જરાય ઊતરતું નથી. ભૂખનું દુઃખ ભોજનથી ટળે છે તેમ આપણને દીર્ઘકાળથી લાગેલી વિષયોની ભયંકર ભૂખ વિષયો મેળવવાથી કે ભોગવવાથી શમશે ખરી? જ્ઞાના-મૃતના ભોજન વિના કદી કાળે એ ભૂખ ટળી નથી. જ્ઞાનામૃતના મધુર સ્વાદ વડે જ વિષયોમાં ભમતા કલ્પના નાબૂદ થાય છે. વિષયની તૃષ્ણા નબળી થાય છે. વિષય-ભૂખની ઈચ્છાનો અંત આવી જાય છે અને વિષયનો ત્યાગ સહજ બની જાય છે.

આપણાં આંતરચક્ષુઓ છે સંવેગ અને વિરાગ. એ ચક્ષુઓ ઉપર વળી ગયેલી ભારી મિથ્યાજ્ઞાન રૂપ અંજનથી દૂર કરવાની છે. તે પછી જ તેજસ્વી બનેલી એ આંતરચક્ષુઓથી મોક્ષમાર્ગને આપણે સ્પષ્ટ જોઈ શકીશું અને ઝડપભેર પગલાં ભરી શકીશું.

દુનિયામાં હીરા, માણેક, મોતી, સોનું, રૂપું અને કરન્સી નોટોનો બોલબાલા છે મનુષ્યોનો બાહ્ય વ્યવહાર એનાથી ચાલે છે એટલે પુદ્‌ગલાનંદી જીવોએ એને કીમતી ધન માન્યું. મોક્ષમાર્ગમાં એ ધનનું કશું મૂલ્ય નથી. આત્માના સર્વ કાર્યોમા સમ્યગ્જ્ઞાન વિના એક ડગલું'ય ભરી શકાતું નથી તેથી જ્ઞાની પુરુષો કહે છે-'જ્ઞાન સમો કોઈ ધન નહિ' આત્માર્થી જીવો જ્ઞાનને જ અમૂલ્ય ધન દેખે છે.

જ્ઞાનને નેત્ર-દિવ્યનયન પણ કહ્યું છે. આંખવાળાઓને ભલે આંખની કિંમત ન હોય અથવા ઓછી કિંમત સમજાતી હોય પણ અંધજનોને એની પૂરેપુરી કિંમત સમજાય છે. **જ્ઞાનનયન** માટે પણ એવું જ છે. જન્મથી અંધને કોઈ પ્રયોગથી અંધત્વ મટી જાય અને અચાનક નેત્ર ખુલી જાય ત્યારે જે આનંદ થાય છે એથી યે અધિક આનંદ અજ્ઞાનના અંધાપાથી અથડાતા અને પીડાતા આત્માને જ્યારે સાચું જ્ઞાન મળે છે ત્યારે પ્રાપ્ત થાય છે માટે જ્ઞાન એ આત્માની દિવ્ય આંખો છે.

જ્ઞાનને સાગર સાથે પણ સરખાવાય છે. સાગરનું તળિયું કોઈ શોધી શક્યું નથી. એ અગાધ અને અતુલ રહે છે. સાગરની વિશાળતા, મર્યાદાશીલતા, એનો અખુટ જલસંચય, આશ્રિત જલજંતુઓને શાતા આપવી વગેરે વિશેષતાઓ સાથે શ્રુત-જ્ઞાનની અનેક વિશેષતાઓ મળતી આવે છે. એથી શ્રુતને સાગરની ઉપમા વરેલી છે.

આ રીતે સાચું જ્ઞાન-વિજ્ઞાન ઘણું મહિમાશાળી છે, આત્માનું સર્વસ્વ છે, જીવન વિકાસનું પ્રથમ સાધન છે.

આત્મા, ધર્મ, કર્મ વગેરે તત્ત્વોની ઓળખ, હેય ઉપાદેય તત્ત્વોનું પૃથક્કરણ, આશ્રવ-સંવરનો તેમ જ પુણ્ય-પાપનો ભેદ

જ્ઞાનથી સમજાય છે. સમ્યગ્જ્ઞાન પાપની ભયાનકતા સમજાવી સંવર નિર્જરાની રૂચિ જગાડે છે. સમ્યકદર્શ નિર્ગુણને નિર્મળ બનાવે છે તેમ જ સમ્યક ચારિત્રમાં સ્થૈર્ય લાવે છે. માટે જ એને **બીજો સૂર્ય અને ત્રીજું લોચન** કહ્યું છે.

સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં વિષયોની અશક્તિ અને કષાયોની પરવશતા આત્મામાં કેવી મલિનતા લાવે છે તેનું સ્પષ્ટ દર્શન થાય છે. પ્રાપ્ત થયેલું જ્ઞાન જો સમ્યગ્જ્ઞાન હોય તો વિષયોની આસક્તિ ઘટે, કષાયોની પકડ છૂટે, શુભ ક્રિયાની આળસ ખસે અને એમાં ઉલ્લાસ જાગે. સદાચરણરૂપે પરિણામ ત્યારે જ મનાય કે એ સમ્યગ્જ્ઞાન હતું. સાચું જ્ઞાન ક્રિયારુચિ જગાડે જ અને જ્ઞાનપૂર્વકની ક્રિયાને જ સાચી ક્રિયા કહી શકાય. સુવિશુદ્ધ જીવન જીવવાની પ્રેરણા ન આપે, નિર્વાણના માર્ગે પ્રયાણ કરવાની ભાવના ન જગાવે, તો એ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કેમ મનાય?

કહ્યું છે—**જ્ઞાનસ્ય ફલં વિરતિ:** જ્ઞાનના ફળરૂપે વિરતિભાવ આવવો જ જોઈએ. પચ્ચક્ખાણ કરવા પૂર્વક પાપક્રિયાથી નિવૃત્તિ અને શુભક્રિયામાં પ્રવૃત્તિ એ વિરતીનું લક્ષણ છે. એકલા જ્ઞાનથી મોક્ષ ન મળી શકાય તેમ એકલી ક્રિયાથી પણ કાર્યસિદ્ધિ ન થાય. કહેવાય છે કે ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાનવિહોણી ક્રિયા બન્ને [illegible] છે. અર્થાત્ એનું વાસ્તવિક ફળ મળતું નથી. સમ્યગ્જ્ઞાન [illegible] ક્રિયાની [illegible], [illegible], કષાયોની [illegible], [illegible], [illegible] [illegible] છે.

કોઈ જંગલમાં ભયંકર દાવાનલ સળગ્યો. વધતાં જતાં દાવાનલમાં એક આંધળો અને એક પાંગળો (લંગડો) ફસાઈ પડયા. બન્નેને દાવાનલથી બચવું હતું. નિર્ભયસ્થાને પહોંચવાની તાલાવેલી હતી. સંયોગોની વિષમતાને પારખી બન્ને સમજી ગયા. સંપી ગયા અને બન્નેએ સહકાર સાધ્યો. આંધળાના પગ સાજા હતા. પાંગળાની આંખો સાજી હતી. પાંગળો આંધળાના ખભે બેઠો અને આંધળાએ પાંગળાના માર્ગદર્શન મુજબ ઝડપથી ચાલવા માંડયું. બન્ને દાવાનલથી બચી ગયા. ક્ષેમકુશળ ઇષ્ટનગરે પહોંચી ગયા.

આ દૃષ્ટાંત પ્રમાણે આપણને એ સત્ય સમજાતી જાય છે કે સંસાર એ જંગલ છે. વિષયકષાયની લાગણીઓ દાવાનલ સમાન છે જ્ઞાનરહિત જીવ આંધળો સમજવો. ક્રિયારહિત જીવ પાંગળો સમજવો. જ્ઞાન ન હોય તો માર્ગ સૂઝે નહિ. જ્ઞાન પ્રકાશમાં માર્ગ સ્પષ્ટ દેખાય પણ જો ક્રિયા ન કરે તો પ્રયાણ થઈ શકે નહિ, પંથ કપાય નહિ. માટે જ જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષ: કહ્યું. માર્ગમાં જ્ઞાન અને ક્રિયા પક્ષીની બે પાંખો કે રથના બે પૈડાં જેવા બન્ને એક સરખા ઉપયોગી છે. બન્નેનો આદર કરાય તો ઈષ્ટ સિદ્ધ થાય.

શ્રી જિનેશ્વર દેવોએ બતાવેલા સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયાના સાચા માર્ગને સૂક્ષ્મબુદ્ધિથી સમજવાની પહેલી જરૂર છે. કેટલીક વાર સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનનું મિશ્રણ કરી નાખવામાં આવે છે. જ્ઞાન-જ્ઞાન ધૂનમાં મિથ્યાજ્ઞાનને વળગી પડીને એનું જ મહત્વ વધારવામાં આવે છે અને એ ભ્રમણામાં સુસંસ્કારોને બદલે કુસંસ્કારોનો જ સરવાળો થતો રહે છે.

શ્રી જિનેશ્વરદેવનું એક એક વચન જ્ઞાન-વિજ્ઞાનનો મહાસાગર છે. એક એક વચનને જીવનમાં યથાર્થપણે જીવીને અનંત અનંત આત્માઓ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા છે. આપણે પણ સમ્યગ્જ્ઞાનના પ્રકાશમાં સત્પુરુષાર્થ આરંભી ભાવિમાં અનંતસિદ્ધોની હરોળમાં સ્થિર થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીએ.

-: પોપટીયું જ્ઞાન :-

જ્ઞાન તો બીજો સૂર્ય અને ત્રીજું નેત્ર ગણાય છે. એના પ્રકાશે આપણે આત્માની દુનિયાના બધા જ સારા કાર્યો કરીએ છીએ. અજ્ઞાન, અંધકારની અથડામણો ટાળી શકીયે છીએ. પણ એ જ્ઞાન છે સમ્યગ્જ્ઞાન! આત્માનું જ્ઞાન! તત્વસંવેદન જ્ઞાન!

બીજું એક પોપટીયુ જ્ઞાન છે જે ફટ ફટ બોલી જવા કામ લાગે. હોઠ પર ફરતું રહે, વાણી દ્વારા વહેતું રહે, પણ જીવનમાં અમલી ન બને.

કોઈ તપોવનમાં એક ગુરુમહારાજની પાસે ઘણા શિષ્યો જ્ઞાન-તપ અને ચારિત્રની આરાધના કરી રહ્યા હતા.

એ તપોવનમાં પોપટની સંખ્યા સારા પ્રમાણમાં હતી. પારધી લોકો એ પોપટોને જાળમાં ફસાવી પકડી જતા.

તપોવનના એક તપોધનને પોપટોની દયા આવી. એણે ગુરુમહારાજને કહ્યું: ગુરુદેવ! આપ અમને ભણાવો છો-અજ્ઞાન દૂર કરો છો એમ આ પોપટોને પણ જ્ઞાન આપો તો બિચારા જાળમાં ફસાઈને મોતને તો ન ભેટે?

ગુરુએ કહ્યું કે 'પોપટીયું જ્ઞાન નકામું' [illegible] કામમાં ન આવે.

[illegible]

પોપટને ભણાવનાર સંત પણ રાજી થયા. હવે ફીકર નહિ. પોપટો પાકા નિર્ધાર પર આવી ગયા છે એટલે હવે પારધિની જાળમાં ફસાશે નહિ.

એકવાર પારધિ આવ્યો. એણે જાળ બિછાવી. દાણા નાંખ્યા. સામે ઝાડ પર પોપટો આવીને બેઠા અને પાઠ શરૂ કર્યો. પારધિ આવે...ઘણીવાર થઇ પણ એકે પોપટ જાળ પર આવીને બેઠો નહિ. પારધિ રાહ જુવે છે.

પેલા સંત ગુરૂમહારાજને કહે છે, 'ગુરૂદેવ ! જુવો, મેં પેલા પોપટોને ભણાવ્યા છે. પાઠનું પુનરાવર્તન કરી રહ્યા છે. હવે પેલા પારધિની જાળ પર એકે પોપટ બેસે છે ? ગુરૂ કહે. 'ભાઈ ! આ પોપટીયુ જ્ઞાન.. '

શિષ્યને પોપટ ભણાવ્યાનો હરખ માતો નથી. એ મલકાય છે. એવામા એક પોપટ પાઠ રટતો રટતો આવીને જાળ પર બેઠો. થોડીવાર પછી એક પછી એક બધા જ પોપટો ઉડીને જાળ પર બેઠા અને એ જ જુસ્સાથી પેલા ગુરૂવાક્યનો સૌ પાઠ કરી રહ્યા છે અને પારધિ એક એકને પકડી રહ્યા છે.

શિષ્યે આ જોયું એ મુંઝાયો. પોપટોના પ્રાણ એને વહાલા હતા. એના મોં પર ચિંતાની ઘેરી છાયા ફરી વળી અને પારધિ પોપ-ટોને પકડી રવાના થયો. ગુરૂએ કહ્યું હતું-'પોપટીયું જ્ઞાન નકામું' એ સત્ય ઠર્યું'.

તમે જે જ્ઞાન મેળવ્યું છે તે પોપટીયું તો નથી ને ? સદ્-વિચાર અને સદાચારની પ્રેરણા આપતું હોય તો માનવું કે એ સમ્યગ્જ્ઞાન છે.

(અહિં પૂજ્ય મહારાજશ્રીએ ધર્મવિષયક અનેક પ્રશ્નોના સચોટ ઉત્તરો આબાલ ગોપાળ સમજી શકે તે રીતે આપ્યા છે. ધર્મના અંગો સ્વરુપ–હેતુ–ફળ અને બીજી ઘણી બાબતો સુંદર રીતે સ્પષ્ટ કરી છે. આ પ્રશ્નોત્તરી દ્વારા ધર્મનો મર્મ સમજી વાંચકો ધર્મપુરુષાર્થમાં વેગવાન બને એ જ અભિલાષા. –સં.)

પ્ર. ધર્મનું સ્વરૂપ શું ?

ઉ. ચિત્ત શુદ્ધિ.

પ્ર. દાન, પૂજા, સામાયિક, સ્વાધ્યાય, પ્રતિક્રમણ, પૌષધ, તીર્થયાત્રા આ બધા અનુષ્ઠાનોનો તો ધર્મ નહિ ?

ઉ. ખરાં, પણ તે વ્યવહારધર્મ. એ બધાની આરાધના ચિત્તશુદ્ધિ. જીવશુદ્ધિરૂપ નિશ્ચયધર્મની પ્રાપ્તિ માટે છે.

પ્ર. ચિત્તશુદ્ધિ રાખીએ તો પછી દાન, પૂજા વગેરે કરવાની જરૂર ખરી ?

ઉ. હા, ખાસ જરૂર. ચિત્તશુદ્ધિ રસ્તામાં પડી નથી. કાજળના ઘરમાં જઈ–રહીને તદ્દન નિર્લેપ રહેવું એ અશક્ય છે. એમ સંસારની જંજાળમાં રહીને ચિત્તને રાગાદિ ભાવોથી અલિપ્ત રાખવું અશક્ય છે. (કોઈ અપવાદ હશે) દાનપૂજાદિ અનુષ્ઠાનોમાં વિધિ-પૂર્વક સેવવાથી જ ચિત્તશુદ્ધિ સુલભ બને છે. દાન પૂજાદિ ચિત્તશુદ્ધિ વાળી આત્માના કારણ ધર્મો છે. [illegible]

ધર્મના દાન-શીલ વગેરે અંગો તથા પૂજા-પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો વ્યવહાર ધર્મ કહેવાય. એ અનુષ્ઠાનોના આરાધન દ્વારા કર્મમળનો હ્રાસ કરી મોક્ષના બીજરૂપ સમ્યગ્દર્શનાદિ ફળોને આપનારી જીવ-શુદ્ધિ એ નિશ્ચયધર્મ છે. ચિત્તશુદ્ધિ-જીવશુદ્ધિ રૂપ ધર્મની પ્રાપ્તિ ન થાય તો એ વાહ્ય ક્રિયા ધર્મરૂપ બની શકતા નથી. નિશ્ચયધર્મના લક્ષ વિના કરાતા દાનાદિ અનુષ્ઠાનો નિષ્ફળ જવાના દાખલા શાસ્ત્રમાં આવે છે. અભવ્યના આત્માઓ નવપૂર્વ સુધી ભણે છે માખીની પાંખ પણ ન દુભાય એવું નિર્મળ ચારિત્ર પાળે છે. ઘોરાતિઘોર તપ તપે છે છતાં એની કાણી કોડી કે ફૂટી બદામ જેટલી પણ કિંમત શાસ્ત્રે આંકી નહિ. ધર્મને સુકૃતને મલીન કરનારા દોષોથી અને ધ્વંસભ્રષ્ટ કરનારા આકર્ષણોથી સાવધ ન રહ્યા તો ધર્મનો દેખાવ રહે પણ ધર્મ હાથમાંથી ચાલ્યો જાય.

પ્ર. ધર્મને દુષિત-મલિન કરનારા દોષો કયા છે?

ઉ. પ્રમાદ-શૈથિલ્ય, ક્રોધ, માન માયા, લોભ, કદાગ્રહ ધર્મ કર્યા પછી પશ્ચાત્તાપ, દંભ, અવિધિ, રસગારવાદિ, કુગુરુસંગતિ, પ્રશંસા કીર્તિની ઇચ્છા વગેરે દોષો ધર્મને-સુકૃતને મલીન કરનારા છે.

પ્ર. ધર્મનું મૂળ શું? અર્થાત્ ધર્મનો હેતુ-ઉત્પત્તિનું કારણ શું? એટલે કે ધર્મ ક્યાંથી ઉત્પન્ન થયો?

ઉ. આજે જગતમાં થઈ રહેલા જિનધર્મની પાછળ કારણભૂત વીતરાગનું સર્વજ્ઞનું વચન છે. વ્યાપાર વણજમાં જેટલી ચોપડાની કિંમત, મોક્ષમાર્ગમાં એથીય અધિક શાસ્ત્રોની વીતરાગ સર્વજ્ઞના વચનની કિંમત છે.

પ્ર. વીતરાગ સર્વજ્ઞના વચન ઉપર આટલો બધો ભાર શા માટે મૂકો છો?

ઉ. સત્યધર્મની પ્રાપ્તિ માટે વચનની ખાત્રી કરવી પડે. સર્વજ્ઞ-વીતરાગ પુરુષનું વચન અવિસંવાદિ-સત્ય જ હોય છે. તેથી તેઓ જે ધર્મ બતાવે તે સત્ય જ હોય. છદ્મસ્થોનું વચન વિસંવાદિ હોય

શકે તેથી તેમનું કથન અસત્ય પણ ઠરે. ગૌતમસ્વામી મહારાજા ચાર જ્ઞાનના સ્વામી હતા. છતાં છદ્મસ્થ હતા. એમનાથી ફેરફાર બોલાઈ ગયું તો આનંદશ્રાવક પાસે મિચ્છામિદુક્કડમ્ માગ્યો. વીતરાગ-સર્વજ્ઞનું વચન જ કશ છેદ અને તત્વની પરીક્ષામાં પાર ઉતરી શકે.

પ્ર. ધર્મનું ફળ શું?

ઉ. ધર્મના અનેક ફળો છે. ધનના અર્થીને ધન મળે, કામ-સુખના અર્થીને કામસુખ મળે, સ્વર્ગના અર્થીને સ્વર્ગ મળે અને મોક્ષના અર્થીને મોક્ષ મળે. મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી ઉત્તરોત્તર શ્રેષ્ઠ જન્મ અને ધર્મસામગ્રી આપવાનું સામર્થ્ય ધર્મમાં છે.

પ્ર. કેટલાક માણસો કહે છે, 'ધર્મ પરભવનું ભાતું છે. ઘડપણમાં ધર્મ કરીશું'. સંસાર—વ્યવહાર ચલાવવા માટે વેપાર ધંધા કર્યા વિના ચાલે એવું છે? આ માન્યતા બરાબર છે?

ઉ. ના, ધર્મ શ્વાસોચ્છ્વાસનું ભાતું છે. આ ભવ અને પરભવનું ભાતું છે. ધર્મનું રોકડીયું ફળ મળે છે. ધર્મનો ભાવ ચિત્તમાં ધારણ કરો કે ધર્મનું અનુષ્ઠાન કરો ધર્મ તરતજ પોતાનો પ્રભાવ અવશ્ય બતાવે છે. 'ચિત્ત પ્રસન્નતા' એ ધર્મનું તત્કાળ મળતું ફળ છે. પ્રકારાન્તરે દુર્ગતિના દ્વાર બંધ, સદ્ગતિની પ્રાપ્તિ, પુણ્યાનુબંધી પુણ્યનો લાભ, સુખ, નીરોગતા અને યશ આદિ ધર્મના ઉત્તમોત્તમ ફળો મળે છે. સંસારવ્યવહાર તો કર્મને આધીન ચાલ્યા કરે છે [illegible] ધર્મ કરવાનો [illegible] ધર્મને [illegible] [illegible] છે.

પ્ર. ધર્મધ્યાનના પ્રકારો સમજાવશો ?

ઉ. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ આ ચારે ધ્યાનના પ્રકારો છે. આ જ પ્રકરણમાં કંઈક વિસ્તારથી સમજાવ્યા છે.

પ્ર. ધર્મમાં અર્થ, કામ સ્વર્ગ, મોક્ષ વગેરે અનેક ફળો આપવાની શક્તિ શી રીતે મનાય ?

ઉ શું એકજ વસ્તુ અનેક કાર્યો ન કરી શકે ? જુઓ અગ્નિ ટાઢ દૂર કરે છે, રસોઈ અને બાળવાનું કાર્ય કરે છે. પાણી તૃષા છીપાવે છે. મેલ દૂર કરે છે. થાક ઉતારે છે. એકજ સ્ત્રી પતિના અનેક કાર્યો કરે છે. શયન વખતે રંભાનુ, સેવાના અવસરે દાસીનુ, ભોજન સમયે માતાનુ, સલાહ પ્રસંગે મંત્રીનુ, ધર્મઆચરણમાં સહાયક બનવાનું, પતિનો ઉપાલંભ સહન કરવાના સંયોગોમા પૃથ્વીની જેમ ક્ષમા ધારણ કરવાનુ કાર્ય કરે છે. કેવલ જ્ઞાની કથિત ધર્મ તો અચિન્ત્ય પ્રભાવશાળી છે. એક નિષ્ઠાપૂર્વક ધર્મ આચરનારને ધર્મથી મળતા અનેક લાભોનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

પ્ર. ધર્મથી મળતા સુખસાધનોમા અને અધર્મથી મળતા ધનાદિ સુખ સાધનોમાં કાંઈ તફાવત ખરો ?

ઉ. હા, ઘણો તફાવત છે. ધર્મથી (પુણ્યાનુબંધી પુણ્યથી) મળતા ધન વગેરે સુખસાધનો મેળવવામાં કષ્ટ નહિ ભોગવતા પોતાને આસક્તિ થાય નહિ, કોઈ વિઘ્ન કે અંતરાય જેવો થાય નહિ. એ સામગ્રી અને એનો ભોગવટો જોઈને બીજાને ઈર્ષ્યા થાય નહિ. ભોગવ્યા પછી અંતે દુર્ગતિ નહિ. એનો ત્યાગ કરવામાં વિલંબ નહિ. આત્માને એનો રાગ મુંઝવે નહિ. અધર્મથી (પાપાનુબંધી પુણ્યથી) મેળવવા ધનાદિ સુખસાધનોમા કષ્ટનો પાર નહિ. ભોગવતી વખતે અંતરાય કે દુઃખોનો પાર નહિ આસક્તિની કોઈ સીમા નહિ. ભોગવ્યા પછી અંતે દીર્ઘકાળ દુર્ગતિની મુસાફરી કરવી પડે. ટૂંકમાં ધર્મથી મળતું દુન્યવી સુખ સમાધિવાળું કહેવાય. અધર્મથી મળતું સુખ ઉપાધિવાળું મનાય. ધનની આશંસા-કામના

વિના શુદ્ધ રીતે ધર્મ આચરનાર સમાધિવાળું સુખ મેળવી જાય છે.

પ્ર. ધર્મના ફળ તરીકે આલોક પરલોકના સુખ માંગે તો કાંઈ વાંધો ખરો? કારણ ધર્મનો સ્વભાવ એ સુખો આપવાનો છે?

ઉ. હા. મોટો વાંધો. ધર્મ ભલે એના સ્વભાવ મુજબ સુખ સમૃદ્ધિ કે સૌભાગ્ય આપે. પણ આપણે માંગવાનું નથી એ રીતે ભીખારવેડા કરીને મેળવેલી સામગ્રી તારવાને બદલે આપણને બાળશે. ભલે ચંદનનું લાકડું સ્વભાવે શીતલ હોય પણ એમાંથી અગ્નિ ઉત્પન્ન થાય તો બાળ્યા વિના ન રહે. ધર્મ કરતાં ફળની આશંસા રાખવાથી ધર્મ દૂષિત થાય છે. ધર્મ પાસે માંગેલું ફળ મળે તોય અહિં ભોગવવાનો સમય કેટલો? બહુ થોડો. માનો કે ધર્મનું ફળ માંગ્યું અને ૫૦ વર્ષની વયે ધન વગેરે મળ્યું, આયુષ્ય ૫૨ વર્ષનું હતું તો એને સુખ કેટલું? એથી સંતોષ ખરો?

વેપારીને જે વેપારમાં ૫-૨૫ લાખ જેવો માતબર નફો થવાનો. હવે એ વેપારમાં થોડી ગફલત કે ઉતાવળના કારણે ૫-૨૫ હજારનો નફો હાથમાં આવે તો એ વેપારી શું માને? કેવા [illegible] ધર્મના ફળ તરીકે ભૌતિક-તુચ્છ સુખો માંગવાથી ધર્મ [illegible] માર્યો જાય છે. ફળના ટકા કપાતા જાય છે. જે [illegible] સુખ મળે તે [illegible] છે અને [illegible] દુઃખમય સ્થિતિ સર્જાય છે. [illegible] દુઃખના [illegible] અને સ્વાધીન સુખ જોઈએ. [illegible] ધર્મ કરવો જોઈએ. ધર્મ [illegible] છે કે [illegible]

શેઠના હૃદયને કોણ જીતે? શેઠ કોનો પગાર વધારે? ધર્મ પાસે ફળ માંગ માંગ કરનાર પહેલા નોકર જેવો અને ફળની આશંસા વિના ધર્મ આરાધનાર એક નિષ્ઠાએ શેઠની આજ્ઞા મુજબ કામ કર્યે જનાર બીજા નોકર જેવા સમજવા.

પ્ર. આટઆટલો ધર્મનો ઉપદેશ અપાય છે છતા ધર્મની ઇચ્છા કેમ નથી જાગતી?

ઉ. (૧) જન્મ જન્માંતરથી બીજી ઈચ્છાઓ અને સંસ્કારોને લઈને જીવો આવ્યા છે. (૨) કર્મ ઘણા ચિકણા હોય છે. (૩) ધર્મ નહિ કરનારાઓની સંખ્યા ઘણી છે. તેમના સંસર્ગથી 'ધર્મ નહિ કરીએ તો ચાલશે' એમ મન મનાવી લેવાય છે.

પ્ર. ધનની જેવી તીવ્ર ઇચ્છા જાગે છે તેવી ધર્મની કેમ નથી જાગતી?

ઉ. ધન અને ધનના લાભો પ્રત્યક્ષ દેખાય છે ધર્મ પરોક્ષ છે જેને જ્ઞાનચક્ષુ અને વિવેકચક્ષુથી ધર્મના ફળો દેખાય છે, તેને ધન અને પ્રાણ કરતાં ધર્મ કિંમતી લાગે છે ધર્મ કરવો ખૂબ ગમે છે. પણ એવા ઉત્તમ જીવો જગતમાં હંમેશ માટે બહુ ઓછી સંખ્યામાં હોય છે.

પ્ર. ધર્મ જેવી કોઈ ચીજ ન માનીએ તો?

ઉ. આ વિશ્વ ઉપર સૂર્ય અને ચંદ્ર ન હોય તો? ફક્ત એક જ દિવસ આ પૃથ્વી ઉપર સૂર્ય અને ચંદ્ર ન ઉગે તો ચોમેર ગાઢ અંધકાર વ્યાપી જાય. ચોરી, જારી અને લૂંટના પાપો ફાટી નીકળે. સૂર્ય-ચંદ્ર નિયમિત ઉગે છે તે પણ ધર્મના જ પ્રભાવે. માટે સૂર્યચંદ્રની હાજરી કરતાં વધુ મહત્તા ધર્મની સાબિત થાય છે. પાંચમા આરાના છેડે ધર્મ જ્યારે વિચ્છેદ જશે ત્યારે અગ્નિની વર્ષા થશે. સર્વત્ર મત્સ્ય ગલાગલ ન્યાય પ્રવર્તશે.

પ્ર. ધર્મની પ્રાપ્તિ શાથી થાય?

ઉ. કર્મ લઘુતાથી.

પ્ર. ધર્મ આરાધનામાં પ્રમાદ કેમ થાય છે?

ઉ. પરલોક ભુલાઈ ગયો છે. માત્ર આ લોક ઉપર જ દૃષ્ટિ ચોંટેલી છે. મૃત્યુ ભુલાઈ ગયું છે. મૃત્યુને સમજનાર આત્મા સમાધિ મૃત્યુની તૈયારીવાળું ધાર્મિક જીવન જરૂર બનાવી શકે. ધર્મનો પ્રમાદ એટલે પુરુષાર્થની ખામી. ધર્મની રુચિમાં ખામી ધર્મના જ્ઞાનમાં ખામી. જ્ઞાન રુચિ-ઇચ્છાને પ્રબળ બનાવે છે, ઇચ્છા પુરૂષાર્થને વેગ આપે છે. પ્રમાદને કાપે છે. પ્રમાદના આલંબનો ઝાઝા છે અને નબળા આલંબનો તરફ ઢળવા જીવ ટેવાઈ ગયો છે.

પ્ર. ધર્મને સરખાવવો હોય તો કોના જેવો કહેવાય?

ઉ. ધર્મ તુંબડા જેવો કહેવાય. તરે અને તારે. ધર્મને **સો ટચના સોના** જેવો કહેવાય. સોનાના આઠ ગુણો ધર્મ સાથે બરાબર ઘટી શકે છે. ધર્મ **હીરા** જેવો કહેવાય. મોહ અજ્ઞાનનું ગાઢ અંધકાર હટાવી વિવેકરૂપી પ્રકાશ આપે છે. ધર્મ **અચિન્ત્ય ચિંતામણિ** જેવો કહેવાય. આપણે ન માગેલી અમૂલ્ય વસ્તુ આપે છે. ધર્મને **માતાની માતા, પિતાનો પિતા, બંધુનો ય બંધુ** અને **મિત્રનો મિત્ર** કહેવાય. આપણને વત્સલ માતા, હિતકારી પિતા, સ્નેહાળ બંધુ અને નિઃસ્વાર્થી મિત્ર મળે છે. તે ધર્મના જ પ્રભાવે. ધર્મને **માતાના દૂધ** જેવો કહેવાય. દુનિયામાં જેમ બધું છે પણ માતાના દૂધની તોલે કોઈ ન આવી શકે. એ જ રીતે ધર્મ [illegible]

કલ્પવૃક્ષ કહેવાય. કલ્પવૃક્ષ હંમેશ ફળ આપ્યા જ કરે છે. કેળનું ઝાડ એકવાર ફળ આપી નાશ પામી જાય છે.

પ્ર. ધર્મી આત્મા મારું દુઃખ દૂર થાઓ એ ઇચ્છા રાખી શકે?

ઉ. ના, ન રાખી શકે. પોતાનુ દુઃખ દૂર થાઓ એ ઇચ્છા આર્તધ્યાન રૂપ છે. પાપ દૂર થાઓ એ ઇચ્છા, બીજાના દુઃખ દૂર થાઓ એ ઇચ્છા ધર્મધ્યાન છે. દુઃખનું કારણ પાપ છે. પાપ હેય છે. એને દૂર કરવાની ઈચ્છા ધર્મધ્યાન છે.

પ્ર. ધર્મના અનુષ્ઠાનોમાં, સુપાત્ર દાનમાં ન્યાયનીતિથીમેળવેલું ધન દ્રવ્ય વાપરવુ એવું શાસ્ત્ર ફરમાન છે આજે એવી ધનની કે દ્રવ્યની શુદ્ધિ મુશ્કેલ છે તો શું ધર્મ માર્ગે એ ધન ન ખરચવુ? ખરચવાની ભાવનાને દબાવી દેવી? પાપ માર્ગે ખરચવું? એવા ધનની શુદ્ધિ કઈ રીતે કરવી?

ઉ મનની શુદ્ધિથી.

પ્ર. મનની શુદ્ધિ એટલે શું?

ઉ. આ જે ધન કે દ્રવ્ય, દાન–પૂજાદિ ધર્માનુષ્ઠાનોમા વાપરું છું તેમાં નૈતિક દષ્ટિએ જેનો જેટલો હક્ક હોય તેનો લાભ એમને મળો. ન્યાય દષ્ટિએ મારા ભાગનું જેટલું ધનહોય તેટલો જ લાભ મને મળો. આ રીતે મનની શુદ્ધિ કરી તેજ અશુદ્ધ ધન ધર્મ માર્ગે વાપરી શકાય.



વિનાસના ચાર માર્ગો ૧૫

[આજે વિદ્યાર્થી જીવન વિશેષ વગોવાતું જાય છે. તેનું જીવન ધોરણ નીચું ઉતરતું જાય છે. સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પાસે શિક્ષણ, સંસ્કાર, શિસ્ત, વિનય, વિવેક, સદાચાર જેવા ગુણોની અપેક્ષા માતા–પિતા, વડિલો, કાર્યવાહકો અને સંસ્થાના દાતાઓ રાખતા હોય છે. પણ તે હેતુ સફળ થતો બહુ ઓછો જોવાય છે. પૂ. મહારાજશ્રીએ સં. ૨૦૧૯ના પોષ વદિ ૦)) ના પાલીતાણા ખાતે એક શિક્ષણ સંસ્થાના વિદ્યાર્થીઓ સમક્ષ 'વિનાશના માર્ગો' પર એક મનનીય પ્રવચન આપેલ તેનું સારભૂત અવતરણ–સં.)

કેચિદજ્ઞાનતો નષ્ટાઃ કેચિન્નષ્ટા પ્રમાદતઃ ।
કેચિદ્ જ્ઞાનાવલેપેન કેચિન્નષ્ટૈસ્તુ નાશિતાઃ ॥

આજે ચોમેર વિકાસ અને વિકાસની વાતો એવા અવાજે થઈ રહી છે. જ્ઞાનના પ્રત્યેક ક્ષેત્રમાં વિકાસના જ ગીત જોરશોરથી ગવાઈ રહ્યા છે અને વિકાસની કહેવાતી યોજનાઓ પણ ઘડાઈ રહી છે. મનુષ્ય સ્વભાવમાં વિકાસની ભાવનાનાં બીજ સહજ રીતે પડેલાં છે એટલે સાચી કે ખોટી યોજનાઓ ઘડાતી રહે એમાં કાંઈ નવાઈ નથી.

મનોરથો મનમાં ને મનમાં જ જાગે છે ને લય પામે છે છે એમ યોજનાઓ યોજનારૂપે રહેવાની એ કદીજ સક્રિય ન બની શકે.

એક આંધળી ડોશી દળણું દળી રહી હતી. બીજી બાજુ ઘરનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. એક કુતરો ઘરમાં પેસી ગયુ અને બધો જ લોટ સફાચટ કરી ગયું. તમેજ કહો ! આટઆટલી મહેનત કર્યા પછી છેવટે ડોશીના હાથમાં શું આવ્યું ? ચપટી લોટ પણ હાથમાં આવ્યો નહિ. ડોસી બિચારી હાથ ઘસતી રહી. વિકાસના પ્રયત્નો સાથે જાણે-અજાણે વિનાશના ભોગ બની જવું સહજ છે; માટે જ વિનાશના માર્ગોથી સાવધ રહેવામા બુદ્ધિમત્તા છે.

મહાપુરૂષોએ આપણને કરૂણા બુદ્ધિથી 'વિનાશના માર્ગો' બતાવી દીધા છે. જેથી આપણે સહેલાઇથી સાવધ રહી શકીયે.

અજ્ઞાન એ વિનાશનો પહેલો માર્ગ છે.

'અજ્ઞાન અને અંધારું સરખું' એમ કહેવત છે. અંધારામાં માણસ અથડાય છે, ઠોકર વાગે છે, પડે છે, તેમ અજ્ઞાનથી માણસને પાર વગરનાં કષ્ટો વેઠવા પડે છે તમારા મા-બાપે અજ્ઞાનથી તમે નાશ ન પામો, દુઃખી ન થાઓ એ માટે અહિં ભણવા મોકલ્યા છે ને ? વિદ્યાર્થીજીવન એટલે અજ્ઞાનની સામે કમર કસવાનું જીવન. તમને આ સંસ્થામાં વ્યવહારિક જ્ઞાન, સ્કુલનુ જ્ઞાન મળે છે. ધાર્મિક જ્ઞાન અને સંસ્કાર પણ મળે છે. તમે સારી રીતે ભણી શકો, સંસ્કારી બનો એ માટે ભાગ્યશાળીઓએ અહિં જિનમંદિર, પાઠશાળા, ખાવા-પીવાની, રહેવાની બધી સગવડો રાખી છે. ઉપદેશ આપી આ સંસ્થા શા માટે સ્થાપી જાણો છો ? વ્યાવહારિક શિક્ષણ તો તમે બીજે પણ મેળવી શકત. પણ માત્ર એ ખાતર આ સંસ્થા નથી એની સાથે જીવનમાં તત્વનો પ્રકાશ પાથરનાર ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક સંસ્કાર મળે એ મહાન ઉદ્દેશ સંસ્થાની સ્થાપના પાછળ છે. તમે અહિં મળતી સગવડોના માત્ર રસિયા ન

બનશો. કેવળ વ્યાવહારિક શિક્ષણનું લક્ષ ન રાખશો. સગવડ જ્ઞાન-પ્રાપ્તિમાં સહાયક છે. તેમ પ્રમાદી બનાવવામાં પણ તેટલી જ સહાયક છે, ઘણીવાર એવું પણ બને છે કે, ગુરૂકુલો કે બોર્ડીંગોમાં મળતી અનુકૂળતાથી ટેવાયેલા વિદ્યાર્થીઓને પોતાના ગામડાના ઘરમાં, ખાનપાનમાં, માતા-પિતા કે ભાઇ-ભાંડુઓમાં ગોઠતું નથી. એ બધા સાથે એ એકમેક થઇ શકતો નથી. કેટલીકવાર માબાપને એ પુત્રની આશા સુદ્ધાં છોડી દેવી પડે છે.

ધાર્મિક શિક્ષણ અને સુસંસ્કાર પ્રાપ્ત કરી સંસ્થાનો મુળભૂત ઉદ્દેશ સફળ કરવો એ જવાબદારી તમારા શિરે છે. એ ભૂલતા નહીં, આપણાં ગુરૂકુલો, વિદ્યાપીઠો, શિક્ષણ સંસ્થાઓમાં કેટલીક ખામીઓ પ્રવેશી જવાના કારણે આપણે આપણું ગૌરવ ઉચ્ચ સ્થાન ગુમાવી બેઠા છીએ. આ ભારતભૂમિ વિદ્યા અને સંસ્કૃતિનું મહાધામ ગણાતું હતું. દેશનદેશો-પાશ્ચાત્ય સ્કોલરો પણ અહિં આવીને અનેક પ્રકારની વિદ્યાકળાઓ મેળવતા અને અહિંની આર્ય સંસ્કૃતિ, કુટુંબ-યોજના, મર્યાદાશીલ દામ્પત્યજીવન, વિનય-વિવેક, ન્યાયપાલન, સદાચાર, પરોપકાર, આધ્યાત્મભાવના તેમજ ધર્મસ્થાનો, તીર્થસ્થાનો જોઈને મુગ્ધ થતા. આજે આપણે પશ્ચિમ તરફ આપણી દોટ માંડી છે પણ આપણે પાછા વળી આપણા ગૌરવને પુનઃ પ્રાપ્ત કરવા સાચું શિક્ષણ-સાચી સંસ્કૃતિને જીવનમાં જીવીને જણાવી પડશે.

પ્રમાદ એ વિનાશનો ખીલો માર્ગ છે.

બેદરકાર હોય છે આ રીતે અજ્ઞાન અને પ્રમાદ પોતાનુ સામ્રાજ્ય જમાવી બેઠા છે, માટે આજથી જ જીવનમા પ્રમાદને પેસવા ન દેશો.

તમે પેલા પ્રમાદી–આળસુ શેઠની વાત સાંભળી હશે કે પ્રમાદના કારણે શેઠની અઢળક સંપત્તિ ચોરો ઉઠાવી ગયા અને જિંદગી સુધી શેઠ દરિદ્રતાના દાસ બની ગયા.

વાત એમ બની કે શેઠના ઘરના છાપરાપર ચોર લોકો ચઢી આવ્યા. બાકોરા પાડવા માટે નળીયા આઘાપાછા કરવા લાગ્યા. નળીયાના અવાજથી શેઠાણી જાગી ગયા. ચોરોને આવેલા જાણીને મીઠી નિદ્રામાં પોઢેલા શેઠને જગાડવા માંડયા. "ઉઠો ! જાગો જાગો ઉપર ચોર આવ્યા છે, શેઠ જાગતા તો હતા. છાપરાપર નજર પણ કરી. ચોર છે એમ જાણ્યું ય ખરૂં પરંતુ શેઠ આળસના પીર હતા. પથારીમા પડયા પડયા કહે છે, "તું તારે છાની માની પડી રહેને ! આખા દિવસનો થાક ઉતારવા જરાક આડા પડયા ત્યાં તારો કકળાટ શરૂ થયો. ચોર આવ્યા.. ...ચોર આવ્યા...... જવા દે. ભલે આવ્યા ચોર. નહિ ઉતરે તો ખરૂ. ખબર લઈ નાખું..."... શેઠ પાછા નસકોરા બોલાવવા મંડયા.

ગરબડ સાંભળીને ચોર થોડી વાર લપાઈ ગયા. શેઠે ફરી ઘોરવા માંડયું એટલે ચોરોએ તિજોરી ખોલી દરદાગીના, રોકડ વગેરેની ગાંસડીઓ બાંધી. શેઠાણીની ઉંઘ કુતરા જેવી હતી એ પાછા જાગી ગયા. શેઠને પણ જગાડયા... 'શેઠ ! ઉઠો ચોરોએ ધનમાલની ગાંસડીઓ બાંધી.' શેઠ કહે–'જાણું છું.' શેઠાણી કહે–આ ચોરો ધન-માલની ગાંસડીઓ લઈને ચાલ્યા ય ખરા. હજી પણ પથારીમાં પડયા પડયા શેઠનો તો એકજ જવાબ હતો કે 'હું જાણું છું' હવે શેઠાણીથી રહેવાયું નહિ એ ધુધવાયા હતા. શેઠનો ટાંટીયો જોરથી ખેંચ્યો અને મોટા અવાજે ધડાકો કર્યો કે 'ધૂળ પડી તમારા જાણવામાં... ... ...'

શેઠ કહે શેઠાણીને છો.ધન લઈ ગયા દૂર. જાણું જાણું શું કરો, જાણપણામાં પડી ધૂળ. ત્યારે શેઠ ઝબકયા. ઉભા થયા અને ચોરોને પકડવા દોડયા. હવે ચરાતન જગ્યું. બહાર જઈને આમતેમ જુએ છે પણ ચોર તે કાંઈ હવે ઉભા રહે? એ તો હનુમાન ફાળો ભરી ભાગી છૂટયા હતા. આ...આ શેઠનું મોં પડીકું થઈ ગયું...થોડા પ્રમાદથી શેઠની જિંદગીભર કમાયેલી લક્ષ્મી ચાલી ગઈ. તમે વિદ્યાર્થીઓ પ્રમાદ કરો તો તમારું કાંઈ લુંટાવાનું નથી ખરું ને? તમે કહેશો કે અમારી પાસે શી મુડી છે? ભલે મુડી નથી છતાં તમે જો આળસ કરશો, પ્રમાદ સેવશો, તો તમે જ્ઞાનધન કમાવી નહિ શકો. પહેલા કમાયેલું જ્ઞાનરૂપી ધન જરૂર લુંટાશે. પૈસા ધન કરતાં આ જ્ઞાનધન મહા કિંમતી છે. તેમજ પ્રમાદની [illegible] પોતાના [illegible] નુકશાની [illegible]. પ્રમાદ [illegible] વિદ્યાર્થીને [illegible] આપનાર [illegible] [illegible] નહિ [illegible] [illegible].

એક મહાપુરુષે પ્રમાદને ઓળખાવતાં કહ્યું છે કે, 'પ્રમાદો હિ મૃત્યુઃ' પ્રમાદ એ [illegible] છે. પ્રમાદી [illegible] [illegible] છે.

શ્રી ગૌતમસ્વામી જેવા મહાપુરુષને પ્રભુ મહાવીરદેવે ખાસ એ જ ચેતવણી આપી હતી કે, 'સમયં ગોયમ મા પમાયએ' હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ કરીશ નહિ.' આથી સ્પષ્ટ સમજાય છે કે સાધનાની ઉંચી કક્ષાએ પહોંચ્યા પછી પણ પ્રમાદ પેસી જવાનો પૂરેપૂરો સંભવ છે. અર્થાત્ પ્રમાદ એ વિકાસમાં–પ્રગતિમાં અવરોધ રૂપ છે.

જે વિદ્યાર્થી જ્ઞાન અને સંસ્કારની પ્રાપ્તિનું ધ્યેય વિસરી જશે તે અહિંની મુખ–સગવડોમાં પ્રમાદી સુખ શીલીયા બન્યા વિના રહેશે નહિં. પ્રમાદ શત્રુને ખાળવા હંમેશ તમારા ધ્યેયને નજર સામે રાખો.

વિદ્યાર્થી જીવનમાં અધિક પડતી ઉંઘ, મોજશોખ, નાટક-, સીનેમા, શરીર અને વસ્ત્રની ટાપટીપ રાજકારણ કે અર્થતંત્રની વાતોમાં રસ, છાપાઓનું વાંચન, નવલકથાઓ વાંચવાનો રસ વગેરે પ્રમાદ છે. વિનાશનો જ એ માર્ગ છે એથી અલિપ્ત રહેશો તો પ્રગતિશીલ વિદ્યાર્થી જીવન જરી રહના પણ ભાગી બનશો.

જ્ઞાનનો અહંકાર કરવો એ વિનાશનો ત્રીજો માર્ગ છે.

ખાવું સહેલું છે પણ પચાવવું કઠિન છે. એમ જ્ઞાન મેળવવું સહેલું છે પણ પચાવવું કઠિન છે. જ્ઞાનનું અજીર્ણ અહંકાર–અભિમાન છે. જ્ઞાનથી અભિમાની બનેલો પોતાનું જ્ઞાન બીજાને આપી શકતો નથી. બીજા પાસેથી નવું જ્ઞાન વગેરે કાંઈ જ મેળવી શકતો નથી. મિથ્યાજ્ઞાન અથવા અલ્પજ્ઞાન અભિમાન પેદા કરે છે. કહેવાય છે ને કે 'અધુરો ઘડો છલકાય' સમ્યગ્જ્ઞાન અભિમાનને ઓગાળી દે છે. એ જ્ઞાન જ્યારે પૂર્ણતા પામતું જાય છે, વિશાલ અને ઊંડું બનતું જાય છે ત્યારે હૃદયમાં છીછરી વૃત્તિઓ રહી શકતી નથી. સાચો જ્ઞાની કદી અભિમાની બનતો નથી એ વધુ નમ્ર હોય છે. કલ્પવૃક્ષની જેમ સૌને ફળદાયી

કલ્પના

હિંસકમતિ બાદશાહ **અકબર** જગદ્‌ગુરુ **હીરવિજય સુરીશ્વરજી** મહારાજના તપતેજથી અને પ્રભાવક ધર્મોપદેશથી દયામતિ બન્યો. બાદશાહની હિંસાખોર લાગણીએ આશ્ચર્યજનક પલટો લીધો. એની દયાની લાગણીના પરિચય કરાવતાં એક કવિ કહે છે:—

દયાદેવીને ઉદાસ જોઈને કોઈ વ્યક્તિએ પુછ્યું, 'હે કન્યા તું કોણ છે?

દયા—હું દયા—અહિંસા છું.

વ્યક્તિ—તું ઉદાસીન કેમ છો?

દયા—મારા માલિક કુમારપાલ સ્વર્ગે ચાલ્યા ગયા છે.

વ્યક્તિ—તેથી શું થયું?

દયા—માલિકના અભાવે હિંસક લોકો મને હેરાન કરી રહ્યા છે. મારો નાશ કરી રહ્યા છે.

વ્યક્તિ—તો હવે તારી શું ઈચ્છા છે?

દયા—મારું રક્ષણ કરે એવો કોઈ માલિક સ્વામી જોઈએ.

વ્યક્તિ—જો તારી ઈચ્છા હોય તો સમગ્ર પૃથ્વીના માલિક બાદશાહ અકબર પાસે જા એ તારું પાલન કરશે.

કહેવાનું કહેવાનું તાત્પર્ય એ છે કે કુમારપાળ પછી અહિંસાને [illegible] મળ્યો હોય તો બાદશાહ અકબરના રાજ્ય-[illegible] જનતામાં દયાધર્મની છાપ પડે એ રીતે [illegible] ત્રિકરણથી દયા–અહિંસાનું પાલન કર્યું [illegible]

વીરતા

દાનવીર [illegible]

યુદ્ધવીર કોણ? યુદ્ધની નોબત વાગે ને જે પોતાની મેળે તલવાર લઈને રણમેદાને દોડી જાય.

ધર્મવીર કોણ? ધર્મ કરવાની તક–અવસર આવે ને જેને ધર્મનો અદમ્ય ઉત્સાહ જાગે. દાનવીર જગડુશાહ હતા. ધર્મવીર કુમારપાલ હતા. યુદ્ધવીર પણ ઘણા થઈ ગયા. ભગવાન મહાવીર પરમાત્મામાં ત્રણે પ્રકારની વીરતા સર્વશ્રેષ્ઠ કોટિની હતી. પ્રભુના દાનવીરતા સંવત્સરી દાનમાં દેખાઈ આવતી હતી. યુદ્ધવીરતા ગર્ભકાળથી મોહાદિ શત્રુઓ સામે ઝળકી હતી. ધર્મવીરતા તો પૂર્વના અનેક ભવોથી ચાલી આવતી હતી પ્રભુ જેવું દાન, શીલ, તપ કે ભાવ કોઈએ કર્યો નથી. પ્રભુના અનુત્તર દાન–શીલ–તપ ભાવનો વિચાર કરતા પોતાના દાનાદિનો કોઈ ગર્વ કરી શકે તેમ નથી

નોળવેલ સુંઘતા રહો

સંસારમા રહેવું પડ્યુ છે? હા, તો ત્યાં રહ્યાં રહ્યાં નોળવેલ સુંઘતા રહેવું જોઈએ. માણસ સંસારના વિવિધ વ્યવહાર કરે છે. એમાં એને રાગદ્વેષનુ ઝેર ચડે જ છે. એ ઝેરની અસરથી મનુષ્યની શુદ્ધ ચેતનાનો નાશ થાય છે. અને આ મોહની મૂર્ચ્છામાં આત્માનું ઘણું ઘણું બગડે છે તો શું કરવું? હતાશ, નિરાશ થઈ બેસી રહેવું? ના, એની સામે કોઈ નક્કર ઉપાય યોજવો.

નોળીયાને સર્પ સાથે જ્યારે બથડાબથડીનો પ્રસંગ આવે છે ત્યારે ઝપાઝપીમાં ક્રોધે ભરાયેલો સર્પ વારે વારે નોળીયાને ડંખ મારતો હોય છે. ડંખની ઝેરી અસરથી બચવા નોળીયો જંગલમાં જઈ નોળવેલ વનસ્પતિ સુંઘી આવે છે. એથી સર્પના ડંખની લેશ પણ અસર રહેતી નથી. એજ રીતે હિંમત હાર્યા વિના તમે પણ નિરંતર નોળવેલ સુંઘતા રહો! પણ તમારે સુંઘવાની એ નોળવેલ કઈ જાણો છો? વીતરાગનું દર્શન, પૂજન, સદ્દગુરુનો સહવાસ–સત્સંગ, શાસ્ત્ર શ્રવણ......સત્સંગસેવી માણસોને રાગદ્વેષના ડંખની ઘાતક અસર નહિ થાય.

સુંદર સંવાદ

ગૌતમસ્વામી—ભગવંત ! શાસ્ત્રશ્રવણથી શું લાભ ?

પ્રભુ મહાવીર—ગૌતમ ! શાસ્ત્રશ્રવણથી જ્ઞાનનો લાભ થાય છે. **જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ** અને **મોક્ષ** આ નવે તત્ત્વોની વ્યવસ્થા જાણી શકાય છે.

ગૌતમસ્વામી--ભગવંત ! જ્ઞાનનું ફળ શું ?

પ્રભુ મહાવીર—ગૌતમ ! જ્ઞાનનું ફળ **વિજ્ઞાન** છે. જ્ઞાનથી જીવાદિ તત્વો વિશેષ રીતે જાણવા તે વિજ્ઞાન. હેય-ત્યાગ કરવા લાયક તત્વો કયા ? ઉપાદેય-ગ્રહણ કરવા લાયક તત્વો કયા કયા એની સ્પષ્ટતા પૂર્વક જાણવું તે વિજ્ઞાન.

ગૌતમસ્વામી—પ્રભુ ! આ સંસારમાં સર્વ જીવોમાં કયો જીવ વિશેષ વધુ દુઃખી છે ?

પ્રભુ—ગૌતમ ! અવિરતસમ્યગ્દૃષ્ટિજીવ સંસારમાં સૌથી વધુ દુઃખી જાણવો.

ગૌતમ સ્વામી—પ્રભુ ! એનું શું કારણ ?

પ્રભુ—ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ આત્માને પોતે અવિરતિમાં પડ્યો છે તેનું પારાવાર દુઃખ છે. વળી ચારે ગતિના જીવોની વેદનાઓ દુઃખો શ્રુતજ્ઞાનના બળે એ જાણે છે. એથી પણ એ દુઃખી દુઃખી થાય છે. નિર્વેદભાવથી મહાદુઃખી છતાં ધર્મના અભાવે જીવોને દુઃખી-દરિદ્ર જોઇને એના દિલમાં ભાવ અનુકંપા ઉપજે છે.

ગૌતમસ્વામી—પ્રભુ ! મિથ્યાદૃષ્ટિ નારકીને મહાવેદના કહી સમ્યગ્દૃષ્ટિ નારકીને અલ્પવેદના કહી એનું શું કારણ ?

ચકચૂર બન્યો.' આ વિચાર એને મહાવ્યથા કરાવે છે. વ્યવહારમા ચોર અને શાહુકારની શાખ જુદી જુદી હોય છે કોઈ કારણસર ચોર અને શાહુકાર બન્ને પકડાય, રાજદંડ થાય અને જેલમા પુરાય ત્યારે જે દુઃખ શાહુકારને થશે તે ચોરને નહિ થાય, શાહુકારને પોતાની ઇજ્જત, આબરૂ-કીર્તિ જેમ જેમ યાદ આવશે તમ તેમ એની મનોવેદના વધશે. ચોરને શું થવાનું હતું ?

ગુરુ—વસ્તુપાલ ! તારા ભાલમાં જિનાજ્ઞા, મુખમાં સરસ્વતી, હૃદયમાં દયા, હાથમાં લક્ષ્મી અને શરીરમા શીલની કાંતિ રહેલી હોવાથી તમારી કીર્તિ બ્રહ્મલોક સુધી પહોચી છે.

વસ્તુપાલ—ગુરુદેવ ! મનુષ્યજન્મરૂપી વૃક્ષ કોઇને ફળ વિનાનો, કોઇને વિષફળ સમાન, કોઇને કિંપાક ફળ સમાન, તો કોઇને કલ્પવૃક્ષ સમાન દેખાય છે તેનું શું કારણ ?

ગુરુ—વસ્તુપાલ ! અનંત પુણ્યરાશીથી આ મનુષ્યભવ પમાય છે. જેઓ આવો મોંઘેરો મનુષ્ય જન્મ પામી કશું જ સુકૃત આચરતા નથી તેમને ફળવિનાનો ગણાય છે.

જેઓ હિંસાદિથી પાપાનુબંધીપાપનું ઉપાર્જન કરે છે, તેઓને આ ભવ અને પરભવમાં દુઃખરૂપ નિવડતો હોવાથી વિષફળ સમાન ગણાય છે.

જેઓ પાપાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે તેઓને પ્રથમ સુખ અને પછી નરકાદિ ગતિ આપનાર હોવાથી કિંપાક ફળ સમાન.

જેઓ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે. તેઓને ઉભય-લોકમાં વાંછિત ફળ આપનાર હોવાથી કલ્પવૃક્ષ સમાન ગણાય છે.

અવળીગંગા

જે દેશમાં આવા અનાજ નથી ૮
આછત છે. ત્યાં આ પાણી, મોજશોખ,

એક મહોર તોડી. સૈનિકોએ રાજાનું અનુકરણ કર્યું. પરિણામે આખો આંબો બેડોળ બની ગયો. એક પણ પાન રહ્યું નહીં. આંબો સાવ ઠુંઠો થઇ ગયો. રાજા યુદ્ધભૂમિથી પાછો ફર્યો. એના મનમાં કોડ હતા પેલા ઘટાદાર આમ્રવૃક્ષની છાયામાં મોજ માણવાના અને આંબાની મંજરી ખાઇ કંઠને કોકિલ કંઠ બનાવવાના.

રાજાએ હજુરિયાને પુછ્યું– ‘પેલું મનોહર આંબાનું ઝાડ કયાં ગયું? આપણે ત્યાં બેસીશું, આરામ કરીશું. હજુરિયો કહે— ‘રાજન આ સામે દેખાય છે તે જ આપનો પ્રિય આંબો.’ ‘અરે! કેમ આમ સાવ ઠુંઠા જેવો થઈ ગયો?’ ‘રાજન આપે એક મહોર તોડી. પાછળ એકે એક સૈનિકે મોહર અને પાન ચુંટયા. પછી આ દશા ન થાય?’

રાજાએ એક ગેબી આંચકો અનુભવ્યો. આ પ્રસંગે એને ઊંડા વિચારમાં ગરકાવ બનાવી દીધો. વિચારમાંથી વિવેક જાગ્યો. વિવેકમાંથી વૈરાગ્ય સ્ફુર્યો.–ખરેખર! સંસાર કેવો વિચિત્ર! જ્યાં સુંદર અસુંદર બને છે. શુભ અશુભ બને છે. સરસ નિરસ બને છે, ભવ્ય દેખાતું ભયાનક બને છે. રાજાને સંસાર પ્રત્યેની મમતા સાવ મરી ગઇ. એના અંતરમાં સંયમભાવ જાગી ઉઠ્યો. પુત્રને રાજ્ય ભળાવીને એણે ચારિત્ર લીધું.

ત્યાં આવ્યા. રાણીના હુકમ મુજબ કોટવાળોએ મારપીટ કરી દરવાજા બહાર ધકેલી મૂક્યા. આ દશ્ય સુકોશલે જોયું. પોતાની ધાવમાતાને હકીકત પુછી. ધાવમાતાએ સત્ય હકીકત કહી. ધર્મપ્રિય સુકોશલને પિતાની વિટંબણા જોઈ સંસારની સ્વાર્થ જાળનો પરિચય થયો. વૈરાગ્ય રંગે રંગાયેલો એનો આત્મા સર્વ ત્યાગના માર્ગે વિચરી ગયો.

આ મહાપુરુષોએ વૈરાગ્યની પારદર્શક દૃષ્ટિથી જગતના તમામ પદાર્થોના, ભોગસુખના, સ્નેહી સ્વજનોના આંતરિક સ્વરૂપને જોઈ લીધું. તમામ વસ્તુઓની ક્ષણક્ષણિક ભવ્યતા સાથે એની ભયાનકતા નિહાળી લીધી ત્યારે રાગને ભાગવું પડ્યું, દ્વેષને દોડવું પડ્યું. મોહના હાથ હેઠા પડયા વીતરાગ વ્હાલા થયા.

વૈરાગ્યને ટકાવવા, વીતરાગતાને પામવા ત્યાગનો પુરુષાર્થ રામબાણ ઉપાય છે.

વિવેક

કપાસ અને ચાંદીના ઢગલા ચાંદની રાતના શાંત વાતાવરણમા બન્ને સમાન દેખાય પણ વરસાદ વખતે ચાંદીનો ઢગલો જ સ્થિર અને સુરક્ષિત રહેશે. માનવ માનવમાં પણ હાથ, પગ, માથું, શરીર, વસ્ત્ર આભૂષણના બાહ્ય દેખાવથી ભલે સમાનતા દેખાય, પરંતુ સુખદુઃખના ચઢ-ઉતાર વખતે વિવેકી માનવ જ સ્થૈર્ય અને ધૈર્ય ટકાવી શકશે. વિવેક દેખાતા સુખોની પાછળ રહેલા દુઃખોને એવી રીતે દેખાડવા કરે છે કે જેથી પ્રત્યક્ષ દેખાતા વિષય સુખોમા આત્મા લોભાતો નથી અને એ વિવેક જ દુઃખોની પાછળ કારણભૂત પોતાની જ ભૂલોનું એવી રીતે દર્શન કરાવે છે કે જેથી દુઃખમા ગભરાટ રહેતો નથી. જૂની ભૂલોનું પરિમાર્જન થાય છે અને નવી ભૂલોનું સર્જન અટકે છે. વિવેક જન્મે છે સદ્‌વિચારમાથી. સદ્‌વિચાર પ્રાપ્ત થાય છે સત્સંગ અને શાસ્ત્રશ્રવણથી.

ભ્રમ

ભૌતિક જીવનનો આનંદ ક્ષણજીવી છે. આધ્યાત્મિક સંસ્કૃતિના વારસામાં મળેલ સાત્વિક જીવનનો આનંદ ચિરંજીવ છે. છતાં આર્ય દેશમાં આધ્યાત્મિક સંસ્કૃતિના વારસામાં મળેલું સાદું અને સાત્વિક જીવન જીવનારાઓને વિલાસી જીવન જીવતી પશ્ચિમની ગોરી પ્રજા સુધરેલી અને આગળ વધેલી લાગે છે. મોજશોખ-ભોગવિલાસથી ખદબદતું જીવન પશ્ચિમની પ્રજાને કેટલું કંટાળાભર્યું બન્યું છે એ લક્ષમાં લઈ વારસામાં મળેલી આધ્યાત્મિક સંસ્કૃતિથી ગૌરવ અનુભવવાને બદલે આજે આર્યપ્રજાને એ પશ્ચિમના સત્વહીન જીવનનો અભખરો જાગ્યો છે. આપણે તો ઈચ્છીએ કે વારસામાં મળેલા સાત્વિક જીવનને અવગણી ભૌતિક જીવનનાં ભપકામાં અંજાઈ જનારા પામરોની દશા ધોબીના કુતરા જેવી ન બનો.

તમારે જીવનમાં સુખ, શાંતિ અને સમાધિ જોઈતી હોય તો જીવન જીવતાં કોઈપણ ભૂલ ન થાય એની સતત કાળજી રાખો અને યશની આશા છોડો. કદાચ અપયશ મળશે એમ સમજી રાખો તો શાંતિનો સાગર સદાય તમારા ચરણોને પખાળતો રહેશે.

વચનના મર્મ

રાજા અને રબારી

આપણા આ ભારત દેશમાં આત્માના આરોગ્યની બહુ બહુ ચિંતા કરવામાં આવતી હતી. આત્માના આરોગ્ય માટે જીવાતું ધર્મ-મય-ત્યાગમય પ્રકૃતિ જીવન, કાયાના આરોગ્યને ઉની આંચ આવવા દેતું ન હતું. કાયાનો રોગનો સાચેજ દુકાળ હતો, વિચારો ! ભારતીય પ્રજા કેવા ત્યાગ જીવનમા જીવતી હશે? 'ભોગ એટલા રોગ' એ કહેવત પણ અનુભવના નિચોડરૂપ છે. ભર્તૃહરિએ પણ ભોગે રોગ ભય.. વૈરાગ્યમેવાભયમ ઉચ્ચારીને વૈરાગ્ય અને વૈરાગ્યના પ્રથમ સોપાન ત્યાગને ઉપાદેય સૂચવ્યો છે. આજે જેમ જેમ ત્યાગ ભૂલાયો, વૈરાગ્ય ઘવાયો અને ભોગની ભૂખ વધી. ભોગવિલાસમાંની ગુલામીએ માઝા મૂકી તેમ તેમ આત્માનું આરોગ્ય નો રસાતળ ગયું પણ શરીરનું આરોગ્ય છૂ થઈ ગયું. રોગોએ પગદંડો જમાવ્યો. આજે ડોકટરો વધતાં જાય છે, દવાખાનાં વધતાં જાય છે એમ રોગો પણ વધતાં જાય છે. ડોકટરો કે દવાખાનાઓનો વધારો રોગને ઘટાડવા માટે નથી પણ મોટે ભાગે ધનની કમાણી માટે છે એટલે ડોકટરોને રોગી સારે કરવા થવું ક્યાંથી પાલવે? ભોગ એ જ રોગનું મૂળ મુખ્ય કારણ હોવા છતાં એ ભોગ ઉપર કાપ મુકવાની વાત ડોકટરો ન જ કરી શકે. એ તો દવા આપે રાખે. સાથે બધું જ ખાવા-પીવાની છૂટ આપે રાખે અને કમાણી પણ ચાલુ રાખે. પાંચે ઈન્દ્રિયોના વિષયોની મઝા માણવાની છૂટ પણ ડોકટરો પાસે મળે એટલે આજના દર્દીઓને એ વહાલા લાગે છે. ધર્મગુરુઓની તપ-ત્યાગ અને સંયમની વાત કડવી ઝેર જેવી બની ગઈ છે. પેલા કડક ચરી પાળવાનું કહેનાર વૈદો યમરાજ જેવા લાગે છે. એટલે જ આજે વૈદોના પાટીયાં ફેંખડી ગયાં અને શું શહેરોમાં કે ગામડાઓમાં બધે જ ડોકટરોના પાટીયા કેરીએ કેરીએ ગોઠવાઈ ગયાં છે.

થાય છે.

એ જ રીતે માતા-પિતાના વિચાર-વાણી અને વર્તનની અસર પણ ગર્ભમાં રહેલા જીવ પર થાય છે.

માતા અને પિતાનો સુયોગ હોવા છતાં માતા-પિતાના શોણિત-શુક્રરૂપ ઓજાહાર પર પિતાના દુષ્ટ ભાવનો પ્રભાવ કેવું પરિણામ લાવે છે એ આપણે ઉપરની ઐતિહાસિક કથામાં જોઈ શકયા.

ટેવ ટાળવાની રીત ૩

બાદશાહ-બીરબલ ! આ દુનિયામાં એવું કયું પ્રાણી છે કે જે ગમે તેટલું ખાવા છતાં ધરાય જ નહીં ?

બીરબલ-માલિક ! બકરી એ એવું પ્રાણી છે કે જે ગમે તેટલું ચરીને આવે છતાં જ્યાં અનાજ કે ઘાસ જુવે કે તરત મોં ઘાલે.

બાદશાહ-બીરબલ ! જો ખોટું પડશે તો સજા થશે હોં ?

બીરબલ-જનાબ ? કબુલ, એકવાર નહિ સત્તરવાર કબુલ. રાજાએ ઢંઢેરો પીટાવ્યો. 'જેની બકરી ધરાયલી હશે એને મોટું ઈનામ મળશે. પરીક્ષાનો દિવસ પાછળથી જાહેર થશે. ઢંઢેરો સાંભળી ઘણા લોકો બકરી પાળવા લાગ્યા. રાજાએ દિવસ જાહેર કર્યો તે દિવસે સૌએ પોતપોતાની બકરી ખૂબ સારી રીતે ખવરાવી તૈયાર રાખી.

બીરબલ કુંડામાં સુંદર અનાજ અને ઘાસના પૂળા રાખીને બેઠો. બાદશાહનો આદેશ થતા બાદ લોકો એક પછી એક પોતપોતાની બકરી લઈને ત્યાંથી પસાર થવા લાગ્યા. જ્યાં કુંડામાં અનાજ જોતું અને બાજુમાં બીરબલ ચાબુક લેતું કે દરેક બકરીએ તેમાં મોં નાખ્યું. બાદશાહને આશ્ચર્ય થયું કે બરોબર બકરી ગમે તેટલું ખાય છતાં ધરાતી જ નથી

. જ્યાં બકરી મોં ઘાલવા જાય ત્યાં બકરીના મો પર સોટો મારે.
જનો આ કાર્યક્રમ થયો એટલે મોં ઘાલતાં પહેલાં બકરી ઉંચુ
વે. માલિકને સોટો લઇને ઉભેલો જોઇ મો ન ઘાલે. બાદશાહે
ીક્ષા લીધી એમાં એ પાસ થયો. અને મોટું ઇનામ મેળવ્યુ.

આપણી ઇન્દ્રિયો પણ બરાબર બકરી જેવી નથી ? પાર વગરના
ા જોઇ નાખ્યાં પછી પણ આંખ ના પાડે છે કે, ' અનંતા રૂપ–
વરૂપના અંબાર જોઇ નાખ્યા હવે રૂપ નથી જોવું', ના, હજી આપણી
ાંખ પ્રત્યેક રૂપની ચોર છે.

ત્યારે કાન ! એને હવે તૃપ્તિ ખરી ? ના એને પણ સુરિલા
ંગીતની અને પ્રશંસાત્મક શબ્દોની નિત્ય નવી ભૂખ.

જીભ પણ જબરી ભુખારવી એના ચોપડામા જમે પાસુ જ ન
મળે. એની ખાતાવહીમાં ઉધાર, ઉધાર ને ઉધાર રકમો ! બધાજ
રસોની ઉઘરાણી સતત ચાલુ જ હોય. એની દુકાને મૌનનું તાળું
તો ઉંઘ વખતે જ લાગે.

નાકની પણ એજ દશાને ? સહેજ સારખી સુવાસ આવી કે
નાક નાચી ઉઠે અને દુર્ગંધ આવે કે તરત મચકોડાઇ જાય.

જ્યારે સ્પર્શેન્દ્રિય તો આ બધાની મોટી બેન એટલે પૂછવું
જ શું ? એનો તો વળી સટોડો જ નુરો.

આ આપણી ઇન્દ્રિયોએ અનંતા રૂપ ધરાઇ ધરાઇને જોયા,
રસ ચાખ્યા, સુરવર સાંભળ્યા, સુવાસ સુંઘી, ઇષ્ટ સ્પર્શ અનુભવ્યા.
તેમ છતાં જ્યાં સામે નવો વિષય ખડો થયો કે આપણી ઇન્દ્રિયો
પેલી બકરીઓની જેમ એમાં મો ઘાલ્યા વિના રહી શકતી નથી;
પણ જો આપણે બાદશાહ પાસે ઇનામ મેળવનાર પેલા હુશીયાર
માણસની જેમ ઇન્દ્રિયોની સામે સમ્યગ્જ્ઞાનનો સોટો ધરીએ તો જ
વિષયો તરફ મટકું મારવાની એની જુની ટેવ ટળી જાય.

શેઠ : 'ભૂદેવ ! ભૂલેચૂકે મારા જેવું સુખ ન માગતા. હું સુખી તો નથી પણ મારા જેવો દુઃખી દુનિયામાં કોઈ નહીં હોય. મારા દુઃખોનું તો મોટું લીસ્ટ થાય એવું છે....શેઠને સાંભળ્યા પછી બ્રાહ્મણને થયું કે વચન આપનાર મહાસંત જેવો સુખી આ સંસારમાં બીજો કોઈ દેખાતો નથી માટે એમના જેવું સુખ માગું !

બ્રાહ્મણ સંત પાસે જવા નીકળ્યો. રસ્તામાં એક ઝાડ નીચે કોઈ મહાત્મા ઉભા હતા. બ્રાહ્મણ ત્યાં થોભી ગયો.... ઉભો રહી ગયો. આ મહાત્મા હતા જૈન મુનિ. એમણે ધ્યાન પુરું કર્યું. બ્રાહ્મણ ચરણોમાં નમી પડયો અને બોલ્યો કૃપાળુ ! આ જગતમાં સુખીમાં સુખી કોણ ?' સંપૂર્ણ સુખી તો આ જગતમાં કોઈ નથી. આ દુનિયાના સુખ સાથે દુઃખ તો વળગેલા જ છે એટલે વાસ્તવમાં આ સંસારમાં કોઈ સુખી છે જ નહિ." મહાત્માએ કહ્યું.

"સંપૂર્ણ સુખી એટલે ?" બ્રાહ્મણે પુછ્યું.

"જે સુખીના સુખમા દુઃખનો અંશ ના હોય, જે સદાકાળ ટકનાર હોય, જે સુખ સ્વાધીન હોય, જેમાં વિષયોની કે જગતની ગુલામી ન હોય એને સાચો સુખી કહેવાય." મુનિએ કહ્યું."

"આવું સુખ કયાં છે ?" બ્રાહ્મણે પુછયું.

અને કામીની, સત્તા અને સાહ્યબી કઈ રીતે દુઃખના જ કારણો છે તે સમજાવ્યું.

આ મધુર મંગલવાણીથી બ્રાહ્મણ ડોલી ગયો કેમ ન ડોલે ? અનંતકાળમાં નહોતુ મળ્યુ એવુ સમ્યગ્દર્શન મળ્યું તત્વનો પ્રકાશ થયો–જૈનશાસનમાં પ્રવેશ થયો. બ્રાહ્મણે સંસારની બાજી સમેટી લીધી અને મુનિના ચરણોમા જીવન સોંપી દીધું. વિનય–ભક્તિના, ત્યાગ-વૈરાગ્યના, સ્વાધ્યાય–ધ્યાનના, તપ–જપના પાન કર્યા એમાં સુખનો અનેરો સ્વાદ ચાખ્યો સંસારના જડ પદાર્થોમા કલ્પેલી સુખની કલ્પના બાલીશ ચેષ્ટા જેવી લાગી. ભૌતિક સુખની શોધમા નીકળેલા બ્રાહ્મણને આત્મિક સુખના માર્ગની અદ્ભુત સિદ્ધિ મળી. ગુરૂકૃપાથી એમણે મેળવેલી આત્મપવિત્રતાની સુવાસથી અનેક માનવ હૈયા સુવાસિત થયા.

ઇમાનદારી

સૌરાષ્ટ્રનો એક જૈન યુવક નરીબીથી અકળાયો હતો. જીવન-નિર્વાહ માટે તે બર્મા ગયો તે પોતાની સ્ત્રીને સાથે લઈ ગયો હતો. યુવકની ધર્મશ્રદ્ધા અડગ હતી જૈન જીવનના ધર્માનુષ્ઠાનો આચરવાની ટેકવાળો હતો. સચ્ચાઈને એ પ્રાણ માનતો હતો.

પ્રાતઃકાળના નિત્ય કાર્યો પતાવતા એને દશ વાગી જતા. દસ વાગે નોકરી આવનારને બર્મામા કોણ રાખે ? એથી થોડો વખત નોકરી વિના ગયો નોકરી માટે ફાંફા મારતા મારતા એક મુસ્લીમ વેપારીએ તેને નોકરી ઉપર રાખ્યો. વેપારીને નોકરની જરૂર ન હતી પણ આ યુવકની આજીજીએ દયા આવવાથી રાખ્યો.

નોકરની નેકી અને વફાદારી જોઈ શેઠને એના પ્રત્યે ખૂબ વિશ્વાસ બેઠો... સ્નેહ જાગ્યો. એકવાર આ જૈન નોકર તાવમાં પટકાયો. બે દિવસ નોકર ગેરહાજર રહેવાથી શેઠ મોટર લઈને એને ઘેર ગયા. નોકર તાવમાં ધખી રહ્યો હતો.

શેઠ કહે, 'ડોકટર લાવું છું.' નોકર ના પાડે છે. શેઠ આગ્રહ કરે છે.

નોકર કહે શેઠ! પરમ દિવસે સવારે આઠ વાગે મારૂં મૃત્યુ થવાનું છે માટે કશી જ ધમાલ ન કરશો. **પરમાત્મા અરિહંતના નામનો મંત્ર એ જ મારે માટે પરમ ઔષધરૂપ છે.** શેઠે વિચાર કર્યો કે આવા વેવલા વિચારો કરી બેસી ન રહેવાય.

રૂ. ૩૫) ફીના આપી શેઠ પોતાની મોટરમાં ડોકટરને તેડી લાવ્યા. ડોકટરે શરીર તપાસ્યું, દવા આપી. ત્રીજા દિવસની વહેલી સવારે શેઠ હાજર થયા. નોકરની સ્થિતિ ગંભીર હતી.

શેઠે નોકરને કહ્યું કે તારા કહેવા મુજબ જો તારૂં મૃત્યુ થશે તો તારી સ્ત્રીને હું પાંચ હજાર રૂપીયા આપીશ અને તે ઉપરાંત દર મહિને રૂા. ૨૫ મારો નોકર એને આપી જશે.

સ્ત્રી પતિભક્તિપરાયણ હતી. મૃત્યુના બિછાને પડેલા પતિને એ કહે કે મારી જરાય ચિંતા પણ ન કરશો. તમે શુભ ધ્યાનમાં રહો... આઠ વાગવાની તૈયારી હતી. નોકરે બારણાં બંધ કરાવ્યાં. તે શ્રીનવકારમંત્રના જાપ-ધ્યાનમાં લાગી ગયો. આઠને ડંકે વિનશ્વર દેહનો ત્યાગ કરી એ ધર્મપુત આત્મા સદ્‌ગતિના માર્ગે પ્રયાણ કરી ગયો. હસતાં મોંઢે મૃત્યુને ભેટી પડેલા નોકરને જોઇ શેઠનું હૈયું એની ધર્મશ્રદ્ધા પ્રત્યે ઓવારી ગયું.

નોકરના મૃત્યુ બાદ એની ધર્મપત્નીને મુસ્લીમ શેઠે બગીની સાથે પોતાના વચન મુજબ આજીવિકાનું સાધન કરી આપ્યું. મુસ્લીમ શેઠની આ ઈમાનદારી શું ને આદર્શ નહિ આપે?

[illegible]

કે કરવાનો અવસર છે? અમારી સ્થિતિ એ લોકો શું જાણે? અમે એમની વાતો સાંભળવા નવરા નથી...કલાક સુધી આ લેકચર ચાલ્યું.

બાદ ડોક્ટરે એકદમ પોક મૂકી રડવા માંડ્યું. પેલો માણસ કહે, ડોક્ટર તમને થયું શું? તમે શા દુઃખે રડો છો?

ડોક્ટરે ખુલાસો કરતા કહ્યું—'ભાઈ! મારૂ શરીર ખૂબ જાડું છે. આ જગતમાં ત્રણ ભાગનું પાણી છે, અને એક ભાગની પૃથ્વી છે. એમાંય હિંદુસ્તાન જેવડું મોટું સહરાનું રણ, સાઈબીરિયાનું મોટું મેદાન, કેટલોક ભાગ પાણીવાળો, કેટલોક ભાગ પર્વતોથી ઘેરાયેલો, કેટલોક ભાગ જંગલોનો, કેટલોક ઉખર ભૂમિવાળો અને કેટલોક કાંકરાવાળો, વળી કેટલોક શહેરોથી ઘેરાયેલો. ખેડ કરી શકાય એવી જમીન બહુ ઓછી છે. એમાંય ખાનારા કેટકેટલાં પશુ-પખી, કરોડો અબજો માનવો. મારે ખાવા ખોરાક લાવવો ક્યાંથી? આ ચિંતાથી રડું છું.

પેલો માણસ આશ્વાસન આપે છે કે ડોક્ટર સાહેબ! જગતમાં ગમે તેટલા પાણી, પર્વત, રણ વગેરે હોય તેથી તમારે આટલી બધી શી ચિંતા? ગમે તેટલું જાડું શરીર હોય તોય તમારે ખાવા કેટલું જોઈએ!

ત્યારે ડોક્ટરે પેલાને કહ્યું, 'મિસ્ટર! એજ રીતે માણસ ગમે તેટલો દુઃખી હોય, વ્યવસાયી હોય તો ધર્મ માટે કલાક-અડધો કલાક, છેવટે પાંચજ મીનીટ કાઢવી હોય તો ન કાઢી શકાય? તમે ભલે ન કાઢી શકો પણ બીજા કાઢે એમા તમને શો વાંધો? આટલી અકળામણ કેમ? ધર્મગુરૂઓના ઉપદેશથી તો આ વિશ્વમાં સદાચાર ટકી રહ્યો છે. આખરે ધર્મ જ માનવનો તારણહાર છે

ભણ્યા પણ ગણ્યા નહીં...

અજ્ઞાનથી માણસનું ઘણું ઘણું બગડે છે. અજ્ઞાની માણસ જીવનમાં સાચો વિકાસ સાધી શકતો નથી એ હકીકત જેટલી સત્ય છે એથી અધિક સત્ય એ છે, કે 'ગણતર વગરના ભણતરથી, જ્ઞાનથી પારાવાર નુકશાન થાય છે.' ભણેલો ભૂલે ત્યારે ભીંત ભૂલે છે એવી કહેવત છે તે ખોટી નથી. પોપટીયું જ્ઞાન વસ્તુના મર્મ સુધી પહોંચી શકતું નથી. એ જ્ઞાનના નશામાં માણસ ન કરવાનું કરી બેસે છે. નીચેની કથા આ હકીકત સચોટ રીતે સમજાવી જાય છે.

એક બ્રાહ્મણપુત્ર નાની ઉંમરથી જ વિદ્યાભ્યાસ કરવા કાશી ગયો. બાર વર્ષ ત્યાં રહી અનેક વિષયોમાં પાંડિત્ય મેળવ્યું અને દેશ ભણી પાછો આવ્યો. પંડિતને એક બ્રાહ્મણે પોતાની એકની એક સ્વરૂપવંતી સુશીલ કન્યા પરણાવી

એક વાર પોતાની સ્ત્રીનું રૂપ-સૌંદર્ય જોઈ પંડિતજીને શાસ્ત્રવચન યાદ આવ્યું કે—રૂપવતી ભાર્યા શત્રુઃ રૂપવાન સ્ત્રી શત્રુ સમાન છે.... એ પછી શત્રો. હનનં શ્રેયઃ એ વાક્ય ધ્યાનમાં આવ્યું. ઓહો ! શાસ્ત્રની આજ્ઞા તો શત્રુને હણવામાં શ્રેય કહે છે. માટે આ સ્ત્રીને મારી નાંખવી જોઈએ.....

પણ થોડીવાર પછી જ સ્ત્રીહત્યા મહાપાપં આ શાસ્ત્રવાક્યે સ્ત્રીને મારી નાખવાના વિચારને બ્રેક મારી. પંડિતજી ભારે મુંઝવણમાં પડ્યા. એક બાજુ રૂપવાન સ્ત્રી શત્રુ ગણાય અને એને મારવામાં શાસ્ત્ર શ્રેય કહે છે ત્યારે બીજી બાજુ સ્ત્રીહત્યાનું મહાપાપ! હવે કરવું શું !

ઘણી ઘણી મુંઝવણને અંતે પંડિતજીને માર્ગ સુઝ્યો. એમને એક બીજું શાસ્ત્રવચન જડી આવ્યું. નાસાચ્છેદો રૂપનાશઃ સ્ત્રીને શત્રુ મીટાવવી હોય તો એના રૂપનો નાશ કરવો જોઈએ. નાક કાપી નાખવાથી રૂપનો નાશ થાય છે. બસ ! હવે નાક કાપી નાખું

એટલે પત્યું ! પંડિતજીએ હાથમાં રાજેશ ચપ્પુ લીધું. સ્ત્રીને પકડી નાક કાપવાની તૈયારી કરી. ચાકુ નાક આગળ આવ્યું ત્યાં તો સ્ત્રીએ મોટી રાડ પાડી. ઘરના માણસો અને પાડોશના લોકો ભેગા થયા. 'પંડિતજી ! કેમ નાક કાપો છો ?' લોકોએ પૂછ્યું. પંડિતજીએ શાસ્ત્રવચનના આધારે બધો ખુલાસો કર્યો.

"વાહ ! ભણતર ! વાહ પંડિતાઈ !" લોકો હસી પડયા. ખરેખર ! પંડિતજી ભણ્યા પણ ગણ્યા નહિ. એક વૃદ્ધ પુરૂષે પંડિતજીને અનુભવ જ્ઞાન આપ્યું—ભલા ભાઇ ! રૂપવતી સ્ત્રી તો જગતમાં રમ્ભા તરીકે વખણાય છે. પુરૂષ જો રૂપવતી સ્ત્રીનું યોગ્ય રીતે રક્ષણ ન કરે અને પરપુરૂષની નજરે ચઢી શીલભ્રષ્ટ થાય તો એ શત્રુરૂપ ગણાય.

સ્ત્રીને હંમેશાં ઘરકાર્યમાં ગુંથાયેલી રાખવી. એને પરિમિત ધન આપવું જેથી ઉન્મત્ત ન થાય. માતા વગેરે વૃદ્ધ સ્ત્રીઓના હાથ નીચે રાખવી. અયોગ્ય સ્વાતંત્ર્ય ન આપવું. કારણ કે એથી સ્ત્રી સ્વેચ્છાચારી બની જાય છે. વડીલોની સેવારૂપ સ્ત્રીધર્મનો નાશ તેમજ લજ્જાદિ ગુણોનો નાશ વગેરે અનિષ્ટ પરિણામે લાવે છે.

વૃદ્ધ પુરુષની વાત સાંભળી પંડિતજીએ હાથમાંથી ચપ્પુ મુક્યું. સ્ત્રીના [illegible] ભયમુક્ત બની. પંડિતજીએ જીવનમાં ભણતર તો ઘણું મેળવ્યું હતું પણ ગણતરનો આ પહેલો પાઠ શિખવા મળ્યો હશે. હે ભણતર ! ગણતરના સંસારમાં તારી કેવી કરુણ કહાણી !

ધર્મ જાગરિકા

કર્યા કરે તો ય ખોટું. મજુર વગેરે લોકો વહેલા ઉઠે તો એમને આ લોકના સુંદર ફળો મળે છે. ધર્મી આત્માઓ વહેલા ઉઠી નિત્યના પ્રાતઃકાલના ધર્મ કાર્યો કરે તો એમને પરલોક સંબંધી ઉત્તમ ફળો મળે છે. વહેલા ઉઠવાથી ઉભયલોકના કાર્યો સિદ્ધથાય છે. મોડા આયુષ્ય અને ઉઠનારને ઉભયલોકના કાર્યોને હાનિ પહોંચે છે તેમજ બુદ્ધિ બળ, ધન ખોઈ બેસે છે.

રાતભર આરામ કરીને ઉઠયા પછી આપણું મન કાચી માટીના કોરા વાસણ જેવું હોય છે. કાચી માટીના કોરા વાસણમા સર્વપ્રથમ જે વસ્તુ ભરો તેની વાસ તેમાં બેસી જાય. એજ રીતે બ્રાહ્મમુહૂર્તની નિરવ શાંતિમાં અને નિદ્રા પછીના સ્વસ્થ મનમાં શ્રી નવકાર સ્મરણનું મંગલ અને તાત્વિક આત્મવિચારણા ફેરીએ તો એની સુવાસ જામી જાય આખો દિવસ મંગલમય અને નિર્વિઘ્ન પસાર થાય. જીવનનો પ્રત્યેક દિવસ જો આવો બને તો સારૂ ય જીવન મંગલમય બને ! મૃત્યુ સમાધિમય અને મૃત્યુ પછીનો પરલોક પણ મંગલમય બની જાય !

બ્રાહ્મમુહૂર્તના અમૃત, સમગ્ર નવુ પુણ્ય, આત્મબળ, મનની પવિત્રતા વગેરે મેળવવાને બદલે નિદ્રામા પોઢયા રહીને પુણ્યક્ષય અને ધર્મ હાનિની પ્રવૃત્તિમાં એક સમજુ જૈન તો નજ પડે. છતાં આજે આપણે જોઈએ છીએ કે વિજ્ઞાનની આંધીમાં, ભોગ-વિલાસ અને મોજ-શોખમા અટવાઈ ગયેલાં આત્મશ્રદ્ધા ખોઈ બેઠેલા જૈનકુળના નબીરાઓ સૂર્ય ઉગે ત્યારે ઉઠે, ઉઠયા પછી પહેલા શું યાદ કરે ? છાપું આવ્યું ? કેટલા વાગ્યા ? મોડું થયુ લાગે છે ? ઠંડી બહુ પડે છે. ચહા થયો કે નહિ ?... ..નવકાર તો ભાગ્યેજ યાદ આવે ! પ્રત્યેક જૈનમાટે વીતરાગ ભગવંતે પ્રભાતનું અને ને પછી દિવસના એવા સુંદર મંગલકર્તવ્યો ફરમાવ્યા છે કે માનવ, મહામાનવ-પૂર્ણમાનવ બની જાય. ભગવાન હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા લખે છે કે નમુક્કાર રેણ વિબોહિઓ, શ્રાવક-જૈન નવકારના સ્મરણપૂર્વક જાગે ! ઉઠતા જ મનમાં નવકારને ભરે ! એ નિયમ મુજબ જાગ્યા પછી નાકના જે

નસકોરામંથી વાયુ-શ્વાસ વહેતો હોય તે તરફનો પગ નવકાર ગણતાં ગણતાં જમીન પર મૂકવો. પથારીમાંથી નીચે ઉતરી પૂર્વ કે ઉત્તર સન્મુખ બેસી એકાગ્ર ચિત્તે ૧૦૮ અને ઓછામાં ઓછા ૭-૮ વખત શ્રી નવકાર મહામંત્રનો મહામંગલકારી જાપ કરવો.

તબીયત વગેરેના કારણે પથારીમાં બેઠા બેઠા જો નવકારમંત્રનું સ્મરણ કરવું હોય તો **મનમાં સ્મરણ** કરવું. ચિત્તની એકાગ્રતા જાળવવા માટે ઉંચા સ્વરે જાપ કરવો હોય તો શયન ત્યાગ, શુદ્ધ વસ્ત્ર, પૂર્વાદિ દિશા વગેરે વિધિ સાચવવો.

શ્રી નવકાર મંત્રનો જાપ નંદ્યાવર્ત્ત-શંખાવર્ત-કમલ બંધ વગેરે પ્રકારોથી છે. નમસ્કાર મહામંત્રના જાપ પછી—

- હું કોણ? હું આ વિનાશી શરીરથી-જુદો-અનંતજ્ઞાનાદિ ગુણવાળો અવિનાશી આત્મા છું.
- મારી જાતિ કઈ? ઉત્તમ માતૃપક્ષમાં હું જન્મ્યો છું.
- મારું કૂલ કયું? હું ઉત્તમ પિતાના વંશમાં જૈન કુલમાં જન્મ્યો છું.
- મારા દેવ કોણ? મોક્ષમાર્ગ બતાવનાર, ધર્મતીર્થના સ્થાપક, વીતરાગ-અરિહંત, મારા દેવ છે.
- મારા ગુરૂ કોણ? શુદ્ધ પ્રરૂપક પંચમહાવ્રતધારી-નિર્ગ્રન્થ મુનિભગવંતો મારા ગુરૂ છે.
- મારો ધર્મ કયો? કેવલી ભગવંતે ભાખેલો, અહિંસા-સંયમ-તપ પ્રધાન મોક્ષદાયક મારો ધર્મ જૈનધર્મ છે.
- મારે કયા અભિગ્રહો-નિયમો છે?
- મેં કરવા યોગ્ય કયાં કાર્યો કર્યાં?
- મારે કરવા યોગ્ય કયાં કાર્યો બાકી છે?
- [illegible] પ્રમાદીપણાથી કયું હિતકાર્ય હું કરતો નથી?
- [illegible] કયા દોષને હું છોડતો નથી?
- [illegible] છે?
- [illegible] આત્મહિતનું કયું કર્તવ્ય છે?

—: ત્યારબાદ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર :—

દ્રવ્યથી—હું કોણ છું ? હું જૈન છું ? શ્રાવક છું ? સુસાધુઓ મારા ગુરૂ છે.

ક્ષેત્રથી—કયા દેશમાં-નગરમાં-ગામમાં-મારા પોતાના ઘરમાં છું કે બીજાનાં ઘરમાં ? મેડા ઉપર છું કે ભોંયતળીએ ?

કાળથી—અત્યારે દિવસ છે ? અથવા રાત્રિ કેટલી બાકી છે ?

ભાવથી—હું મનમાં-વચનના કે કાયાના કયા દુઃખથી પીડાયેલો છું ?

આ ધર્મ-જાગરિકા કરવાથી શું લાભો ? આત્મા જાગૃત બને અનેક દોષોનો ત્યાગ થાય, અનેક નવા સદ્દગુણોની પ્રાપ્તિ અને આગળ આગળના અહિંસાદિ ધર્મ સ્થાનોમા પ્રગતિ થાય, લીધેલા વ્રતોનુ પાલન થાય. શું આ લાભો જેવા તેવા છે ?

પ્રભુ મહાવીર દેવના-આણંદ-કામદેવાદિ મહાશ્રાવકોએ પણ નિત્ય આ રીતે ધર્મજાગરિકા કરી હતી અને પ્રમાદને તિલાજંલિ આપી હતી.

વધારવું મંગલ

પુર્વના અનેક ભવોથી મોહના દૃઢ સંસ્કારો લઈને આપણે આવ્યા છીયે. પરમાત્માની કૃપા વિના, એમના નામનો જાપ કે આજ્ઞાની આરાધના વિના એ સંસ્કારોને નાબૂદ કરવાનું સામર્થ્ય આપણામાં પ્રગટતું નથી. મનના મેલને ધોવા જપસ્નાન રોજ કરવું જોઈએ. બીજા લાખ પ્રયત્ને જે આંતરિક પરિસ્થિતિને આપણે નથી ફેરવી સુધારી શકતા તે જપયોગના બળથી, ધ્યાનપ્રક્રિયાથી ફેરવી શકીએ છીએ. અનેક વિઘ્નો વચ્ચે આપણે જીવન જીવી રહ્યા છીએ આવા સંજોગોમાં મંગલવધારવું કેટલું અનિવાર્ય છે એ સમજી શકાય છે. જાપ કરો નમસ્કાર મહામંત્રનો ! ધ્યાન કરો પંચપરમેષ્ઠિનું !



-: ગ્રંથમાળાના માનવંતા મેમ્બરોની નામાવલી :-

૧	શા અંબાલાલ અમૃતલાલ	બોરસદ	રૂ. ૧૦૧
૨	,, ભાઈલાલ અમૃતલાલ	,,	૧૦૧
૩	,, બાપુલાલ અમૃતલાલ	,,	૧૦૧
૪	,, ચંદ્રવદન સોમચંદભાઈ	,,	૧૦૧
૫	,, અમૃતલાલ બાપુલાલ	,,	૧૦૧
૬	,, મણીલાલ બાપુલાલ	,,	૧૦૧
૭	,, પોપટલાલ છોટાલાલ C/o મે. જયંતીલાલ પોપટલાલ	,,	૧૦૧
૮	,, માણેકલાલ ફીલાભાઈ	,,	૧૦૧
૯	શ્રી કપૂરામૃત સૂરીશ્વર જ્ઞાનમંદિર	,,	૧૦૧
૧૦	શા. બાપુલાલ મોતીલાલ	નડીયાદ	૧૦૧
૧૧	,, રમણલાલ ડાહ્યાભાઇ	,,	૧૦૧
૧૨	,, ચીમનલાલ ભીખાભાઇ	આણંદ	૧૦૧
૧૩	શ્રી આણંદ જૈનસંઘ	,,	૧૦૧
૧૪	,, દેહુરોડ જૈન સંઘ	દેહુરોડ	૧૦૧
૧૫	,, કોસીલાવ જૈનસંઘ પૂજ્ય મુ. શ્રીજિનપ્રભવિ. મ. ના ઉપદેશથી		૧૦૧
૧૬	,, ઉદયપુર ,, ,, ,,		૧૦૧
૧૮	શા રાયચંદ જસરાજજી	ધાણેરાવ	૧૦૧
૧૯	શ્રી ધર્મતીર્થ શાંતિ જૈન લાયબ્રેરી	ચાસુન્ડેરી	૧૦૧
૨૦	શા ટેકચંદ નથમલજી	નાણા	૧૦૧
૨૧	,, ચંદુલાલ નાગરદાસ	થરાદ	૧૫૧
૨૨	વીસાશ્રીમાળી દશાશ્રીમાળી જૈનસંઘ	માણસા	૧૦૧
૨૩	શા સોમચંદભાઈ ફુલચંદભાઇ	,,	૧૦૧
૨૪	,, ચીમનલાલ દોલતરામ	,,	૧૦૧
૨૫	,, હીરાચંદ કનૈયાલાલ	પુના ([illegible])	૧૦૧
૨૬	,, શંકરલાલ ભુમાજી	,,	૧૦૧
૨૭	નગીનભાઇ ભાઇચંદભાઇ	[illegible]	
૨૮	, [illegible]	બાલી (રાજસ્થાન)	૧૦૧
૨૯	, ચંદુલાલ [illegible] [illegible] મુંબઇ		૧૦૧

૩૦	શા	પુખરાજ શેષમલજી	રાણીગામ	૧૦૧
		પૂ.મુનિરાજ શ્રી નન્દિવર્ધન વિ. મ.ના ઉપદેશથી		
૩૧	,,	પુખરાજ હીરાચંદજી શંકા	સાદડી	૧૦૧
૩૨	અ	સૌ ભીખીબેન તારાચંદ બાપુચંદ શા.	નિપાણી	૧૦૧
૩૩	અ	સૌ. પુષ્પાવતી ચોપડલાલ પ્રેમચંદ શા.	કરાડ	૧૦૧
		શા. ગગલદાસ હાલચંદ ધરાદવાળા	અમદાવાદ	૫૧
		,, ચંદુલાલ ત્રિકમલાલ	અમદાવાદ	૨૫
		,, અમૃતલાલ ઝવેરાજ	સિહોર	૨૫
		,, હીંમતમલ જસરૂપજી	ખુડાલા	૨૫

* * *

ઝંખના

હે દેવ !

તારા લાડીલા ભક્તોને અનુભવ છે કે 'હૃદયસાગરમાં જ્યારે ભક્તિની ભરતો ચઢે છે ત્યારે અંગે અંગમા પ્રકંપ છૂટે છે, રોમ રોમમાં ઉલ્લાસની ઉર્મિ ઉઠે છે, પ્રાણુપંખેરા આનંદ શિખરે પર વિહરે છે. ભક્તિ, લાગણી, બુદ્ધિના-ગજથી માપી શકાતી નથી. તારી ભક્તિ મારા અને તારા વચ્ચેનો ભેદ ઉખાડી ભેદતી દેખાય છે. ચિત્તના ખેદને દૂર કરતી દેખાય છે.

હે નાથ ! અમારી ભક્તિએ આપને અમારા હૃદય સિંહાસન પર વિરાજમાન કર્યા છે.

હે દેવાધિદેવ ! હું પણ તારા પ્રત્યેની આવી જ કોઈ ભક્તિથી મારા દેવદુર્લભ માનવજીવનને સફળ કરવા ઝંખુ છું.

સહકારથી સિદ્ધિ

પરમ પૂજ્ય પરમારાધ્યપાદ સિદ્ધાંતમહોદધિ સંઘશિરતાજ સંયમત્યાગતપોમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજના અનન્યકૃપાપાત્ર અને પરમ પૂજ્ય પ્રભાવક પ્રવચનકાર વિદ્વાશિરોમણિ પંન્યાસપ્રવરશ્રી **ભાનુવિજયજી મહારાજાના** અનન્ય સુવિનીત શિષ્યરત્ન પ્રશમમૂર્તિ પૂ. પંન્યાસ પ્રવરશ્રી **પદ્મ વિજયજી ગણિવર્ય** પાર્થિવદેહે ભલે આજે આપણી વચ્ચે નથી પણ એમના ઉજ્જવલ યશોદેહની અસ્તિ 'યાવચંદ્રદિવાકરૌ' રહેશે.

એ મહાપુરૂષે તેજસ્વી સિતારા તરીકે જિનશાસનના ગગનાંગણમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેઓશ્રીના ઉજ્જવળ યશોદેહના પરકતત્વો 'પદ્મસુવાસ' પુસ્તકમાં અક્ષરદેહ પામ્યા છે. તે મહાપુરૂષના પુણ્ય નામની સ્મૃતિદ્વારા તેમનો ભવ્યાતિભવ્ય મોક્ષમાર્ગનો પુરૂષાર્થ પણ ભવ્યાત્માઓને આદર્શ આપતો રહે એ ઉદ્દેશથી તેઓશ્રીના સુશિષ્ય અને અમારા બોરસદ સંઘના ઉપકારી પૂ. મુનિરાજશ્રી **મિત્રાનંદ વિજયજી મહારાજની** શુભપ્રેરણાથી સં. ૨૦૨૦ના મહા વદ ૩ના મંગલ દિવસે નડીયાદ નિવાસી શા. બાપુલાલ મોતીલાલ વ. મ. ગુવાળા તરફથી શ્રી શાંતિનાથ જિનમંદિરમાં સિદ્ધચક્રયંત્રની પધરામણીના મંગલવાતાવરણ વચ્ચે **પૂ. પં. પદ્મ** વિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાની સ્થાપના થઈ એને

રૂ. ૫૧ દસવર્ષીય મેમ્બર ,, ગણાશે.
રૂ. ૨૫ પંચવર્ષીય મેમ્બર ,,
રૂ. ૧૧ દ્વિવર્ષીય મેમ્બર ,,
મેમ્બરોના નામ પ્રત્યેક પુસ્તકમાં છપાશે.

ગ્રંથમાળા તરફથી છપાતાં પુસ્તક દર વર્ષે મેમ્બરોને ભેટ મળશે. ટુંક સમયમાં અમોને સારો સહકાર મળ્યો છે. સંસ્થાના તે માનવંતા મેમ્બરોનો આ તકે આભાર. એજ રીતે આપ સૌ તરફથી સહકાર મળશે તો આ સંસ્થા કાલે વિરાટ રૂપ ધારણ કરશે. ગ્રન્થના કાર્યાલયો અમદાવાદ તથા બોરસદ બે સ્થળે છે જ્યાંને ઠેકાણેથી મોકલવાની પાકી પહોંચ મળશે. લિ

૧ શા. ચંપકલાલ ચતુરદાસ બોરસદ
૨ શા. અમૃતલાલ નાગરદાસ અમદાવાદ
૩ શા. રસિકલાલ રામચંદ ,,

પત્ર વ્યવહારનું સરનામું :

શા ચંપકલાલ ચતુરદાસ ઠે. કાશીપુરા મુ બોરસદ વાયા આણંદ
અમૃતલાલ નાગરદાસ ઠે. નગીનાપોળ, રતનપોળ, અમદાવાદ.

મધુબિંદુ

સાત્વિકતા જેમ વધે તેમ માણસ મહાન બને જીવનમાં ક્ષણિક આનંદોનો રસ છૂટે તેમ સાત્વિકતા વધે વિદ્વાનપુરુષની સુખ સગવડો માનવને ક્ષણિક આનંદના રસને જ પોષે છે એટલે સાત્વિકતા કેળવવી એ સામા પૂરે તરવા જેવુ-સામા પૂરે નાવ હંકારવા જેવું કપરું કાર્ય છે.

અલંકાર

પિતૃભિઃ તાડિતઃ પુત્રઃ ગુરુભિઃ શિક્ષિતઃ શિષ્યઃ ।
ઘનાહતં સુવર્ણં ચ જાયતે જનમંડનમ્ ॥

સુસંસ્કારના ઘડતર માટે પિતાનો માર ખાનાર પુત્ર, ગુરુની શિક્ષા અને ઠપકા ઝીલનાર શિષ્ય અને ઘણથી ટીપાયેલું સુવર્ણ (સોનું) લોકોમાં અલંકાર રૂપ બને છે

૧૨૪	૨૩	સમી	શમી
૧૨૬	૪	નિર્ગળ	નિર્મળ
૧૨૮	૨૬	મન	મત
૧૨૯	૧૫	ભૂદેવ	ભૂદેવ
૧૩૦	૫	મોડા આયુષ્ય અને ઉઠનારને	મોડા ઉઠનારને 'અને આયુષ્ય' ફરી લીટીમાં 'ઘ'
૧૩૯	૧૫	વધારનું મંગલ–મંગલ	
૧૩૯	૨૨	છીવી	છીયે
૧૪૧	૧	પુખરાજ	મીશ્રીમલ
૧૪૧	૮૫	ભક્તિ,	ભક્તિની
૧૪૨	૮	ચદ્ર	ચંદ્ર

:વિષય દર્શન:

પૂજ્ય પંન્યાસ પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા

મુ. બોરસદ - વાયા - આણંદ
સ્થાપના: સં. ૨૦૨૦ મહાવ. ૩ વીર સં. ૨૪૯૦
પ્રેરક: પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદવિજયજી મ.સા.
વ્યવસ્થાપકો: શા. ચંપકલાલ ચતુરદાસ
બોરસદ

શા. અમરતલાલ નાગરદાસ અમદાવાદ
શા. રસિકલાલ રામચંદભાઈ અમદાવાદ.

હવે પછી આ સાહિત્ય સંસ્થા તરફથી પ્રગટ થાય છે :-

દિવાદાંડી

સંપાદક :- પૂ. મુ. ચિદાનંદવિજયજીમહારાજ
પૂ. મુ. નિત્યાનંદવિજયજીમહારાજ

[illegible] પ્રકરણોમાં
[illegible]

પદ્મ સૌરભ



આત્માની ભૂખને સંતોષે
એવા રસસભર સાહિત્યનો થાળ.
આમાંનીવિવિધ વાનગીઓ વિવિધ રસોનો
સ્વાદ કરાવી અંતે શાંત-પ્રશાંત
રસેશ્વરની મસ્તી મનાવશે.



-: લેખક :-

પૂજ્ય મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મહારાજ